ISSN-0971-8400

# યોજના

## આયોજન અને વિકાસને સમર્પિત


વર્ષ : ૩૫ અંક : ૧ એપ્રિલ-૨૦૦૮ સળંગ અંક : ૬૮૮

Vol. XXXV No. I

મુખ્ય તંત્રી અનુરાગ મિશ્રા

ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા

તંત્રી ભરત દેવમણિ


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મનીઓર્ડરથી પણ મોકલી શકાશે. મોકલવાનું સરનામું :


**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)


## વિષય સૂચિ


| | | | |
|---|---|---|---|
| (૧) | ખાંડ ઉદ્યોગના આધુનિકરણની અનિવાર્યતા | - | ૨ |
| (૨) | ખાંડ ઉદ્યોગો પરનું સરકારી નિયંત્રણ | શરદ જોષી | ૬ |
| (૩) | ખાંડનું રાજકારણ અને અર્થશાસ્ત્ર | એસ. એલ. જૈન | ૧૦ |
| (૪) | ગરીબીને પુનઃવ્યાખ્યાયિત કરવાની દિશામાં ભારત | ડો. કલ્પના સતીજા | ૧૧ |
| (૫) | ભારતમાં આર્થિક વિકાસ | અશ્વિન પ્રજાપતી | ૧૬ |
| (૬) | ગ્રામ વિકાસમાં માહિતી સંચાર ટેકનોલોજી | ડો. સતિષ પટેલ | ૧૯ |
| (૭) | માહિતી અને પ્રસારણ મંત્રાલયની વિસ્તરતી ક્ષિતીજો | - | ૨૧ |
| (૮) | ગુજરાતમાં જળસંચય ઉત્સવ | ડો. લલીત ચૌહાણ | ૨૩ |
| (૯) | રાષ્ટ્રીય ગ્રામિણ આરોગ્ય અભિયાન | - | ૨૫ |
| (૧૦) | ખનિજ તેલની ભાવ સપાટીનો ખેલ | - | ૨૬ |
| (૧૧) | નિર્મળ ગ્રામ પુરસ્કાર | - | ૨૭ |
| (૧૨) | પ્રાકૃતિક નિકંદન સામે સૈન્યનો વિજય | એસ. ડી. શર્મા | ૨૮ |
| (૧૩) | બેવાહલ્લી : જનભાગીદારીનું મોડેલ | બી.કે.કીરણમાઇ | ૩૦ |
| (૧૪) | કચ્છની સજીવ ખેતી | દિલીપસિંહ ક્ષત્રિય | ૩૨ |
| (૧૫) | મહિલા સશક્તીકરણની દશા અને દિશા | પ્રા. અનિલકુમાર લકુમ | ૩૪ |
| (૧૬) | ઇશાન ભારતની ફિલ્મો | - | ૩૭ |
| (૧૭) | ગ્લોબલ વોર્મિંગ : એક નવી વ્યવસ્થા તરફ | - | ૩૮ |
| (૧૮) | વિદેશમાં વસતા ભારતીયો માટે લાભદાયક તક | - | ૩૯ |
| (૧૯) | લઘુ ઉદ્યોગોમાં રોજગારીની વિપુલ તક | - | ૪૦ |
| (૨૦) | દેશમાં રોજગારીની સ્થિતિ પર એક નજર | - | ૪૨ |
| (૨૧) | ગ્રાહક સુરક્ષા કાયદો - ભાવિ પારદર્શક | - | ૪૪ |
| (૨૨) | અર્થતંત્રના વિકાસમાં ટેલિકોમ ક્ષેત્રનો સિંહફાળો | - | ૪૭ |
| (૨૩) | વિશ્વમાં ડાયાબિટિઝથી પીડાતા ૧૫ કરોડ લોકો | - | ૪૯ |
| (૨૪) | તાર્કિક પશ્નોત્તરી | વૈભવી શાહ | ૫૦ |


## ટાઇટલ


- આવરણ ડિઝાઇન — ૧
- હોમ લાઇબ્રેરી સ્કીમ — ૨
- યોજના જાહેરાત — ૩
- પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો — ૪



**Website Address : www.publicationsdivision.nic.in**

**E-mail Address : (a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in**

# ખાંડ ઉદ્યોગના આધુનિકરણની અનિવાર્યતા

એન. સન્યાલ, આર.પી. ભાગરીયા, ડો. એસ.સી. રાય *

*સ્યુગર ડેવલપમેન્ટ ફંડને જન્મ આપવા માટે ઘડાયેલા સ્યુગર ડેવલપમેન્ટ ફંડ એક્ટ, ૧૯૮૨ હેઠળ કેન્દ્ર સરકાર આ કોષમાં ભંડોળ ઠાલવવા માટેના નિયમો ઘડે છે. તથા તેમાંથી આધુનિકરણ માટે જરૂરી મુડીરોકાણની માંગ સંતોષવા માટે ધિરાણ આપવાની વ્યવસ્થા ગોઠવે છે. સ્યુગર સેસ એક્ટ અન્વયે કેન્દ્ર સરકાર ભારતના કોઈપણ ખુણે બનતા ખાંડના જથ્થા ઊપર પ્રતિ ક્વિન્ટલ રૂા. ૧૪ જેવી નજીવ રકમ ઉપકર તરીકે ઊઘરાવે છે. આ કોષમાંથી તા ૩૧.૧૦.૨૦૦૭ સુધીમાં ખાંડ કારખાનાઓને કુલ રૂા. ૧૪૯૭.૯૩ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું હતું. આધુનિકરણના પ્રયત્નોને સંસ્થાગત સ્વરૂપ આપી ખાંડ કારખાનાઓને મદદ કરવા માટે ૧૯૯૩ થી કેન્દ્ર સરકાર સ્યુગર ટેકનોલોજી મિશન પણ ચલાવે છે.*

ભારતમાં ખેત પેદાશ આધારત ઊદ્યોગ પ્રવૃત્તિમાં શેરડીના પીલાણ વડે ખાંડ બનાવતા કારખાનાઓ જેવી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ સાથે ૫૫૦ લાખ ખેડૂતોની ભાગીદારી હોવાથી બીજા ક્રમે રહે છે. શેરડીના વાવેતરથી માંડી કારખાનામાં તેના પીલાણ સુધીના તમામ તબક્કે આ ઊદ્યોગ પુષ્કળ મજુરોને પ્રત્યક્ષ તથા પરોક્ષ રોજગારી પુરી પાડે છે. ૫૫૦ લાખ શેરડી પકવતા ખેડૂતોના ઉત્પાદન વડે ચાલતી ૬૦૭ સ્યુગર મિલોમાં ગ્રામીણ વસતિના ૭.૫ ટકા લોકોને આર્થિક લાભ મળે છે, તો ૫ લાખ કુશળ કામદારોને અહીં નોકરી મળે છે. ગ્રામીણ વિસ્તારમાં શરૂ થતું ખાંડનું કારખાનું આવક સર્જનની એવી સાંકળ અસર પેદા કરે છે જેમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી ઉપરાંત ટ્રાન્સપોર્ટ, સંદેશા વ્યવહાર, મશીનરી નિર્માતા વગેરેને લાભ થાય છે. મહારાષ્ટ્રમાં ખેડૂતોએ સહકારી ધોરણે શરૂ કરેલી સ્યુગર ફેકટરીઓ ત્યાં ગ્રામીણ પરિવર્તનની નિમિત બની ચૂકી છે. ખાંડ કારખાનાનો નફો શાળા, કોલેજ તથા હોસ્પટલો બાંધવા માટે ખર્ચાય તેવા સંખ્યાબંધ દાખલા મહારાષ્ટ્ર માં મોજૂદ છે.

"ખાંડ તો ખેતરમાં પાકે છે, કારખાનામાં તેને છુટી પાડવાની હોય છે." આવું તારણ ખાંડ ઊદ્યોગની ઓળખ આપવા અત્યંત પ્રચલીત છે. ખાંડ મુખ્યત્વે ત્રણ બાબતો ઊપર આધારિત છે. (૧) શેરડીમાં મીઠાસનું સર્જન કરતું સુક્રોઝ નામનું ઘટક દ્રવ્ય. (૨) શેરડીના પુરતા જથ્થાનો પીલાણ માટે બંદોબસ્ત તથા (૩) ખાંડ નિર્માણ માટે પ્લાન્ટ તથા મશીનરીની જોગવાઈ, ત્રણ પરિબળ વચ્ચે આદર્શ સમય સમન્વયનું નિયોજન થવું અનિવાર્ય છે.

શેરડીમાં રહેલું સુક્રોઝ દ્રવ્ય ખાંડ બનાવવા માટે એટલું મહત્વનું છે કે ખેતરમાંથી શેરડી વાઢી લીધા પછી જો ૨૪ કલાકમાં તેનું પીલાણ થાય નહીં તો સુક્રોઝમાંથી ઓપોઆપ ફ્રુકટ્રોઝ અને ગ્લુકોઝ બનવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. પરિણામે શેરડી વાઢવાનું સમય પત્રક ખાંડ કારખાને હાથ ધરાતા પીલાણ સાથે ગોઠવવું જરૂરી છે. ઊપરાંત સુક્રોઝ તત્વ વિપુલ માત્રમાં ઉપલબ્ધ હોય તેવી જાતની શેરડી ખુબ મીઠાસ ધરાવતી હોવાથી તેમાં જીવાત પડવાની શક્યતા ખુબ હોય છે. પરિણામે ખેડૂતો આવી જાતની શેરડીનું વાવેતર ખાસ પસંદ કરતા નથી, માટે ખાંડ કારખાનાની ફરજ બને છે ખેડૂતોનો સાચી સમજણ આપવાની, ખાંડ માટેના પ્લાન્ટ અને મશીનરી સંપુર્ણપણે આધુનિક તથા કાર્યક્ષમ હોય તો જ શેરડીમાંથી પુરેપુરૂ સુક્રોઝ ઘટક કાઢી શકે છે, નહિંતર કૂચામાં બગાડ થાય છે. બિયારણની પસંદગીથી માંડી ખાંડ કારખાનામાં પીલાણ સુધીના પ્રત્યેક તબક્કે સમન્વય સાધવો પડે છે. પીલાણ બાદ વધેલા શેરડીના કૂચામાં સુક્રોઝ ચાલ્યું જાય તેને રાષ્ટ્રીય ખોટ ગણવી પડે.

ભારતમાં ખાંડનું ઊત્પાદન કરતા ક્ષેત્રનો અભ્યાસ કરો તો જણાશે કે મોટાભાગના કારખાના ૨૫ વર્ષ જુના છે અને પ્લાન્ટનું કદ પણ ખુબ નાનું છે. ખાંડ

ઉદ્યોગનો અભ્યાસ કરવા રચાયેલી મહાજન સમિતિએ સરકારને પોતાની ભલામણો કરતી વખતે જણાવેલું કે અડધો અડધ ખાંડ કારખાના ૨૫ વર્ષથી જુની મશીનરી ધરાવે છે. અને ઉત્પાદન ક્ષમતા ઘણી ઓછી છે. અલબત્ત સ્યુગર ફેકટરીનું આદર્શ કદ ઠરાવવાની બાબત ઘણા બધા પરિબળો ઊપર આધાર રાખતી હોવા છતાં ૧૯૮૭ માં કેન્દ્ર સરકારે લઘુત્તમ ઉત્પાદન ક્ષમતા ૨૫૦૦ ટન શેરડીના પ્રતિદિન પીલાણની ઠરાવેલી હતી. ત્યાર બાદ ટેકનિકલ સમિતિએ ૨૫૦૦ ટન પીલાણ પ્રતિદિન રાખવા સાથે ૩૫૦૦ ટન સુધી વિસ્તરણની ક્ષમતા ધરાવતી સ્યુગર ફેકટરીની રૂપરેખા નક્કી કરી હતી. મોટા પ્લાન્ટમાં ઊપલબ્ધ ઊત્પાદન ક્ષમતામાં ખાંડનો ઉત્પાદન ખર્ચ નોંધપાત્ર સ્તરે ઓછો આવતો હોવા વિશે વિશ્વ બેંક દ્વારા અભ્યાસના આધારે સાબીત કરાયાનો હવાલો આપતા મહાજન સમિતિએ આ બાબતની નોંધ લીધી હતી. ખાંડના ઉત્પાદન ખર્ચને અસર કરતું અન્ય પરિબળ પરિવહન ખર્ચનું છે. શેરડીની વિશાળ વાવેતરની જોગવાઇ કર્યા વગર મોટો પ્લાન્ટ કેવી રીતે નાંખી શકાય ? છતાં કદના લાભની ગણતરી સાચી હોવાથી તેનો મહત્તમ અમલ કરવા પ્રયત્ન થવા ઘટે. ભારતમાં કાર્યરત ખાંડ કારખાનાનું કદ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

કોષ્ટકના આંકડા તપાસો તો ખ્યાલ આવશે કે ૨૫૦૦ ટીસીડી ના લુઘુત્તમ આદર્શ ઉત્પાદન ક્ષમતા કદ કરતા ઓછી ક્ષમતા ધરાવતા કારખાનાઓની સંખ્યા ૨૨૯ જેટલી છે. જ્યારે આદર્શ ઉત્પાદન ક્ષમતા ધરાવતી ફેકટરીઓ માંડ ૨૩.૩૯ ટકા છે. પરિણામે આધુનિકરણ તથા વિસ્તરણની પુરેપુરી ગુંજાયશ આ ક્ષેત્રમાં પડેલી છે. ખાંડની વિશ્વ બજારમાં ભારતના સ્પર્ધક રાષ્ટ્રો ગણાતા થાઈલેન્ડ તથા બ્રાઝીલમાં સરેરાશ સ્યુગર ફેકટરીનું કદ આપણા દેશ કરતા ખાસ્સુ મોટુ હોય છે. ખાંડ ઉદ્યોગ ખરેખર ટેકિનિકલ કાયાપલટનો કેસ બની ગયો છે.

| **ઉત્પાદનક્ષમતાનું કદ** | **સ્યુગરની મિલોની સંખ્યા** | **ઉત્પાદન ટકાવારી %** |
|---|---|---|
| ૧૨૦૦ ટીસીડી થી ઓછી | ૬૩ | ૧૦.૩૮ |
| ૧૨૦૦ ટીસીડી | ૮૭ | ૧૪.૩૩ |
| ૧૨૦૦ થી વધુ | | |
| ૨૫૦૦ થી ઓછા ટીસીડી | ૭૯ | ૧૩.૦૧ |
| ૨૫૦૦ ટીડીસી | ૨૩૬ | ૩૮.૮૯ |
| ૨૫૦૦ થી વધુ | | |
| ૫૦૦૦ થી ઓછા ટીસીડી | ૫૩ | ૮.૯૩ |
| ૫૦૦૦ થી વધુ | | |
| ૧૦૦૦૦ થી ઓછા ટીસીડી | ૫૦ | ૮.૨૪ |
| ૧૦૦૦૦ અને તેથી વધુ ટીસીડી | ૮ | ૧.૩૨ |
| **કુલ** | **૬૦૭** | |

TCD - Tonue Crushing Per Day પ્રતિદિન શેરડી પીલાણનું વજન ટનમાં
માહિતી સ્ત્રોતઃ ડાયરેક્ટર ઓફ સ્યુગર અન્ન તથા જાહેર વિતરણ વિભાગ

શેરડીમાંથી ખાંડ તૈયાર કરવાની પ્રક્રિયા મુખ્યત્વે ત્રણ તબક્કામાં વહેંચાયેલી છે. પિલાણ દ્વારા રસ કાઢવો, તેને શુધ્ધ કરવો અને ગરમી વડે બાષ્પિભવન પ્રક્રિયા હાથ ધરી ખાંડના ક્રિષ્ટલ મેળવવા. ૧૯૪૦ના દાયકામાં ખાંડ ઉત્પાદન માટે સ્ટીમ ટર્બાઇનનો ઊપયોગ કરવાની બાબત આધુનિક ગણાતી હતી. આજે વેરીયેબલ સ્પીટ ડ્રાઇવ, હાઇડ્રોલીક ડ્રાઇવ, લોટસ રોલ અને ટ્રેસ પ્લેટ વગેરે બાબતો ધરાવતો પ્લાન્ટ આધુનિક ગણાય છે. શેરડીના રસ નો પ્રવાહ સ્થિર કરવા માટે માઇક્રો પ્રોસેસર આધારિત મશીનરી, જ્યુસ હીટર, વેપર કમ્પ્રેશન વગેરેનો ઉપયોગ અનિવાર્ય છે. શેરડીના રસનું દ્રાવણ ઘટ્ટ હોય ત્યારે તેના શુધ્ધિકરણને સંભવ બનાવવા માટે ફોસ્ફેટ તથા એક્રીલામાઇડનો વપરાશ કરતી તાલોડુરા પ્રોસેસ આધુનિક કારખાનાઓમાં આવી ગઇ છે. કન્ટીન્યુઅસ પાન, ઓટોમેટીક પાન કંટ્રોલ, વર્ટિકલ ક્રીસ્યલાઇઝર તથા હાઇસ્પીડ કન્ટીન્યુએસ સેન્ટ્રીફ્યુગલ્સ વગેરેના ઉપયોગ કરી ખાંડ ઉત્પાદનમાં ઊર્જા બચત કરવાની સાથે ઊમદા ગુણવત્તા ધરાવતો માલ તૈયાર કરી શકાય છે.

ભારતીય ખાંડ ઊદ્યોગમાં શેરડીના પીલાણ બાદ વધતા કૂચામાથી પણ રસ કાઢતી ડિફ્યુઝર સિસ્ટમ વસાવી નથી. બગાસે તરીકે ઓળખાતા કૂચાનું પણ એક આર્થિક મૂલ્ય છે તે સમજવું રહ્યું.ખાંડ બનાવવા માટે શેરડીનો પુરેપુરો કસ કાઢી લે તેવી આધુનિક ઉત્પાદન વ્યવસ્થાનો અંગિકાર કરવાની ભારતમાં તાતી જરૂર

છે. આંધ્રપ્રદેશમાં આવેલી તાનુકુ સ્યુગર ફેક્ટરીમાં આ પધ્ધતિ સફળતા પુર્વક ચાલી રહી છે જેનું તમામ સ્યુગર પ્લાન્ટમાં અનુકરણ થવું ઘટે.

ખાંડના કારખાનાઓ આધુનિક બનાવવા માટે આટઆટલા પ્રયત્નો થયા હોવા છતાં આપણે ત્યાં શું ખુટે છે તેની યાદી તપાસવી જરૂરી છે. આધુનિકરણની ગુંજાયશ ધરાવતા ક્ષેત્રો અભ્યાસના આધારે નીચે પ્રમાણે તારવવામાં આવ્યા છે.

- ખેતરમાંથી કારખાને ઉતરતી શેરડી અનેક ખેડૂતો દ્વારા અલગ બિયારણ વડે ઉગેલો જથ્થો હોય છે. એટલે તેમાં મીઠાશનું દ્રવ્ય પણ અલગ અલગ માત્રમાં હોવું સ્વાભાવિક છે. સમાન પ્રકારનો કાચો માલ એક સાથે ઉત્પાદન પ્રક્રિયામાં નાંખવો પ્રત્યેક કારખાના માટે હિતાવત હોવાથી શેરડીના વિરાટ જથ્થાને અલગ તારવી પીલાણ માટે અલગ તારવવો પડે. આ સંભવ હોય તો ખાંડ કારખાનાઓમાં શેરડીનું આંતરિક બંધારણ કાચી પળમાં તપાસી કાઢે તેવા ઈન્ફ્રારેડ ઊપકરણો બેસાડવા જોઇએ.
- શેરડીના પીલાણ દ્વારા એકઠો થતો રસ મેમ્બ્રેન ટેકનોલોજી વડે ઘટ્ટ દ્રાવણમાં પરિણમે બાદ રિવર્સ ઓસ્મોમિસ પ્રક્રિયા વડે તેનું બાષ્પિભવન કરે તો ઇંધણની ખાસ્સી બચત થાય છે. સામે ખાંડની ગુણવત્તા ઉત્તમ બને છે. પ્લાન્ટમાં આ પધ્ધતિ બેસાડવી જોઇએ. આધુનિકરણ કોઇ લક્ષ્ય નથી, સતત ચાલતી પ્રક્રિયા છે. જેમાં કદી પૂર્ણવિરામ આવતું નથી. ખાંડ કારખાના ચલાવતા સંચાલકોએ સમગ્ર ઊદ્યોગના બૃહદ હિતમાં આ વાત સમજવી રહી.

ખાંડ સરી ઉદ્યોગને નડતા વિકાસ અવરોધો બાબતે જાગૃત રહેતી કેન્દ્ર સરકારે સ્યુગર ડેવલપમેન્ટ ફંડ એક્ટ, ૧૯૮૨ તથા સ્યુગર સેસ એક્ટ, ૧૯૮૨ જેવા કાયદા ઘડયા છે.

સ્યુગર ડેવલપમેન્ટ ફંડને જન્મ આપવા માટે ઘડાયેલા સ્યુગર ડેવલપમેન્ટ ફંડ એક્ટ, ૧૯૮૨ હેઠળ કેન્દ્ર સરકાર આ કોષમાં ભંડોળ ઠાલવવા માટેના નિયમો ઘડે છે. તથા તેમાંથી આધુનિકરણ માટે જરૂરી મુડીરોકાણની માંગ સંતોષવા માટે ધિરાણ આપવાની વ્યવસ્થા ગોઠવે છે. સ્યુગર રેસ એક્ટ અન્વયે કેન્દ્ર સરકાર ભારતના કોઇપણ ખુણે બનતા ખાંડના જથ્થા ઊપર પ્રતિ ક્વિન્ટલ રૂા.૧૪ જેવી નજીવી રકમ ઉપકર તરીકે ઊઘરાવે છે. આ કોષમાંથી તા ૩૧.૧૦.૨૦૦૭ સુધીમાં ખાંડ કારખાનાઓને કુલ રૂા. ૧૪૯૭.૯૩ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું હતું. આધુનિકરણના પ્રયત્નોને સંસ્થાગત સ્વરૂપ આપી ખાંડ કારખાનાઓને મદદ કરવા માટે ૧૯૯૩ થી કેન્દ્ર સરકાર સ્યુગર ટેકનોલોજી મિશન પણ ચલાવે છે. સહકારી ક્ષેત્રના કારખાનાઓ સરકારના આધુનિકરણના પ્રયત્નોને યોગ્ય પ્રતિભાવ આપવામાં નિષ્ફળ ગયા છે.પરિવર્તન પ્રત્યે પહેલ કરવાની ઇચ્છાશક્તિના અભાવે તેઓ હમેંશા મોટા કારખાના ચલાવવા જેટલી શેરડીનું વાવેતર આસપાસ થતું નહીં હોવા જેવા કારણો આગળ ધરતા રહે છે. મોટુ કારખાનું બનાવવા સામે સહકારી ફેકટરીઓના પ્રતિરોધ પાછળના સાચા કારણો જાણવા અલગ શોધતપાસ અભ્યાસ નિષ્પક્ષ ધોરણે હાથ ધરવાની જરૂર છે. શેરડીના જથ્થામાંથી ખાંડ પ્રાપ્તિની ટકાવારી ભારતમાં છેલ્લા ૧૫ વર્ષથી માંડ ૧૦.૩૦ ટકા રહેતી આવી છે. ખાંડ પ્રાપ્તિની ટકાવારીમાં મહારાષ્ટ્ર ૧૧.૫ ટકા સાથે પ્રથમ ક્રમ ભોગવે છે. તો ૯ ટકા સાથે બિહાર છેલ્લું રહેતું આવ્યું છે. મહારાષ્ટ્રમાં શેરડીની કાપણી અને કારખાને માલ ઉતારવાનું સમયપત્રમક યોગ્ય રીતે ગોઠવાયેલું રહે છે. જયારે ઉત્તરપ્રદેશ સહિત ઉત્તર ભારતના તમામ રાજ્યોમાં ખેડૂતોએ શેરડી વાઢી લીધા પછી કારખાને માલ ઊતારવા માટે એક દિવસથી વધારે સમય રાહ જોવી પડે છે.

ખાંડ ઉત્પાદનમાં કાર્યક્ષમતાના માપદંડ ઠરાવવાનો પ્રયત્ન ૧૯૭૪માં ભાર્ગવ પંચ દ્વારા થયેલો. પીલાણની આદર્શ પધ્ધતિના ઉપયોગ વડે ખાંડની ઘટની આદર્શ માત્રા ૨.૩ થી ૨.૭ ટકા ઠરાવી હતી.

(૧) બગાસે માં ઘટ - ૦.૯ થી ૧.૧
(૨) પ્રેસ મેટરમાં ઘટ - ૦.૧
(૩) મોલાસીસમાં ઘટ - ૧.૨ થી ૧.૪
(૪) અન્ય કારણોસર ઘટ - ૦.૧

-----------

**૨.૩ થી ૨.૭**

આમ છતા ૧૯૮૮માં ભારત સરકારે પીલાણ દરમ્યાન ખાંડ પ્રાપ્તિમાં થતું નુકશાન ૧૯૭૨ પહેલા શરૂ થયેલી ફેકટરી માટે ૨.૨ ટકા તથા ત્યારબાદ નંખાયેલા કારખાના માટે ૨ ટકા ઠરાવતા ટેકનિકલ માપદંડ જાહેર કર્યા હતા. મારા અભિપ્રાય પ્રમાણે ભારતમાં ખાંડ કારખાનાઓ આધુનિકરણ અપનાવે તો આવું નુકશાન ૨ ટકાથી પણ ઓછા સ્તરે લાવી શકાય તેમ છે.

શેરડી એવો પાક છે જે સુર્યઊર્જાનો મહત્તમ ઉપયોગ કરી દળદાર કદ પ્રાપ્તિ કરે છે, પરિણામે પીલાણ બાદ વિપુલ જથ્થો કૃષિ કચરામાંથી ૫૦૮૯ મેગાવોટ વીજળી પેદા કરવાની ક્ષમતા હોવા છતાં માત્ર ૮૪૭ મેગાવોટ વીજળી ઉત્પાદન

થઇ રહી છે. બિન પરંપરાગત ઊર્જાસ્ત્રોત મંત્રાલય દ્વારા ૨૦૨૧ સુધીમાં વીજ ઊત્પાદનમાં ઊમેરો કરવા માટે થઇ રહેલા આયોજનમાં અક્ષય ઉર્જાનો હિસ્સો ૧૦ ટકા રાખવા માટે આયોજન કરી રહ્યું છે, તેમાં શેરડીના કચરાનો ખાસ ઉપયોગ થઇ શકે તેમ છે. ખાંડ કારખાનું પોતાના વપરાશ જેટલી વીજળી પેદા કરી શકે તેવા કેટિટવ પાવર પ્લાન્ટ નાંખવા માટે અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા સ્યુગર ડેવલપમેન્ટ ફંડમાંથી વ્યાજના હળવા દરે ધિરાણ આપવામાં આવતું હતું. હવે સ્વવપરાશ ઉપરાંત બહાર વીજળી વેચી શકાય તેવા પ્લાન્ટ નાંખવા પણ ધિરાણ અપાય છે. મોલાસીસમાંથી ઇથોનોલનું ઉત્પાદન હાથ ધરવા માટે લોન અપાય છે. ખાંડ કારખાનાઓને પ્રોત્સાહન આપી રાજય સરકારોએ તેમની વીજળીનો જથ્થો ગ્રીડમાં ઠાલવવાની વ્યવસ્થા કરી આપવી જોઇએ. ખાંડ ઉત્પાદન પ્રક્રિયામાં જ કો-જનરેશન ધોરણે ઉત્પન્ન થતી વીજળીનું વેચાણ ખાંડ કારખાનાની નફાશક્તિને વધારશે અને સરવાળે ખેડૂતોને જ ફાયદો થશે. બગાસે આધારિત કો-જનરેશન માટે હાઇ પ્રેશર બોઇલરની જરૂર પડતી હોવાથી પ્રોજેક્ટ ખર્ચ ઊંચો જાય છે. માટે સરકારે ડેવલપમેન્ટ ફંડમાં અપાતા ધિરાણની ટકાવારી ૩૦ થી વધારી ૪૦ કરી છે.

ખાંડ કારખાનાઓની નફાશક્તિને હાલ શેરડીની ઊંચી કિંમત અસર કરી રહી છે. આપણા દેશમાં શેરડીનું વાવેતર અન્ય પાકના મુકાબલે ઓછું છે અને જે પ્રકારની શેરડી ઉગે છે તેમાંથી શર્કરા ઘટકની મૌજૂદગી ઘણી ઓછી હોય છે. ખાંડના વેચાણમાં ભારતનું પ્રમુખ રાષ્ટ્ર રહેલું બ્રાઝીલ આપણા કરતા અનેકગણી પ્રતિ હેક્ટર ઉત્પાદકતા ધરાવે છે. ખાંડના વિશ્વ વેપારમાં ભારતે અગ્રેસર બનવું હશે તો કૃષિ ઉત્પાદકતા ઉંચે લઇ જવાની સાથે તમામ કરવેરાના ભારણ દૂર કરવા રહ્યાં. નિકાસ બજારનો લાભ લેવા માટે સ્યુગર ફેકટરીઓ સજ્જ થાય તો આપોઆપ સમગ્ર ઊદ્યોગના વિકાસનો તખ્તો બનવા લાગે.

ખાંડ કારખાનાઓની ઉત્પાદનક્ષમતા ૨૫૦૦ ટી.સી.ડી થી વધારી ૫૦૦૦ ટી.સી.ડી કરવાનું આયોજન ગોઠવવા કરતા હવે આર્થિક ઊદારીકરણના યુગમાં ખાંડ ઉદ્યોગ તથા સરકાર સાથે મળીને વિરાટ એગ્રો-કોમ્પલેક્સ ઊભા કરવાનું વિચારવું જોઇએ. ખાંડની ભાવસપાટીમાં થતી વધઘટ હવે મલ્ટી કોમોડીટી એક્સચેન્જ શરૂ થયા બાદ વાયદા વેપારની આશ્રિત બની હોવાથી ખેડૂતોના હિતમાં એવા કૃષિ પ્રક્રિયા ઉદ્યોગ સંકુલ ઉભા કરી શકાય, જેથી ખાંડ ઉત્પાદનની નફા શક્તિ સમાંતર અને સમાન બનાવટોનું ઉત્પાદન હાથ ધરવાથી વધારી શકાય. ખાંડ અને વીજળી સાથોસાથ ઉત્પન્ન કરતા વિરાટ કારખાના સ્થાપવા માટે યુવાન ખેડૂતોએ ઊદ્યોગ સાહિસક બનવા કમર કસવી પડશે. ખાંડની મીઠાશનો સ્વાદ નફામાં પણ ચાખવા મળે તો આ ઊદ્યોગનો સૂવર્ણ યુગ શરૂ થતા વાર નહીં લાગે.

(લેખકોના વિચારો તેમના પોતાના છે અને કેન્દ્ર સરકારના દ્રષ્ટિકોણને પ્રતિબિંબીત કરે છે તે જરૂરી નથી.)

*- **શ્રી એન.સન્યાલ**, સંયુક્ત સચિવ (ખાંડ),
- **શ્રી આર. પી. ભાગરીયા**, ચીફ ડાયરેક્ટર (ખાંડ)
- **ડૉ. એસ.સી. રાય**, ડિરેક્ટર (સ્યુગર ટેકનીકલ)
અન્ન તથા જાહેર વિતરણ વિભાગ

*(અનુસંધાન પાનાનં ૧૮ થી શરૂ )*

આજે પણ ગરીબી રેખા નીચે જીવે છે. પ્રતિવર્ષે હજારો ખેડૂતો ભારે દેવાના બોજાને કારણે આત્મહત્યા કરે છે. આરોગ્યની બાબતમાં ભારત, બાંગ્લાદેશ અને આફ્રિકન દેશો કરતા આગળ છે. ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું પ્રમાણ ભારતમાં ૪૬% છે. જે સબ સહારન આફ્રિકન દેશોમાં ૩૦% છે અને ચીનમાં ૮% છે તો શું આ ભારતનો આર્થિક વિકાસ કહેવાય ?

**સમીક્ષા**

આજે ભારતીય અર્થતંત્ર બે ચિત્રમાં વિભાજીત જોવા મળે છે. એક બાજુ ભારતમાં સેન્સેક્સે ૧૯૫૦૦ ની સપાટી પણ વટાવી ભારતીય ઇતિહાસના પાયા હચમચાવી નાખ્યા છે. મેટ્રો ટ્રેનો, ફાઇવસ્ટાર હોટલો, મોંઘી વિદેશી બ્રાન્ડની કારો, ચારલાઇનના હાઇવે, એફ.ડી.આઇ નો પ્રવાહ તો બીજી બાજુ ગરીબી, બેકારી, પીવાના શુધ્ધ પાણીની અછત, કુપોષણ, ખેડૂતોની આત્મહત્યાઓ, ગ્રામ્ય વિસ્તારના ખંડિત અને જર્જરિત મકાનો જોવા મળે છે. આ સમસ્યા માટે જવાબદાર માત્ર અને માત્ર એકજ કારણ ભારતના ઉંચા આર્થિક વિકાસના ફળના અસમાન ભાગલા છે. ભારત ગમે તેટલો ઉંચો જી.ડી.પી. દર હાંસલ કરશે કે આર્થિક વિકાસદર મેળવશે પરંતુ તેમાં ગરીબ લોકોને ભાગીદાર નહિ બનાવાય તો ઇન્ડિયા વીઝન ૨૦૨૦નું લક્ષ્ય માત્ર દિવાસ્વપ્ન બની રહેશે આથી જ કહી શકાય કે "રાજા ધનિક હોવાથી રાજ્ય સમૃિધ્ધ નથી બનતું પરંતુ પ્રજાના ધને રાજ્ય સમૃધ્ધ બને છે."

● ● ●

# ખાંડના ઉદ્યોગો પરનું સરકારી નિયંત્રણ

શરદ જોષી

*ભારત સરકારની નીતિ સ્પષ્ટપણે રાજકીય ગણતરીથી પ્રભાવીત થતી જોવા મળે છે. જ્યાં શેરડીની કિંમત, કાયદેસર લઘુત્તમ કિંમત કરતા સામાન્ય રીતે ઓછી હોય છે એવા સ્થળે સત્તાધારી પક્ષ ખાંડ ઉદ્યોગમાં સહકારી ક્ષેત્ર ઉપર પ્રભુત્વ રાખવાનો પ્રયાસ કરે છે. જ્યારે ઉત્તરના રાજ્યોમાં સહકારી ચળવળનો અભાવ છે. ત્યાં સત્તાધારી પક્ષોએ ખાંડની મીલો ઉપર સીધુજ પ્રભુત્વ મેળવી રાજ્ય નિયંત્રીત દર (એસ એ પી) ની સંકલ્પના રજૂ કરી છે. આ રાજ્ય નિયંત્રીત દર એ કાયદેસર લઘુત્તમ ભાવથી ઘણો વધારે હોય છે અને તે રાજ્ય સરકારના બજેટ થકી ચૂકવવામાં આવે છે.*

*શેરડી ઉત્પાદકોને વાજબી દામ મેળવી આપવાની સરખામણીએ સરકાર ગ્રાહકોને સ્થિર ભાવે ખાંડ આપવા વધુ ઉત્સુક હોય છે.*

કપાસ અને શેરડી આ બે મુખ્ય કૃષિ ઉત્પાદનો ઘણાં મોટા ઉદ્યોગોને કાચોમાલ પૂરો પાડે છે. ટેક્ષટાઇલ ઉદ્યોગમાં ગ્રાહકોની પસંદગી અને ગુણવત્તા આ બે વસ્તુઓ મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે બીજી બાજૂએ ભારતમાં ખાંડની ખૂબજ મર્યાદીત અને ચોક્કસ ગુણવત્તાવાળી જાતો ઉપલબ્ધ થતી હોય છે. આથી આ બજારમાં ગ્રાહકોમાં તેની ખરીદીને પ્રોત્સાહન આપવાના મુદ્દે અને માર્કેટ સંશોધન ક્ષેત્રે ખૂબજ ઓછી તકો હોય છે. આથીજ ગીનીંગ અને સ્પીનીંગના બે ક્ષેત્રો બાદ કરતા કાપડ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ સામાન્ય રીતે નિષ્ફળ ગઈ છે. માટે ખાંડ ઉદ્યોગ એ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, મૂડીવાદીઓ અને રાજકરણીઓ માટે પસંદગીનું ક્ષેત્ર બની રહ્યું છે. અને આજ કારણસર ખાંડ ઉદ્યોગનું ખુબજ સુક્ષ્મરીતે નિયમન અને નિયંત્રણ સરકાર દ્વારા કરવામાં આવે છે.

ભારતને ખાંડ અને શેરડીને મુખ્ય ઉત્પાદક દેશ તરીકે માનવામાં આવે છે. ખાંડ બનાવવાની ટેકનીક ભારતીયો છેક ચોથી સદીથી જાણે છે. જોકે ખાંડ ક્ષેત્રે ભારતના આધુનિક યુગનો પ્રારંભ ઉત્તર પ્રદેશ અને બિહારમાં ૧૯૩૦ના દસકાના મધ્યભાગમાં કેટલાક એકમોની સ્થાપના સાથે થયો.

લગભગ ૧૯૫૦ સુધી ખાંડ ઉદ્યોગ આ બન્ને રાજ્યો પૂરતો સિમીત રહ્યો હતો. ૧૯૫૦ના દસકાના અંતભાગમાં અને ૧૯૬૦ની શરૂઆતના સમયગાળામાં આ ઉદ્યોગ દક્ષિણ, પશ્ચિમ સહિત ઉત્તર ભારતના બીજા કેટલાક વિસ્તારોમાં ફેલાયો હતો. ભારત વિશ્વમાં બીજા ક્રમાંકનો ખાંડ ઉત્પાદક અને સૌથી મોટો ખાંડનો ગ્રાહક અથવા વપરાશકાર દેશ છે.

શેરડીનું વાવેતર, તેનું જતન અને સંલગ્ન અન્ય કાર્યોમાં ૫ કરોડથી વધુ ખેડૂતો અને તેમના આશ્રિતો તેમજ કૃષિ શ્રમિકો જોડાયેલા છે.

પરવાનો - મંજૂરી - જથ્થો- ઇન્સપેક્ટર રાજનો સમય તરીકે ઓળખાતા ૧૯૯૧ પહેલાના સમયગાળામાં પણ સૂક્ષ્મરીતે નિયંત્રીત ખાંડ ઉદ્યોગની જેવો બીજો કોઇ ઉદ્યોગ ભારતમાં ન હતો. પંચવર્ષીય યોજનાની શરૂઆતના સમયથી એટલેકે ૧૯૫૦-૫૧ દરમ્યાન ખાંડ ઉદ્યોગ અંશતઃ નિયંત્રણ સાથે કામ કરી રહ્યો હતો. ત્યારબાદ ૧૯૫૨ થી ૫૩ અને ૧૯૫૭-૫૮ ના છ વર્ષના સમયગાળામાં ખાંડ ઉદ્યોગ નિયંત્રીત નહોતો. (ડીકંટ્રોલ રેજીમ) અન્નમંત્રી શ્રી રફી એહમદ કીડવાઇના વ્યવહારૂ નેતૃત્વ હેઠળ આ નીતિ સ્વીકારાઇ હતી. જોકે, શ્રી કિડવાઇ ૫૬ ૫૨ ન રહેતાં બિન-નિયંત્રણની તેમની નીતિઓના કેટલાક વર્ષો પછી ૧૯૭૦ના બે નાના બિન-નિયંત્રણના સમયગાળાને બાદ કરતા, સરકારે ૧૯૬૭-૬૮થી અંશતઃ નિયંત્રનની નીતિ અપનાવી હતી, જે મુખ્ય વિચારધારા બની રહી. આ નીતિમાં સરકાર જાતેજ નિર્ધારીત કરેલા ટેકાના ભાવથી શેરડીનો

(લેખક શેતકરી સંગઠનના સ્થાપક અને સંસદ સભ્ય (રાજ્યસભા ) છે.)

કેટલોક હિસ્સો ખેડૂતો પાસેથી ખરીદે છે. અને જાહેર વિતરણ પધ્ધતી પી.ડી.એસ વ્યવસ્થા થકી તેનું વેચાણ કરે છે. જ્યારે બાકીની ખાંડનો જથ્થો માસિક ધોરણે છૂટા કરાતા જથ્થાના આધારે ખાંડ મીલો મુક્ત બજારમાં સીધુ વેચાણ કરી શકે છે.

ખાંડ મીલો માટે લેવીની ખાંડનો જથ્થો સૌથી વધુ ૭૦% વર્ષ ૧૯૬૮-૬૯ માં હતો તેમાં નિયંત્રણ મુક્તિમાં ક્રમશઃ વધારો કરીને તે હવે ૧૦% સુધી લાવવામાં આવ્યો છે.

વર્ષ ૧૯૩૦-૩૧ માં દેશમાં ખાંડમીલોની સંખ્યા ૪૧૨ હતી, વર્ષ ૧૯૯૬-૯૭માં ૪૧૨ થી વધારે થઇ અને ત્યારબાદ વર્ષ ૨૦૦૭-૦૮ માં વધીને ૪૭૫ થઈ હતી. ૯૫ જેટલી ફેકટરીઓ હવે કાર્યરત નથી.

ખાંડ ઉદ્યોગ ઉપરનું સરકારનું નિયંત્રણ સર્વાગ્રાહી અને અવરોધક છે. ખાંડની મીલ ક્યારે અને કયા સ્થળે શરૂ કરવી તેનો નિર્ણય કેન્દ્ર સરકાર કરે છે. એવીજ રીતે ખાંડની મીલમાં કઇ ટેકનોલોજીનો ઉપયોગ થશે, ખાંડના પેકીંગ માટે કયું મટિરીયલ ઉપયોગમાં લેવાશે, આ થેલાની ખરીદી કઇ કિંમતે કરી શકાય, ખાંડની મીલમાં કામ કરતા શ્રમિકોનો પગાર, માલ પરિવહન અને વાવેતરના ખર્ચની રકમ વગેરે બાબતોનો નિર્ણય પણ સરકાર કરે છે. આ ઉપરાંત, ખાંડના ઉત્પાદનનું પ્રમાણ, ખાંડની મીલ લેવીની ખાંડ કેટલા પ્રમાણમાં આપશે, જાહેર વિતરણ પધ્ધતી થકી વેચાણ ખાંડની કિંમત (કાયદેસર લઘુત્તમ ભાવ) ઉત્પાદકોને કેટલો આપવો, મુક્ત જથ્થાની ખાંડનું પ્રમાણ, વગેરે મહત્વની બાબતોનો નિર્ણય પણ સરકારજ કરે છે. ટૂંકમાં, સરકારની દરમીયાનગીરી વગર ખાંડની મીલ ચાહે ખાનગી હોય કે સરકારી તેનું વ્યવસ્થાપન લઈ શકે તેવો ભાગ્યેજ કોઇ નિર્ણય હોય છે.

સહકારી ક્ષેત્રની ખાંડની મીલ ઉપર સરકારી નિયંત્રણ વધુ હોય છે.તેમના ધિરાણ અને વિસ્તૃતીકરણ યોજના સહ-ઉત્પાદનોના પ્રવેશની યોજનાનો નિર્ણય પણ સરકારજ કરે છે. જ્યારે વિશ્વમાં ખાંડના ઉત્પાદક દેશોમાં આ પરિસ્થિતી કરતાં જુદીજ પરિસ્થીતી જોવા મળે છે. અહીં ખાંડ એ બાયોપ્રોડક્ટ છે. અને તેના આનુંષાંગીક ઉત્પાદનો મુખ્ય આવક રળનાર ગણાય છે. સરકારના નિયમો એ રાજકીય ગણતરી અને શહેરી વિસ્તારોના ગ્રાહકોના હિતોના આધારે પ્રભાવિત થતા હોય છે. દાખલા તરીકે, સહકારી મંડળીઓના સભ્યો દ્વારા કરાતા શેરડીના પુરવઠાને ખરીદ-વેચાણની પ્રક્રીયા ગણવામાં આવે છે. તેના કારણે ખરીદીવેરો લાગૂ પડે છે. રાજકીય ગણતરીના આધારેજ ખાંડમીલોના પરવાના અપાતા હોય છે. ઉત્તર ભારતના રાજ્યોની તરફેણમાં લેવીના ખાંડની કિંમતો નક્કી થાય છે.

ખાંડના ઉદ્યોગ પરના આ નિયંત્રણોના કારણે ખાંડ ઉદ્યોગને લાભ કરતાં નુકશાન વધુ થયું છે. આવશ્યક ચીજવસ્તુ ધારો ૧૯૫૫ લાગૂ કરાયા બાદ આ ધારાની જોગવાઇ હેઠળ ખાંડ હંમેશા જુદા-જુદા પ્રકારના નિયંત્રણમાં રહેતી આવી છે. જેમકે ખાંડ નિયંત્રણ આદેશ ૧૯૬૬, શેરડી નિયંત્રણ આદેશ-૧૯૬૬, લેવી ખાંડ આદેશ-૧૯૭૯, ખાંડ પેકીંગ અને માર્કેટીંગ આદેશ-૧૯૭૭, ખાંડ વેરા ધારો ૧૯૮૨ વગેરે. જો આ નિયંત્રણનો કોઇ યોગ્ય ઉદ્દેશ હોય તો આ નિયંત્રણ તેના ઉદ્દેશને પરિપૂર્ણ કરી શકયા નથી.

હમણા અમલમાં હમણાં નહીં આ પ્રકારની ખાંડની નિકાસનીતિના કારણે સ્થિર અને વિશ્વસનીય નિકાસ બજારના વિકાસમાં અવરોધ ઊભો થયો હતો.

વર્ષ ૧૯૭૧ થી ૨૦૦૭ સુધીના સમયગાળામાં શેરડીનો કાયદેસર લઘુત્તમ કિંમતમાં ૨૬ વખત સુધારો કરાયો હતો. અને પાયાની ટકાવારી વર્ષ ૧૯૭૨-૭૩ માં, ૮.૫% થી ૯.૪ % કરવામાં આવી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૦૫-૦૬માં તેમાં સુધારો કરી તે ૯% કરાઇ હતી. વર્ષ ૧૯૭૨થી અત્યાર સુધીમાં ૧૦ તબક્કામાં લેવીની ટકાવારી ૭૦% થી ૧૦ % કરવામાં આવી. સરકારે ખાંડ ઉદ્યોગ ક્ષેત્રે સંપૂર્ણ નિયંત્રણથી સ્વેચ્છાથી નહી એ રીતે આંશિક નિયંત્રણ અને ફરી નિયંત્રણ એ રીતે લગભગ નવ વખત ખાંડ ઉદ્યોગ ક્ષેત્રે નિયંત્રણની નીતિમાં ફેરફાર કર્યા હતા.

ખાનગી ક્ષેત્રની ખાંડમીલો સામાન્ય રીતે લેવી ખાંડની પ્રથાને નાબૂદ કરવાની તરફેણ કરતી હતી, તો સહકારી ક્ષેત્રે એ વિચારધારામાં પ્રભુત્વ ધરાવતા લોકો આ પ્રથાની તરફેણ કરતા હતા.

અન્ય કૃષિ પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવો (એમ.એસ.પી)ની જે સંકલ્પના છે, તેનાથી ખાંડના કાયદેસરના લઘુત્તમ ભાવ (એસ.એમ.પી) અને લેવીની કિંમત આ જુદીજ સંકલ્પના ઉપર આધાર રાખે છે. લઘુત્તમ ટેકાનો ભાવ એ વાવેતરની કિંમત અને અર્થતંત્રને લગતી કેટલીક સામાજિક-આર્થિક બાબતો ઉપર આધાર રાખે છે. જ્યારે ખાંડ ક્ષેત્રે શેરડી/ખાંડ લેવી વગેરે માટેનો કાયદેસર લઘુત્તમ ભાવ એ જુદા - જુદા રાજ્યોમાં શેરડીનું

થતું જુદું-જુદું ઉત્પાદન અને ખાંડ મેળવવાનું પ્રમાણ ધ્યાનમાં લઈને આ બધા રાજ્યોમાં દરેક એકરે શેરડી માટે થતી આવકમાં સમાનતા લાવવાની નીતિના ભાગરૂપે નક્કી થતો હોય છે. આના પરિણામ સ્વરૂપે ઉત્તર ભારતના રાજ્યોમાં શેરડીનું ઉત્પાદન ઓછું છે, ત્યાં લેવીની કિંમત ઊંચી છે, તેની સરખામણીએ દક્ષિણના રાજ્યોમાં શેરડીના ઉત્પાદનનું અને ખાંડની ગુણવત્તાનું પ્રમાણ સારૂ હોવા છતાં અહીં લેવીનો ભાવ ઓછો છે. ખાંડ મેળવવાનું પ્રમાણ દક્ષિણના રાજ્યોમાં ૧૦% થી વધુ જ્યારે ઉત્તરના રાજ્યોમાં તે ૧૦% થી ઓછું હોય છે. વર્ષ ૨૦૦૫-૦૬માં પશ્ચિમ બંગાળમાં પીલાણનો સમય ઓછામાં ઓછો ૬૩ દિવસનો હતો, જ્યારે દક્ષિણ ગુજરાતમાં તે ૧૬૦ દિવસનો હતો. આજ સમયગાળામાં હેક્ટર દીઠ શેરડીનું ઉત્પાદન બિહારમાં ૪૨.૬ ટન હતું તો રાજસ્થાનમાં ૧૧૦ ટન હતું. વર્ષ ૨૦૦૨-૦૩ માં ગુજરાતમાં લેવીની કિંમત રૂપિયા ૧૨૦૮ પી.એમ.ટી હતી જ્યારે ઉત્તરપ્રદેશમાં તે રૂપિયા ૧૩૨૭ પી.એમ.ટી હતી. વર્ષ ૨૦૦૫-૦૬માં તે ગુજરાતમાં રૂપિયા ૧૨૨૨ હતી. જ્યારે ઉત્તર બિહારમાં તે રૂપિયા ૧૪૦૯ હતી.

આમ, ભારત સરકારની નીતિ સ્પષ્ટપણે રાજકીય ગણતરીથી પ્રભાવીત થતી જોવા મળે છે. જ્યાં શેરડીની કિંમત, કાયદેસર લઘુત્તમ કિંમત કરતા સામાન્ય રીતે ઓછી હોય છે એવા સ્થળે સત્તાધારી પક્ષ ખાંડ ઉદ્યોગમાં સહકારી ક્ષેત્ર ઉપર પ્રભુત્વ રાખવાનો પ્રયાસ કરે છે. જ્યારે ઉત્તરના રાજ્યોમાં સહકારી ચળવળનો અભાવ છે. ત્યાં સત્તાધારી પક્ષોએ ખાંડની મીલો ઉપર સીધુજ પ્રભુત્વ મેળવી રાજ્ય નિયંત્રીત દર (એસ એ પી) ની સંકલ્પના રજૂ કરી છે. આ રાજ્ય નિયંત્રીત દર એ કાયદેસર લઘુત્તમ ભાવથી ઘણો વધારે હોય છે અને તે રાજ્ય સરકારના બજેટ થકી ચૂકવવામાં આવે છે.

શેરડી ઉત્પાદકોને વાજબી દામ મેળવી આપવાની સરખામણીએ સરકાર ગ્રાહકોને સ્થિર ભાવે ખાંડ આપવા વધુ ઉત્સુક હોય છે.

ખાંડ અને શેરડીના ભાવો વચ્ચેનો ખેંચ દક્ષિણના રાજ્યો, વિશેષતઃ સહકારી ક્ષેત્રે કાયદેસર લઘુત્તમ કિંમત કરતા પણ ઓછી કિંમતના સ્વરૂપે દેખાઇ આવે છે. જ્યારે ઉત્તરના રાજ્યોમાં ખેડૂતોને આપવાપાત્ર રકમની બાકી રકમના સ્વરૂપે તે દેખાય છે.

શેરડી ઉત્પાદકોને મળતી આવકને ત્રણ દ્રષ્ટિકોણથી જોવી જોઇએ. કોઇપણ સંજોગોમાં ખેડૂતોને તેની ઉત્પાદનની કિંમત મળી જાય તેવી અપેક્ષા હોય છે અને આ રકમ તેને મળવી જોઇએ. કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાતી કાયદેસરની લઘુત્તમ કિંમત એ જુદા જુદા રાજ્યોની કૃષિ દર સમિતી દ્વારા નક્કી કરાવી ઉત્પાદન કિંમત કરતાં ઓછી હોય છે. શેરડીના ઉત્પાદનની કિંમતની ગણતરી નોડલ ફોર્મની રીતે કરવી આવશ્યક છે. કેન્દ્ર સરકાર દ્વારા સરેરાશની અપનાવાતી પધ્ધતી દ્વારા નિર્ધારીત થતી રકમ ઘણીવાર ગણતરીની હાસ્યસ્પદ સ્થિતી ઊભી કરતી હોય છે. અહી કોઠા નંબર એકમાં દક્ષિણ મહારાષ્ટ્રમાં શેરડીના ઉત્પાદનના અને વાવેતરની કિમંતની વિગતવાર જાણકારી આપી છે.

**કોઠો નંબર એક**

**એકરદીઠ શેરડીના વાવેતરની કિંમત**

**(૨૦૦૬-૦૭)**

| ક્ર | ચીજવસ્તુ/ વિગતો | કિંમત |
|---|---|---|
| ૧ | કેજ્યુઅલ લેબર | ૫,૭૭૫.૦૦ |
| ૨ | કાયમી શ્રમિકો | ૫,૦૦૦.૦૦ |
| ૩ | ઘરકામના શ્રમિકો | ૮,૭૨૭.૦૦ |
| ૪ | બળદના શ્રમનો દર | ૧,૦૦૦.૦૦ |
| ૫ | યાંત્રીક કાર્ય ખર્ચ | ૩,૬૦૦.૦૦ |
| ૬ | બિયારણ | ૩,૯૬૦.૦૦ |
| ૭ | રાસાયણિક ખાતર | ૫,૪૦૭.૦૦ |
| ૮ | છાણીયું ખાતર | ૨.૦૦૦.૦૦ |
| ૯ | કીટનાશકો | ૧,૨૨૦.૦૦ |
| ૧૦ | સિંચાઇનો દર | ૪,૩૫૦.૦૦ |
| ૧૧ | વર્તમાન મૂડી પરનું વ્યાજ | - |
| ૧૨ | જમીનનું ભાડું | ૧૫,૦૦૦.૦૦ |
| ૧૩ | શૈક્ષણિક વેરો | ૧૧૦.૦૦ |
| ૧૪ | હળ વગેરેનો ઘસારો | ૨૫૨.૦૦ |
| ૧૫ | ફિક્સ મૂડી પરનું વ્યાજ | ૫,૬૪૦.૦૦ |
| | એકરદીઠ વાવેતરની કિંમત | ૬૨,૦૪૨.૦૦ |
| ૧૬ | એકરદીઠ ઉત્પાદન | ૩૫ ટન |
| ૧૭ | ઉત્પાદનની કિંમત | ૧,૭૨૨.૬૨/ ટન |
| ૧૮ | પાક અને પરિવહનની કિંમત | ૨૦૦/ટન |
| ૧૯ | નફો ૧૦% | ૧૭૭.૦૦ |
| ૨૦ | અપેક્ષિત દર | ૨,૧૪૯.૬૨/ ટન |

બીજું, દરેક ખાંડ મીલો દ્વારા ખાંડ મેળવવાના પ્રમાણમાં વિવિધ કાયદેસર લઘુત્તમ કિમંત કેટલી ચૂકવવાપાત્ર થાય છે, તે પણ જોવું ઉપયોગી નીવડશે. મહારાષ્ટ્રમાં અને તેના જેવી જ પરિસ્થીતી જ્યાં છે ત્યાં હાર્વેસ્ટીંગ અને પાકનાં પરિવહનનો ખર્ચ ખાંડમીલો દ્વારા આપવાની ખાતરી છે. ત્યાં ચૂકવવા પાત્ર કાયેદસર લઘુત્તમ કિંમતની વિગતો કોઠા નંબર બે માં દર્શાવી છે.

### કોઠા નંબર-૨
### ખાંડમિલો દ્વારા મેળવાતી ટકાવારી અને કાયદેસરની લઘુત્તમ કિંમત

| ખાંડમીલો દ્વારા મેળવાતી ખાંડની ટકાવારી % | કાયદેસરની લઘુત્તમ કિંમત (ચૂકવવા પાત્ર) રૂપિયા/ ટન |
|---|---|
| ૧૦ | ૮૧૧ + ૯૩ - ૧૮૦ = ૭૨૮ |
| ૧૧ | ૮૧૧ + ૨ X (૯૩) - ૧૮૦ = ૮૨૧ |
| ૧૨ | ૮૧૧ + ૩ X (૯૩) - ૧૮૦ = ૯૧૪ |
| ૧૩ | ૮૧૧ + ૪ X (૯૩) - ૧૮૦ = ૧૦૦૭ |

### કોઠા નંબર-૩
### ૧ ટન શેરડીમાથી ઉત્પન્ન થતી ખાંડ અને સહ-ઉત્પાદનો

| ઉત્પાદન મેળવવાની ટકાવારી% | કિલોગ્રામમાં ઉત્પાદન | | | |
|---|---|---|---|---|
| | ખાંડ | મોલાસીસ | પ્રેસડમડ | સરપ્લસ બેગેજીઝ |
| ૧૦ | ૧૦૦ | ૧૪૦ | ૫૦ | ૬૦ |
| ૧૧ | ૧૧૦ | ૪૦ | ૫૦ | ૬૦ |
| ૧૨ | ૧૨૦ | ૪૦ | ૫૦ | ૬૦ |
| ૧૩ | ૧૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ |

### કોઠા નંબર-૪
### ખાંડમીલો દ્વારા ૧ ટન શેરડીના પીલાણ થકી મેળવાતું ઉત્પાદન અને સહ-ઉત્પાદનની આવક

| ઉત્પાદન મેળવવાની ટકાવારી% | ખાંડમીલની આવક રૂપિયામા | | | | | સેકસ્ટ્રેક્શન કિંમત ૪૦૦ રૂા. બાદ કરતા |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૨૦૦.૦૦ | ૬૦.૦૦ | ૫.૦૦ | ૪૮.૦૦ | ૧૩૧૩.૦૦ | ૯૧૩.૦૦ |
| ૧૧ | ૧૩૨૦.૦૦ | ૬૦.૦૦ | ૫.૦૦ | ૪૮.૦૦ | ૧૪૩૩.૦૦ | ૧૦૩૩.૦૦ |
| ૧૨ | ૧૪૪૦.૦૦ | ૬૦.૦૦ | ૫.૦૦ | ૪૮.૦૦ | ૧૫૫૩.૦૦ | ૧૧૫૩.૦૦ |
| ૧૩ | ૧૫૬૦.૦૦ | ૬૦.૦૦ | ૫.૦૦ | ૪૮.૦૦ | ૧૬૭૩.૦૦ | ૧૨૭૩.૦૦ |

હવે આખરી સવાલ એ છે કે કોઈપણ કાર્યક્ષમ ખાંડમીલ કુલ વાવેતરની કિંમતનું રક્ષણ કરીને સબંધીતને કાયદેસરની લઘુત્તમ કિંમત ચૂકવવાની ક્ષમતા રાખી શકે છે ? ( જુઓ કોઠા નંબર ૨)

કોઠા નંબર ૩ અને ૪ (વિગતો આઇ.એસ.એમ.એ ના મહાનિદેશક શ્રી એસ.એલ. જૈન દ્વારા આપાયેલી આંકડાકીય વિગતો ઉપર આધારિત) માં આપણને ૧ ટન શેરડી થકી મળતી આવક તેમજ ઉત્પાદનો અને સહ ઉત્પાદનોના પ્રમાણની જાણકારી આપે છે. આ વિગતો દર્શાવે છે કે કોઇપણ નવી ખાંડમીલોને કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારીત કરાયેલ કાયદેસર લઘુત્તમ કિંમત જે તે ખેડૂતને ચૂકવવામાં કોઇ મુશ્કેલી પડવી જોઇએ નહીં. ટૂંકમાં, દક્ષિણના રાજયોમાં સહકારી ખાંડમીલોના અગ્રણીઓ દ્વારા કાયદેસર લઘુત્તમ કિંમત ચૂકવવા સામેના વિરોધ અને ઉત્તરના રાજ્યોની ખાંડ મીલો દ્વારા ખેડૂતોને ચૂકવણી કરવામાં કરાતો વિલંબ. આ બન્નેને બાબતો કોઇપણ રીતે સમર્થન આપી શકાય તેવી નથી.

● ● ●

*(અનુસંધાન પાનાનં ૨૫ થી શરૂ)*

ગ્રામીણ આરોગ્ય વિષયક મુશ્કેલીઓના નિરાકરણની સ્વાયત્તાનું આરોગ્ય અને તબીબી શિક્ષણમાં સિંચન કરવું ઇત્યાદિનો સમાવેશ થાય છે.

એન.આર.એચ.એમ. ના અમલીકરણમાં સમાજ સેવા સ્વૈચ્છીક સંગઠનો (એનજીઓઝ) નો રિસોર્સ ઓર્ગેનાઇઝેશન તરીકે સહયોગ લેવાનું અને હેલ્થ ઇન્ફોર્મેશન સિસ્ટમની સુધારણા જેવા પગલાં લેવાનું આયોજન છે. મિશનની કામગીરીમાં એનજીઓઝની ભૂમિકા પણ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

એન.આર.એચ.એમ. એ આરોગ્યની વિવિધ યોજનાઓને એક છત્ર હેઠળ લાવવાનું આયોજન છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણના પ્રવર્તમાન કાર્યક્રમો જેવા કે આરસીએચ-૨, મેલેરીયા, ટીબી, કાલાઆઝાર, ફાઈલેરીયા, અંધત્વ અને આયોડિનની ઉણપનું નિવારણ અને સંકલિત રોગ અટકાયતી તકેદારી કાર્યક્રમનું સમાયોજન તેમાં કરવામાં આવ્યું છે. આરોગ્ય દ્વારા જનકલ્યાણ અને સર્વેસન્તુ નિરામયાની ભારતીય વિભાવનાઓ આ આયોજનમાં પ્રતિબિંબિત થાય છે.

***(સૌજન્ય : પી.આઇ.બી. અમદાવાદ)***

**વિકાસને સમર્પિત યોજના વાંચો અને વંચાવો**

# ખાંડનું રાજકારણ અને અર્થશાસ્ત્ર

એસ. એલ. જૈન

**ખાં**ડ ક્ષેત્રે અલગ-અલગ વર્ગના વિશાળ જનસમુદાયની સંડોવણી ધ્યાનમાં લેતાં, ભારતમાં ખાંડ ક્ષેત્રે અત્યાર સુધીના સમયગાળામાં રાજકારણ અને અર્થતંત્ર એક સાથેજ સહ અસ્તિત્વ ધરાવે છે. એક તરફ આ ક્ષેત્રે પાંચ કરોડ શેરડી ઉત્પાદક ખેડૂતો છે, તો બીજી તરફ હજ્જારો ગ્રાહકો છે. આમ આ ક્ષેત્રે જનસમુદાયની સંડોવણી નોંધપાત્ર પ્રમાણમાં છે.

સ્વભાવિક રીતે જ, ભારત સરકારે ખાંડ ક્ષેત્રે અત્યાર સુધીમાં જે નિયમનકારી નીતિઓ ઘડી છે, તેમાં ઉપરોક્ત બાબતોનેજ ધ્યાનમાં રાખવામાં આવી છે. ખેડૂતને કેન્દ્રમાં રાખવાની નીતિ મુજબ અને તેના હિતોની જાળવણીના ભાગરૂપે સરકારે શેરડી ઉત્પાદકોને કાયદાકીય રીતે મદદરૂપ થવા લઘુત્તમ ટેકાના ભાવો નક્કી કર્યા છે. આ ઉપરાંત જુદી જુદી રાજ્ય સરકારોએ, રાજકીય બાબતોને ધ્યાનમાં રાખીને એડહોક ધોરણે ખાંડની મીલ દ્વારા શેરડીના ચૂકવવા પાત્ર ઊંચા દામ પણ નિર્ધારીત કર્યા છે. જો કે, શેરડીના ઝડપથી ઘટેલા ભાવો અને આટલાં ઊંચા દામે શેરડી પકવતા ખેડૂતોને ચોક્કસ સમયમર્યાદામાં ચૂકવવામાં ખાંડની મીલો દ્વારા થઇ રહેલાં વિલંબને કારણે ખાંડ ઉદ્યોગ લગભગ 'નાદાર' કહી શકાય તેવી સ્થિતિમાં આરોગ્યરીતે મૂકાયો છે. સરકાર હસ્તકની ખાંડની મીલો પણ આજ પરિસ્થિતીનો સામનો કરી રહી છે. જોકે, તેમના કેસમાં રાજ્યની તિજોરીમાંથી શેરડી ઉત્પાદકોને નાણાં મળી રહે છે.

આનાથી તદ્દન વિપરીત અથવા ઊલટી સ્થિતી બ્રાઝીલ, ઓસ્ટ્રેલીયા, દક્ષિણ આફ્રિકા, થાઇલેન્ડ, વગેરે દેશોમાં છે. અહીં, શરેડી ઉત્પાદકોની સંખ્યા કેટલાક હજાર ખેડૂતોની હોય છે. આથીજ શેરડીના અર્થતંત્ર ઉપર રાજકારણનો પ્રભાવ ખૂબજ મર્યાદિત હોય છે. આથીજ આ દેશોમાં શેરડી ઉત્પાદક ખેડૂતો અને ખાંડ મીલો વચ્ચે શેરડીની કિંમતની વહેંચણીની પધ્ધતી ખૂબજ સરળ હોય છે.

આ દેશોમાં શેરડી ઉત્પાદક ખેડૂતોનો હિસ્સો ૫૯% થી ૭૦% જેટલાં પ્રમાણમાં જોવા મળે છે. આ દેશોની સરકારો પાસે પણ ખેડૂતોને શેરડીના વાજબી ભાવ મળી રહે તેવો આગવો દ્રષ્ટિકોણ છે.

આ દેશોમાં જ્યારે ખાંડની કિંમતો ઘટે છે, અને ખાંડ મીલો સરકારની ધારણા મુજબ શેરડીના ભાવો ખેડૂતોને ચૂકવી શકતી નથી, ત્યારે જે તે સરકાર પરિસ્થિતીમાં દરમિયાનગીરી કરે છે. આવા સંજોગોમાં સરકાર નિર્ધારીત અને ચૂકવાતી કિંમત વચ્ચેના ફેરફારની કિંમત જાતેજ ખેડૂતોને સીધી ચૂકવી દે છે. આ પ્રકારની વ્યવસ્થામાં ખેડૂતોના હિતોનું રક્ષણ પણ થાયે છે. અને ભારતમાં જોવા મળે છે તેમ ખાંડના અર્થતંત્રને સીધો ધક્કો લાગતો નથી.

ભારત સરકારે પણ આ મહત્વના પાસાને ધ્યાનમાં લઇ પોતાની નીતિમાં જરૂરી ફેરફાર કરવો જોઇએ. સમગ્ર કૃષિતંત્રને મદદરૂપ થવાની સરકારની સર્વસામાન્ય નીતિને એ અનુરૂપ અને અનુકુળ પગલું ગણાશે, કમનસીબે, ભરતમાં શેરડી ઉત્પાદક ખેડૂતો સરકારની નીતિઘડતર વ્યવસ્થામાં બહાર જ રહે છે અને ખાંડમીલોના નિયંત્રણ બહારના કારણો અને શેરડીના બાકી ચૂકવવા પાત્ર દામોની વધતી સંખ્યાને કારણે નુકસાન સહન કરે છે. બીજું માત્ર આબોહવામાં છેલ્લા ૪ થી ૫ વર્ષોમાં થયેલાં ફેરફારોના કારણે અન્ય દેશોમાં ખાંડના ઉત્પાદનમાં જ્યાં ૩% થી ૪% નો ફેરફાર નોંધાયો છે, ત્યાં ભારતમાં આજ સમયગાળામાં ખાંડ ઉત્પાદનમાં ૨૦% થી ૨૨% નો ફેરફાર નોંધાયો છે. આના કારણે પણ ભારતમાં ખાંડના અર્થતંત્ર ઉપર ગંભીર અસર થઇ છે.

● ● ●

(લેખક ખાંડ મીલ સંગઠનના મહાનિદેશક છે.)

# ગરીબીને પુનઃવ્યાખ્યાયિત કરવાની દિશામાં ભારત

ડો. કલ્પના સી. સતિજા

*ભારતમાં ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત કરવાની જરૂર છે એ દલીલ કાંઈ નવી નથી. આયોજન પંચે આ બાબતની તાકીદની જરૂરિયાત હોવાનો સ્વીકાર પણ કર્યો છે. પરંતુ નવા ધોરણો તો નક્કી નથી જ થતા. આ તમામ ધોરણો વૈજ્ઞાનિક રીતે પણ નક્કી થઈ શકે છે. અને તેથી જ ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત ના કરવાનું મુખ્ય કારણ માત્ર એટલું જ હોઈ શકે કે ગરીબી રેખાના સ્તરને ઉંચું લઈ જવાની ભારતના નીતિનિર્ધારકો અને આર્થિક આયોજકોનું કામ જ વધે છે.*

*ગરીબી રેખાને એટલા માટે નીચા સ્તરે રાખવામાં આવે છે કે જેથી સિધ્ધિઓના દાવ થઈ શકે અને લોકોને જે ક્ષેત્રમાં સંશોધનની આવશ્યકતા છે તે ક્ષેત્રમાં સંશોધનોની ફાળવણી ટાળી શકાય.*

ભારત સરકારે જણાવેલ છે કે ભારતની ૨૪૫ વસતી ગરીબી રેખાની નીચે જીવી રહી છે.

ભારતમાં પ્રવર્તી રહેલી ગરીબીને વર્તમાન વ્યાખ્યામાંના પ્રાણી કક્ષા જીવનસ્તરને બદલે માનવીય સંદર્ભમાં પ્રકાશમાં લાવીને ગરીબીને પુનઃવ્યાખ્યાયિત કરવાનો અત્રે હેતુ છે. સ્પષ્ટ છે કે તમામ બુનિયાદી જરૂરિયાતો પાછળના ખર્ચ આધારેજ ગરીબી રેખાને વધારે યોગ્યપણે નિર્ધારીત કરી શકાય તેથી અત્રે પોષક સામગ્રી, આરોગ્ય, વસ્ત્ર વગેરેના ખર્ચ પર વિસ્તૃત ધ્યાન આપવામાં આવેલ છે. વધુમાં પાણી અને શિક્ષણ જેવી કેટલીક જરૂરિયાતો કે જેનું નાણામાં મુલ્ય અંકવું મુશ્કેલ રહે છે.તેવા ખર્ચનો કયાસ કાઢીને તેને સામેલ કરવા પણ પ્રયાસ થયેલ છે.

**'ભૂખમરા રેખા'ની ગણતરી કઈ રીતે થાય છે ?**

- વર્તમાન ગણતરી એ રીતે થાય છે કે ગ્રામીણ ભારતમાં વસતી સરેરાશ વ્યક્તિને દિવસમાં ૨૪૦૦ કેલરી ઉર્જા અને શહેરી વિસ્તારમાં વસતી સરેરાશ વ્યક્તિને દિવસમાં ૨૧૦૦ કેલરી ઉર્જાની આવશ્કતા હોય છે.
- આટલા પ્રમાણમાં પોષક પદાર્થ પ્રાપ્ત કરવા માટેના લઘુત્તમ ખર્ચની ગણતરી (૬૫૦ ગ્રામ અનાજ) જ્યારે ૧૯૭૯માં ગરીબી રેખાની વ્યાખ્યા નક્કી થઈ ત્યારે થઈ હતી.
- જે લોકો આહાર પાછળ આટલી રકમથી ઓછું ખર્ચ કરતા હોય તેમને ગરીબ ગણવામાં આવતા હતા.
- ત્યારથી ફૂગાવા આધારે સમયાંતરે આ રકમમાં વૃધ્ધિ કરાતી રહી છે.

ભારતમાં ગરીબી રેખા નિર્ધારીત કરવા માટે ગણતરી કેલરી પુરી પાડતી બુનિયાદી આહાર સામગ્રીના પ્રમાણની ગણતરી આધારે થાય છે. આહાર સામગ્રીમાં રહેલા પોષક દ્રવ્યો નહીં પરંતુ ભૂખ ભાંગનારા દ્રવ્યોનીજ નોંધ લેવાય છે. વર્તમાન માં ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટે માસિક પ્રતિવ્યક્તિ અનુક્રમે રૂપિયા ૩૬૮ અને રૂપિયા ૫.૫૯ નિર્ધારિત થયા છે. આ રકમ પ્રતિદિન ૬૫૦ ગ્રામ અનાજ ખરીદવા પુરતી છે. વાસ્તવમાં વર્તમાનમાં પોષક આહાર માટેનું માથાદીઠ માસિક ખર્ચ જ રૂપિયા ૫૭૩નું થાય અને બાકીની બુનિયાદી જરૂરિયાતોનું ખર્ચ તો અલગ. અને ગરીબી નિર્ધારણ માટે આવા સંમિલિત પગલાંનો વિચાર કરવામાં આવે તો ભારતની ૬૮.૮૪% વસતીને ગરીબીની વ્યાખ્યામાં મુકવી પડે.

**અમેરિકી ગરીબી રેખા**

અંકશાસ્ત્ર તો પ્રશ્નને હેતુલક્ષી સંદર્ભનાં માળખામાં મુકવા પ્રયાસ કરે છે, પરંતુ પ્રશ્નનો ઉત્તર તો રાજકીય જ રહે છે. તો પછી ગરીબ કોને કહેવાય ? વર્તમાનમાં સરકારની ગરીબી અંગેની સત્તાવાર વ્યાખ્યા રોકડ આવક પર આધારિત છે. દાખલા તરીકે જે બિનખેતી ક્ષેત્રની ચાર વ્યક્તિના પરિવારની વાર્ષિક આવક ૧૯૮૧માં ૯,૨૯૦ ડોલરથી

(લેખિકા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપિકા છે.)

ઓછી હતી તેને ગરીબ પરિવાર માનવામાં આવતો હતો.

આ ધોરણમાં જોકે અનાજ, તબીબી સંભાળ અને સબસિડી ધરાવતા મકાન જેવા અપાતા બિનરોકડ લાભોનો સમાવેશ થતો નથી. ૧૯૬૫થી આજ સુધીમાં આ લાભો ૨.૨ અબજ ડોલરથી વધીને ૭૨ અબજ ડોલર સુધી પહોચ્યા છે. અને સરકાર દ્વારા પ્રાપ્ત થતા પ્રત્યેક ત્રણ ડોલરે એક ડોલર વિવિધ કાર્યક્રમો હેઠળ ગરીબોને મળે છે. ગરીબીના સ્તરને વધુ ચોક્કસપણે વ્યાખ્યાયિત કરવા માટે સેનેટે સેન્સસ બ્યુરોને ઓછી આવક ધરાવતા પરિવારોને અપાતા લાભોનું ડોલરમાં મુલ્ય શોધવાના માર્ગો શોધવા જણાવ્યું હતું.

૧૯૭૯ના અંકોનો અભ્યાસ કર્યા બાદ બ્યુરો એવા તારણ સુધી પહોંચેલ છે કે સરકાર દ્વારા અપાતા તમામ મુખ્ય લાભોને સંપૂર્ણ બજાર ભાવે આવક ગણવામાં આવે તો ગરીબીની વ્યાખ્યામાં મુકવામાં આવેલા પરિવારોની સંખ્યા ૪૨% જેટલી ઘટીને અર્થાત ૨.૩૬ કરોડથી ઘટીને ૧.૩૬ કરોડ થઇ જાય. બ્યુરોના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે તેમની નવી ગણતરીઓમાં ગેરમાર્ગે દોરતા પાસા છે. ગરીબોને અપાતા બિનરોકડ લાભોનો ૭૫ ટકા હિસ્સો તબીબી સેવારૂપે અપાય છે. પરંતુ ગરીબો માટે મહત્વનું એ છે કે આવી સેવાઓ તેમને ગરીબીથી ઉપર ઉઠવામાં મદદરૂપ સાબિત નથીજ થતી. આ ફોર્મુલા મુજબની ગણતરીમાં અપાતા તબીબી લાભોનો સમાવેશ કરવામાં આવે તો એવું અર્થઘટન નીકળે કે જેઓ કંગાળમાં કંગાળ આરોગ્ય ધરાવે છે તે સૌથી ધનવાન છે. તબીબી સેવાઓ માટેની મદદ બાકાત કરવામાં આવે અને મકાન તથા અનાજ રૂપે અપાતા લાભોને આવક ગણવામાં આવે તો પણ ગરીબ તરીકે વ્યાખ્યાયિત લોકોની સંખ્યા ૧૬% ઘટી જાય.

સેન્સસ બ્યુરોના ડિરેક્ટર બ્રુસ ચેપમેને જણાવ્યા મુજબ 'લોકો આ અહેવાલનું ઇચ્છે તેવું તારણ કાઢી શકે છે. અમને આશા છે કે અહીંથી ચર્ચાઓ બંધ કરવામાં આવે' ચર્ચાઓને આધારે એવી દલીલ પણ થઇ શકે કે ગરીબી લોકો વિચારે છે તેનાથી ઓછા ગંભીર પ્રમાણનો રાષ્ટ્રીય પ્રશ્ન છે. ઉદારવાદીઓ આ આંકડાની મદદથી સામાજિક કાર્યક્રમોનું મહત્વ સાબિત કરી શકે છે. તો વહીવટી તંત્ર ઇચ્છે તો વધુ કાપ પણ મૂકી શકે. સેન્સસ બ્યુરોના નિષ્ણાતો કહે છે કે અભ્યાસ આધારે કોઇપણ પગલાં લેવા વહેલા છે. કારણકે તેઓ ગરીબોને અપાતા લાભોને નાણાકીય મુલ્યની મધ્યમવર્ગના પરિવારને મળતી પ્રાથમિક સહાય સાથે સરખાવી નથી શક્યા. વહીવટ અને અંદાજપત્ર કાર્યાલયના સરકારી સુત્રો આગ્રહપુર્વક કહેવું છે કે તમામ અંકોની ક્ષતિઓને દૂર કરવામાં ના આવે ત્યાં સુધી ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત કરવા પ્રયાસ નહીં થાય.

**ભારતમાં ગરીબી રેખાની વ્યાખ્યા**

વર્તમાન ગરીબી રેખા માત્ર કેલરી આધારીત વિચાર આધિન છે.

- વાસ્તવમાં તેને 'ભૂખમરા રેખા' કહેવી જોઇએ.
- તેમાં પૌષ્ટિક આહાર, આરોગ્ય, વસ્ત્ર, આવાસ, શિક્ષણ વગેરે પાસાના ધોરણોનો સમાવેશ જ નથી.
- બદતર બાબત એ છે કે આયોજનપંચ તેને માન્યતા આપે છે અને તે માટે કશું જ કરતું નથી.

**કોષ્ટક ૧: ભારતમાં ૧૯૭૩થી ગરીબોની સંખ્યાની ટકાવારી ***

| વર્ષ | ગરીબોની ટકાવારી | ગરીબોની સંખ્યા | ગરીબોની સંખ્યામાં ઘટાડાનો વાર્ષિકદર |
|---|---|---|---|
| ૧૯૭૩-૭૪ | ૫૪.૯% | ૩૨.૧૩ | - |
| ૧૯૭૭-૭૮ | ૫૧.૩% | ૩૨.૮૯ | (૦.૫૯%) |
| ૧૯૮૩ | ૪૪.૫% | ૩૨.૨૯ | ૦.૩૧ % |
| ૧૯૮૭-૮૮ | ૩૮.૯% | ૩૦.૭૧ | ૧.૨૫% |
| ૧૯૯૩-૯૪ | ૩૬.૦% | ૩૨.૦૩ | ૦.૭૦% |
| ૧૯૯૯-૨૦૦૦ | ૨૬.૧% | ૨૬.૦૨ | ૩.૪૦% |
| ૨૦૦૪** | ૨૩.૬% | ૨૪.૯૭ | ૦.૮૨% |

* નિષ્ણાતોની ગણતરી પધ્ધતિ મુજબ ગરબી ઘટાડવાનો નાકારાત્મક દર અર્થાત ગરીબોની સંખ્યામાં વૃધ્ધિ

** ૨૦૦૪ની અંદાજીત વસતીના સેમ્પલ સર્વે અને છેલ્લા રાષ્ટ્રીય સેમ્પલ સર્વે ૨૦૦૪નો ઉપયોગ આધારે થયેલી ગણતરી પ્રમાણેનો ગરીબી દર.

સ્ત્રોતઃ ગ્રામીણ વિકાસ રાષ્ટ્રીય સંસ્થાન (૨૦૦૪) : ગ્રામીણ વિકાસ અંકશાસ્ત્ર, ૨૦૦૨-૦૩

**ગરીબી રેખા સાથેની ત્રણ સમસ્યા**

- વર્તમાન સત્તાવાર ગરીબી રેખા ચોક્કસ કેલરી પૂરા પાડતી ખાદ્ય સામગ્રી પૂરતી છે.
- કેલરીના વર્તમાન ધોરણો પણ અપૂરતા ધારાધોરણ છે.
- ગરીબી રેખા માત્ર મહત્વપૂર્ણ પોષણની જરૂરિયાતો જ નહીં પરંતુ આવાસ, વસ્ત્ર, આરોગ્ય, સ્વચ્છતા પીવાના પાણી અને શિક્ષણની સમાનતક સહિતની અન્ય પાસાની જરૂરિયાતોની પણ અવગણના કરે છે.

**ભારતીય ગરીબી પુનઃવ્યાખ્યાનું આરંભચિહ્ન**

ભારતની સત્તાવાર ગરીબી રેખા જૂની પૂરાણી થઇ ગઇ હોવાનું કહેતાં આપણાં વિચારકોએ વાસ્તવવાદી આંકડાઓ માટે અનુરોધ કરાતાં જણાવેલ છે કે આ ધોરણો પ્રતિમાસ માથાદિઠ રૂપિયા ૮૪૦ (૧૯ ડોલર) ના ખર્ચના હોવા જોઇએ. આ પરિણામો સાથે નિર્ધારિત થયેલી વાસ્તવિક ગરીબી રેખા ભારતની ગરીબી અંગેનું સ્પષ્ટ ચિત્ર પુરૂ પાડશે. 'રીડીફાઇનિંગ પોવર્ટી'ના મથાળા સાથે નીતી વિકલ્પો માટેના કેન્દ્રે આપેલા અભ્યાસ અહેવાલમાં ઉપર મુજબ જણાવેલ છે.

વધેલા ફૂગાવા સાથેની ગણતરી કરતાં ડિસેમ્બર ૨૦૦૫માં ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટેની ગરીબી રેખા અનુક્રમે રૂપિયા ૩૬૮ અને ૫૫૯ હતી. ભારતની આ સત્તાવાર ગરીબી રેખા અસંતોષકારક છે અને તેને ભૂખમરા રેખા એવું નવું નામ આપવું જોઇએ. કારણકે પ્રતિદિન ૬૫૦ ગ્રામ અનાજને બાદ કરતાં આ રેખા જીવનની અન્ય આવશ્યક જીવન જરૂરિયાતો માટેની નજીવી જોગવાઇ જ કરે છે. ગરીબીની સાચી વ્યાખ્યામાં સાધારણ ગુણવત્તા સાથેની માનવ જીવનની તમામ જરૂરિયાતો સામેલ થવી જોઇએ. ભારતમાં એવી વ્યક્તિને ગરીબની વ્યાખ્યામાં મૂકવા જોઇએ કે જેની માથાદીઠ આવક રૂપિયા ૮૪૦ હોય કે પછી પીવાનું પાણી, યોગ્ય આવાસ, શૌચાલયો, ગુણવત્તાયુક્ત માધ્યમિક શિક્ષણ કે પછી સારા માર્ગ (ઓલ વેધર રોડ) સાથેની જાહેર પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ ના હોય.

ઉર્જા વરરાશ (રૂપિયા ૫૫) તેમજ પરચુરણ ખર્ચ (રૂપિયા ૧૬૪) નો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે, ભારતે ગરીબી અંગેના તેના દ્રષ્ટિકોણની પુનઃવિચરણા કરવાની જરૂર છે. વર્તમાન અવાસ્તવિક ગરીબી રેખા સરકાર અને તેના પ્રયાસોનો દેખાવ સારો પુરવાર કરવાનો હેતુ જ પાર પાડે છે. રાજ્ય જો દેશને ગરીબીથી મુક્ત કરવા સાચેજ પ્રતિબધ્ધ હોય તો તેણે વર્તમાન ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત કરવા પ્રયાસ કરવો જોઇએ. આથી કરીને સરકાર તેની અગ્રિમતાઓ સીધીજ નક્કી કરીને નીતિને અસરકારક બનાવી શકશે.

**વર્તમાન ગરીબી રેખામાં અપૂરતી જોગવાઇ**

- વ્યાખ્યા કેલરીના ત્રણ દાયકા જૂના ધોરણો પર આધારિત છે.
- સંશોધકોએ સાબિત કર્યું છે કે વર્તમાનમાં ગરીબી રેખાથી ઉપરના સ્તરનું જીવન જીવનારા પણ નિર્ધારીત ધોરણસરની કેલરી પ્રાપ્ત કરી શકતા નથી.
- કેલરીના વર્તમાન ધોરણો અપૂરતા પોષણના ધોરણો ધરાવે છે. અને તેમાં ખનિજ પદાર્થ અને વિટામિન વગેરેની જોગવાઈ જ નથી.
- સૌથી અગત્યની વાત એ છે કે આરોગ્ય, આવાસ, વિદ્યુત, શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોને તેમાં સામેલ જ કરવામાં આવેલ નથી.

**ભારતમાં ગરીબોની દાસ્તાન**

- ટકાવારીના સંદર્ભમાં ગરીબોની સંખ્યામાં ઘટાડો થયો છે. પરંતુ ખરેખર આંકડો ઉંચોજ રહ્યો છે.
- ગરીબોની સંખ્યા ઘટી છે. ૧૯૭૩માં રહેલા ૩૨ કરોડ ગરીબો (૫૮.૪ કરોડની વસતી પૈકી) થી આ સંખ્યા ઘટીને ૨૦૦૪માં ૨૪.૯૭ કરોડ (૧૦૯ કરોડની વસતી પૈકી) થઇ છે.
- વાર્ષિક ઘટાડો ૦.૮૧% જેટલો છે.

**ગરીબીના પુનઃનિર્ધારણનીતિ પર અસર**

- વર્તમાન ગરીબી અંગેની અપૂરતી વ્યાખ્યા એ બાબત સુનિશ્ચિત કરે છે કે ગરીબી નાબુદીના ધ્યેય સાથે કામ કરતી તમામ નીતિના ધ્યેય ખૂબ જ નીચા હોય છે.
- તે સમગ્રપણે ગરીબી નાબુદી નહીં પરંતુ ભૂખમરા નાબુદી પર કેન્દ્રીત છે.
- પ્રત્યેક ભૂખી વ્યક્તિને પ્રતિદિનના ધોરણે ૬૫૦ ગ્રામ અનાજ પૂરુ પાડવામાં આવે તો વાર્ષિક રૂપિયા ૫૭૦૦૦ કરોડ સુધીનો ખર્ચ થઇ શકે છે.
- તંત્ર સંભાળતા અધિકારી /કર્મચારી પાછળનું ખર્ચ રૂપિયા ૨,૨૦,૦૦૦ કરોડ થઇ શકે છે.

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના**

- વર્તમાન એનઇજીએસ પ્રત્યેક

પરિવારની એક વ્યક્તિને પ્રતિદિન રૂપિયા ૬૦ ના વેતનથી રોજગારી આપવાની ગેરંટી આપે છે.

- તેથી આ એક વ્યક્તિ મહિનાના ત્રીસે દિવસ કામ કરે તો પણ રૂપિયા ૧૮૦૦ જ મળે છે.
- ૫ વ્યક્તિનો પરિવાર હોય તો વ્યક્તિદીઠ રૂપિયા ૩૬૦ જેટલી રકમજ ભાગે આવે. વર્તમાનમાં ગ્રામીણ ગરીબી રેખાનું ધોરણ પણ આટલું જ છે.
- આથી કરીને પરિવારના પ્રત્યેક વ્યક્તિને ચોક્કસ જથ્થામાં અનાજ મળી રહે એટલી બાબત જ આ યોજનાથી સુનિશ્ચિત થાય છે. વધુમાં આ યોજના વર્ષમાં ૧૦૦ દિવસના રોજગારની જ તક આપે છે. અને ગરીબે બાકીના ૨૬૫ દિવસો રોજગારી માટે ઝઝુમવું જ પડે છે.

### ભારતમાં ગરીબીની પુનઃવ્યાખ્યા

ભારતમાં ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત કરવાની જરૂર છે એ દલીલ કાંઇ નવી નથી. આયોજન પંચે આ બાબતની તાકીદની જરૂરિયાત હોવાનો સ્વીકાર પણ કર્યો છે. પરંતુ નવા ધોરણો તો નક્કી નથી જ થતા. આ તમામ ધોરણો વૈજ્ઞાનિક રીતે પણ નક્કી થઇ શકે છે. અને તેથી જ ગરીબી રેખાને પુનઃવ્યાખ્યાયિત ના કરવાનું મુખ્ય કારણ માત્ર એટલું જ હોઈ શકે કે ગરીબી રેખાના સ્તરને ઉંચું લઇ જવાની ભારતના નીતિનિર્ધારકો અને આર્થિક આયોજકોનું કામ જ વધે છે.

ગરીબી રેખાને એટલા માટે નીચા સ્તરે રાખવામાં આવે છે કે જેથી સિધ્ધિઓના દાવ થઇ શકે અને લોકોને જે ક્ષેત્રમાં સંશોધનની આવશ્યકતા છે તે ક્ષેત્રમાં સંશોધનોની ફાળવણી ટાળી શકાય.

'સેન્ટર ફોર પોલિસી ઓલ્ટરનેટિવ્ઝ'એ નવી ગરીબી રેખા નિર્ધારીત કરવા પ્રયાસ કર્યો છે. તેણે તમામ બુનિયાદી જરૂરિયાતોના ધોરણોને સામેલ કરવા માટે 'બુનિયાદી જરૂરિયાતોના ખર્ચનો અભિગમ અપનાવેલ છે. આ ખર્ચને સામેલ કરીને નવી ગરીબી રેખા નિર્ધારીત કરેલ છે. કેલરી આધારીત ગરીબ રેખાની વ્યાખ્યા કરતાં આ વધુ સમન્વિત વ્યાખ્યા છે.

જીવન જીવવા માટે પોષક આહાર, આરોગ્ય, વસ્ત્ર, આવાસ વગેરેની લઘુત્તમ પાયાની જરૂરિયાતોના કુલ ખર્ચને સામેલ કરીને ભારતમાં થતા વ્યક્તિગત માસિક ખર્ચને રૂપિયા ૮૪૦ આંકવામાં આવેલ છે. આ રકમ દેશના શહેરો માટે નિર્ધારિત થયેલી ગરીબી રેખાની રકમ કરતા બમણી છે.' કોષ્ટક-૨ આ ખર્ચ ગણતરીની વિગતો દર્શાવે છે.

ભારતની ૬૮.૫% વસતી આ વધુ સમન્વિત ગરીબી રેખાથી નીચેના સ્તરે જીવી રહી છે. આ સંખ્યા વર્તમાન સત્તાવાર ગહીબીના ૨૬.૧ ટકાના દરથી બે થી અઢી ગણી છે. ગ્રામીણ પ્રદેશમાં તો બદતર સ્થિતિ પ્રવર્તી રહી છે.ગ્રામીણ પ્રદેશમાં ૮૪% જેટલા લોકો આ વધુ વાસ્તવદર્શી ગરીબી રેખાથી નીચેના સ્તરની જિંદગી જીવી રહ્યા છે.

પ્રતિમાસ રૂપિયા ૮૪૦ના ખર્ચની ગરીબી રેખા માનવ જીવનની સમન્વિત પાયાની જરૂરિયાતો મુજબની છે પરંતુ હજુ તે ભારતમાં પ્રવર્તી રહેલી ગરીબીનું

**કોષ્ટક : ૨**
**બુનિયાદી જરૂરિયાતોનો ખર્ચ**

| પાયાની જરૂરિયાત | પ્રતિમાસ માથાદીઠ ખર્ચ (રૂપિયા) |
|---|---|
| પોષક આહાર | ૫૭૩ |
| આરોગ્ય સંભાળ | ૩૦ |
| વીજ વપરાશ | ૩૫ |
| કેરોશીન વપરાશ | ૨૦ |
| વસ્ત્ર | ૧૭ |
| પરચુરણ ખર્ચ | ૧૬૪ |
| કુલ * | ૮૪૦ |

* કુલ રકમ રૂપિયા ૮૩૯ છે પરંતુ આસાન બની રહે તે માટે રૂપિયા ૮૪૦ કરેલ છે.
સ્ત્રોતઃ વિવિધ સ્ત્રોતનો ઉપયોગ કરીને ગણતરી કરેલ છે. વધુ વિગત માટે Re-defining Poverty : A New Poverty Line for a New India At www.cpasind.com પર નજર દોડાવો.

**કોષ્ટક : ૩**
**વાસ્તવદર્શી ગરીબીરેખા મુજબ ગરીબીનો દર**

| વિસ્તાર | ટકા |
|---|---|
| ગ્રામીણ | ૮૪.૬ |
| શહેરી | ૪૨.૪ |
| સરેરાશ | ૬૮.૮ |

જીએસએલ(૨૦૦૧એ): એનએસએસ અહેવાલ ક્રમાંકઃ૪૫૪ઃ હાઉસહોલ્ડ કન્ઝ્યુમર ઈક્સપેન્ડીટર ઈન ઈન્ડિયા, ૧૯૯૯-૨૦૦, કી રીઝલ્ટસ, એન અસએસઓ, નવી દિલ્હી, જીઓએલ (૨૦૦૫-બી) 'સ્ટેટેટિક ઈન્ડેક્સ નંબર્સ' લેબર બ્યુરો ઓક્ટોબર-૨૦૦૫, અને પોવટી લાઈન ઓફ ૮૪૦'

સાચું ચિત્ર નથી જ. કેટલીક એવી પાયાની જરૂરિયાતો છે કે જેને નાણાકીય સંદર્ભમાં મુલવી શકાય તેમ નથી. આથી કરીને ગરીબી રેખા ઉપરાંત વધુ યોગ્ય વ્યાખ્યામાં કેટલાક નિર્ણાયક પરિમાણોને પણ ગરીબી રેખાની ગણતરીમાં સામેલ કરવા જોઇએ.

- ભારતમાં ૩૭.૭ % ઘરપરિવારોને પોતાની નજીક જળસંસાધનો ઉપલબ્ધ નથી.
- ૪૯% લોકો યોગ્ય આવાસ ધરાવતા નથી.
- ૬૯.૫% ટકા લોકો યોગ્ય શૌચાલય ધરાવતા નથી.
- ભારતના ૮૫.૨% ગામોમાં માધ્યમિક શાળા નથી.
- ભારતમાં ૪૩% ગામો (ઓલ વેધર રોડ) યોગ્ય રસ્તાથી સંકળાયેલ નથી.

તેથી કરીને ભારતના જે ગરીબ વ્યક્તિ પાસે તે ગરીબ છે એવી વ્યાખ્યા બાંધવામાં આવે તો ત્યારબાદ પણ તે પીવાના પાણી, યોગ્ય આવાસ શૌચાલય અને સ્વચ્છતા, ગુણવત્તા ભર્યા માધ્યમિક શિક્ષણ અને જાહેર પરિવહન માટેના માર્ગથી વંચિત જ રહે છે.

## ગરીબી રેખા સુવ્યાખ્યાયિત કરવાની દીશામાં

- આપણે એવી ગરીબી રેખા નિર્ધારીત કરવાની દિશામાં વિચારવું જોઇએ કે જેમાં વધુ માનવીય અભિગમ હોય.
- ગરીબી રેખામાં પોષક આહાર, આરોગ્યસંભાળ વસ્ત્ર વગેરેના ખર્ચનો પણ સમાવેશ થવો જોઇએ.
- આપણે નાણાકીય સંદર્ભમાં ગણતરી ના થઇ શકે, તેવા પીવાના પાણીના સુવિધા, આવાસ શિક્ષણ વગેરે જેવા આવાસોને પણ તેમાં સમાવેશ કરવા જોઇએ.

**સંદર્ભ :**


- http:// Povertynewsblog.blogspot.com/2006/02/india-redefine-indian-poverty.
- http://www.infochangeindia.org/agenda6_04.jsp
- http://www.indiaresource.org/news/2006/2006/1024.html
- http://www.ivcs.org.uk/IJRS/Oct2006/Poverty%20-%20Some%20facts%20and%20figures%20from%20the%20centre % 20 for%20policy%20alternatives.pdf
- http://www.icsw.org/global-conference/poverty-alleviation.htm http://www.eldis.org/assets/Docs/23387.html
- http://cpasindia.org/reports/16-redefining-poverty-line-india.pdf.
- htttp://cpasindia.org/reports/16-redefining-poverty-line-india.pdf
- http://exim.indiamart.com/economic-survey/pdfs/chap513.pdf


---

*(અનુસંધાન પાનાનં ૨૨ થી શરૂ )*

---

નિહાળી લોકોએ ખૂબ પ્રશંસા કરી. ફિલ્મ ડિવિઝનની સ્વતંત્રતા ચળવળ અંગેની ફિલ્મ ઇન્ડિયા એટ સિક્સટી ને ખાસ સમુદાય સમક્ષ દર્શાવવામાં આવી. ફિલ્મોત્સવ નિદેશલય દ્વારા ઓકટોબર-૨૦૦૭ માં ઇજીપ્ત ફિલ્મોત્સવ યોજવામાં આવ્યો. એપ્રેલ-૨૦૦૭ રશિયાની ફિલ્મોત્સવ પણ યોજાયો હતો.

નવેમ્બર-૨૦૦૭માં વિજ્ઞાન ઉત્સવ-૨૦૦૭ નિમિત્તે બેંગ્લોરમાં ફિલ્મોત્સવ યોજાયો. બેંગલોરના કુદરતી ઇતિહાસ પ્રાદેશિક સંગ્રહાલયના સહયોગથી યોજાએલા ફિલ્મોત્સવમાં વન્યજીવન અંગે ફિલ્મો દર્શાવવામાં આવી. આ ઉપરાંત સ્વતંત્રતા ફિલ્મોત્સવ ઓગસ્ટ, ૨૦૦૭ દરમિયાન યોજાયો. તેમાં દેશભક્તિની ૫૫ ફિલ્મો દર્શાવવામાં આવી. નવેમ્બર,૨૦૦૭માં હૈદરાબાદ ખાતે બાળ ફિલ્મોત્સવ યોજાયો અને તેમાં સ્પર્ધાત્મક અને બિન સ્પર્ધાત્મક ક્ષેત્રમાં ૪૦ ફિલ્મ દર્શાવવામાં આવી.

ભારતે જર્મની સાથે દ્રશ્યશ્રાવ્ય સંકલન કરાર કર્યા છે. તેના કારણે બન્ને પ્રદેશોના ફિલ્મનિર્માતા સુવિધાઓ મેળવશે. બ્રાઝીલ સાથે પણ આવા કરાર થયા છે, તો બ્રિટન સાથે પણ ટૂંક સમયમાં આ કરાર થશે. આ કરારથી ફિલ્મ નિર્માતાઓની સર્જનાત્મક, કલાત્મક અને ટેકનીકલ તથા માર્કેટિંગ અને નાણાંકીય તક ઉભી થશે. તેનાથી ભારતમાં નિર્માણનો લાભ મળશે. અને ભારતમાં વધુને વધુ ફિલ્મ નિર્માતા આવી શકશે. ખૂબજ વાજબી ખર્ચે તૈયાર થતી ફિલ્મો માટે આ કરાર મૂજબ વાજબી ખર્ચે તૈયાર થતી ફિલ્મો માટે આ કરાર ખૂબજ લાભકર્તા બની રહેશે. ભારતમાં ફિલ્મ શૂટિંગ સરળ બનાવવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલય સાથે સહયોગમાં મંજૂરી અપાય છે. તેમાં માત્ર ૩ અઠવાડિયાનો સમય લાગે છે જમ્મુ અને કાશ્મીર, ઉત્તર-પૂર્વ કે સરહદી વિસ્તારમાં શૂટિંગ માટે ગૃહમંત્રાલયની ખાસ મંજૂરી અપાય છે. જો કે તેમાં થોડો વધુ સમય લાગે છે.

પ્રકાશન વિભાગે એક નવા પ્રયત્ન રૂપે શેરીનાં બાળકો માટે બાલ ભારતી વિના મૂલ્યે આપવાનું નક્કી કર્યું છે. વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી તેનો દેશભરમાં અમલ થશે.

*(સૌજન્ય: પી.આઇ.બી. અમદાવાદ)*

# ભારતમાં આર્થિક વિકાસ અને સામાજિક અસમાનતાઓ

અશ્વિન પ્રજાપતિ

*ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર આજે ભલે ૯૮.૯૭ મીલીયન લોકોને રોજગારી આપતું હોય પરંતુ તે કૃષિ ક્ષેત્રમાં મળતા રોજગારીના દર કરતા ઘણોજ નીચો છે. જોકે આર્થિક વિકાસની દ્રષ્ટિએ કૃષિક્ષેત્ર કરતા ઔદ્યોગિક અને સેવા ક્ષેત્ર ઘણા જ આગળ હોવા છતા તેમણે અપનાવેલ ભારે મૂડીવાદી નીતિના કારણે રોજગારીમાં વધારો કરી શકાયો નથી. ગ્રામિણ ક્ષેત્રમાં પુરૂષ બેકારોનો દર ૧૯૯૨-૯૪ માં ૬.૭% હતો જે ૨૦૦૪ માં વધીને ૯% થયો છે. શહેરી ક્ષેત્રમાં ૧૯૯૩-૯૪ માં પુરૂષે બેકારીનો દર ૬.૭ % હતો જે ૨૦૦૪માં ૮% રહે છે.જ્યારે મહિલાઓમાં ગ્રામ્ય ક્ષેત્રે ૧૯૯૩માં ૫.૬ થી ૨૦૦૪માં ૭.૩% અને શહેરી ક્ષેત્રે ૧૦.૫ થી ૧૧.૯ % થયો છે. આ બાબત દર્શાવે છે કે, છેલ્લા પાંચ દાયકા દરમિયાન વિકાસના દરમાં વૃધ્ધિ થવાની સાથે સાથે બેકારીનો દર પણ વધ્યો છે.*

વિશ્વના વિકાસ અને અલ્પ વિકસિત દેશો સમક્ષ નજર કરતાં એક બાબત સામાન્ય જોવા મળે છે કે તેઓનો મુખ્ય ઉદ્દેશ ઉંચો આર્થિક વિકાસ દર હાંસલ કરી તે દરને જાળવી રાખવાનો છે. ભારત પણ આ બાબતને અનુસરતું જોવા મળે છે. પરંતુ ભારતે આઠમી યોજનાથી જ ૨.૫૦ % થી ૩.૫૦% ની ઓળખ દુર કરી ૬ થી ૮ % ના નવા વિકાસદરની પ્રતિમા ઉભી કરેલ જોવા મળે છે. પરંતુ ભારતના આ ઉંચા આર્થિક વિકાસદરનું મુખ્ય કારણ ભારત સરકારે સેવાક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્રને આપેલ વધુ પડતું મહત્વ કારણભૂત છે.

પ્રો.માઇકલના મતે, "આર્થિક વિકાસ અને સામાજિક માળખાં, જનસમુહનાં વલણો તથા રાષ્ટ્રીય સંસ્થાઓમાં મોટા પરિવર્તનો તેમજ આર્થિક વૃધ્ધિમાં વધારો, આવકની અસમાનતામાં ઘટાડો તથા નિરપેક્ષ ગરીબાઇની નાબુદી સાથે સંકળાયેલ એક બહુ પરિમાણિય પ્રક્રિયા છે."

જો આર્થિક વિકાસની વ્યાખ્યા આજ હોય તો ભારતે અત્યાર સુધી મેળવ્યું તે શું ? ભારતની વિવિધ યોજનાઓ આર્થિક વિકાસના દરનું જે ચિત્ર રજુ કરે તે માત્ર આર્થિક વૃધ્ધિ છે. તે આર્થિક વિકાસ નથી.

ભારતીય અર્થતંત્રમાં ખેતી એ કરોડરજ્જુ સમાન છે. તે દેશની ૭૫% વસ્તી ને રોજગારી પુરી પાડે છે. અને દેશની રાષ્ટ્રીય આવકમાં ૨૬ થી ૨૭% હિસ્સો આપે છે. એટલે કે પ્રત્યેક રૂપિયામાં ૨૬ થી ૨૭ પૈસાનો ફાળો કૃષિ ક્ષેત્રમાંથી આવે છે.તેમ છતાં પણ આજે કૃષિક્ષેત્ર ૧.૭૫% થી ૨.૫૦% ની આર્થિક વિકાસદર વચ્ચે ઝોલાખાતું જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ ૨૦૦૨-૨૦૦૩ માં કૃષિ અને તેના સબંધિક ક્ષેત્રનો વાર્ષિક વિકાસ ૬.૯% રહેવાને કારણે જી.ડી.પી. માં તેનો ફાળો ૩.૯% જેટલો રહ્યો હતો.

ટુંકમાં ભારતીય અર્થતંત્રમાં કૃષિ ક્ષેત્ર તરફ ખુબજ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. જ્યારે તેની સામે સેવાક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્ર તરફ સરકારે ધ્યાન આપેલુ જોવા મળેલ છે. જેના કારણે કૃષિક્ષેત્ર વધુને વધુ નબળું બનતું

**યોજનાવાર NNP માં વાર્ષિક વૃધ્ધિદર**

| | | |
|---|---|---|
| પહેલી યોજના | (1991 - 56) | 3.6 % |
| બીજી યોજના | (1956 - 61) | 4.1 % |
| ત્રીજી યોજના | (1961 - 66) | 2.5 % |
| ત્રીજી વાર્ષિક યોજનાઓ | (1966 - 69) | 3.8 % |
| ચોથી યોજના | (1969 - 74) | 3.3 % |
| પાંચમી યોજના | (1974 - 79) | 5.0 % |
| વાર્ષિક યોજના | (1979 - 80) | 6.0 % |
| છઠ્ઠી યોજના | (1980 - 85) | 5.4 % |
| સાતમી યોજના | (1985 - 90) | 5.8 % |
| વાર્ષિક યોજના | (1990 - 92) | 3.0 % |
| આઠમી યોજના | (1992 - 97) | 6.7 % |
| નવમી યોજના | (1997 - 2002) | 5.5 % |
| દશમી યોજના | (2002 - 2007) | 7.6 % |

(લેખક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નિઝરમાં અધ્યાપક છે.)




જાય છે. આજે ભારતમાં દર વર્ષે ખેડૂત દ્વારા કરવામાં આવતી આત્મહત્યાનો આંકડો વધતો જાય છે. સરદાર પટેલના મત મુજબ 'ધરતી ઉપર ઊંચા મોંઢે ચાલવાનો એક માત્ર હક્ક ખેડૂતને છે કારણકે તે સ્વાવલંબી છે.' આજે આ બાબતનું કોઈ જ પ્રાધાન્ય નથી. જો કે ભારત સરકારે પણ સ્વીકાર કર્યું છે કે દશ વર્ષમાં દેશની અંદર ૧,૧૨,૦૦૦/- ખેડૂતોએ દેવાના વધતા બોજાને કારણે આત્મહત્યા કરી છે. એન. એસ. એસ. ના સર્વેક્ષણ અનુસાર આર્થિક સુધારાના સમય દરમિયાન દેવાના કારણે ખેડૂતોની આત્મહત્નાનું પ્રમાણ બે ઘણું થયેલું જોવા મળે છે.

| સમય | કૃષિ ક્ષેત્ર | ઉદ્યોગ ક્ષેત્ર |
|---|---|---|
| પ્રથમ યોજના | ૪.૧ % | ૭.૩ % |
| બીજી યોજના | ૪.૦ % | ૬.૬ % |
| ત્રીજી યોજના | - ૧.૪ % | ૯.૦ % |
| ૧૯૬૬–૬૯ | ૬.૨ % | ૨.૬ % |
| ચોથી યોજના | ૨.૯ % | ૪.૭ % |
| પાંચમી યોજના | ૪.૨ % | ૫.૭ % |
| છટ્ઠી યોજના | ૬.૦ % | ૬.૪ % |
| સાતમી યોજના | ૨.૫ % | ૮.૫ % |
| દશમી યોજના | | |
| ૨૦૦૦–૦૧ | ૦.૦ % | ૬.૩ % |
| ૨૦૦૧–૦૨ | ૬.૨ % | ૨.૭ % |
| ૨૦૦૨–૦૩ | - ૬.૯ % | ૭.૦ % |
| ૨૦૦૩–૦૪ | ૧૦ % | ૭.૬ % |
| ૨૦૦૪–૦૫ | ૭.૦ % | ૮.૬ % |
| ૨૦૦૫–૦૬ | ૩.૯ % | ૮.૯ % |

## ઊંચા આર્થિક વિકાસ થી ઉભી થેયલ સમસ્યાઓ

ભારતીય અર્થતંત્રમાં વધુ પડતા ઉંચા વિકાસ દરે કેટલીક આર્થિક અને સામાજિક અસમાનતાઓને જન્મ આપ્યો છે. જેમાંથી મુખ્ય નીચે મુજબ છે.

### (૧) આવકની અસામાનતા

સુધારાવાદી નીતિઓ અને મૂડીવાદી નીતિએ ભારતની તીજોરીને ૨૫૨ અબજ ડોલરની વિદેશી હુંડીયામણ થી ભરી નાખ્યું છે. પરંતુ આજ નીતીએ ભારતીય પ્રજાને બે વિભાગમાં વહેંચી દીધી છે. આજે ભારતમાં ગરીબ વધુ ગરીબ અને ધનિક વધુ ધનિક બન્યો છે. એટલુંજ નહિં પરંતુ આ બંને વચ્ચેનું અંતર પ્રતિદિન વધતુ જાયછે. તાજેતરમાં જ National Council applied Economic Research એ આંકડા તૈયાર કરી એ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. રાષ્ટ્રીય આવકનો સારો એવા ભાગ દેશના ઉદ્યોગપતિઓ, મુડીદારો અને જમીનદારોનો નાનો વર્ગ ખાઈ જાય છે. દેશના ૧૦ ટોચના ગૃહો પાસે કુલ આવકના ૪૨.૫% તથા ગ્રામ્ય વિસ્તારના કુલ આવકના ૩૪% આવક કેન્દ્રીત થયેલી છે.બીજી બાજુ તળિયાના ૧૦ % વર્ગો પાસે શહેરી વિસ્તારના કુલ આવકના ૧.૩% તથા ગ્રામ્ય વિસ્તારની કુલ આવકના ૧.૧% કરતા પણ ઓછી આવક છે. આવકની આ અસમાન વહેંચણી દેશને ગરીબ અને ધનિક એમ બે ભાગમાં વિભાજીત કરે છે. જેના કારણે દેશમાં બીજી અસંખ્ય સમસ્યાઓનો જન્મ થાય છે.

### (૨) શૈક્ષણિક અસમાનતા

ઉંચા આર્થિક વિકાસ દર હાંસલ કરવાથી દેશના લોકોની આર્થિક સ્થિતી સુધરી જતી નથી. પરંતુ તે પ્રમાણે દેશમાં લોકોનું જીવનધોરણ અને તેને લગતી સગવડો હોવી જોઈએ. આજે શિક્ષણ તરફ એક નજર કરતાં એક બાબત ચોક્કસ સિધ્ધ થાય છે કે શિક્ષણનું વેપારીકરણ થઈ રહ્યું છે. આજનું શિક્ષણ બહુજ ખર્ચાળ છે જે ગરીબ વર્ગ માટે બહુજ દુર્લભ છે. આજે જે ખાનગી એજન્સી દ્વારા શિક્ષણની વહેંચણી થઈ રહી છે તેનો એક માત્ર ઉદ્દેશ નફો છે. આજે ભારતમાં

આઇ.આઇ.એમ, આઇ.ટી.આઇ, આઇ.આઇ.એસ, જેવી વિવિધ સંસ્થાઓ સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ ધરાવે છે. વિશ્વમાં કોઇપણ દેશ એવો નથી કે જ્યાં ભારતનો ડોક્ટર, ઇજનેર, વૈજ્ઞાનિક ન હોય. આજે ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓનું આકર્ષણ વધ્યુ છે જેનું કારણ શૈક્ષણિક સંકુલોમાં વધતી સુવિધાઓ છે. પરંતુ આ પધ્ધતિ એ ભારતીય શિક્ષણને એટલું મોંઘુ બનાવ્યું છે કે, ગામડાના ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થી માટે ડોકટર, ઇજનેર કે વૈજ્ઞાનિક બનું તે સ્વપ્નજ બની રહે છે. બિહાર, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ગરીબી બધુ છે. જ્યાં સામાન્ય દરે શિક્ષણ મેળવવું મુશ્કેલ છે. ત્યાં આટલું મોંઘુ શિક્ષણ માત્ર એક જાહેરાત બની રહે છે.

### (૩) ગ્રામિણ અને શહેરી અસમાનતા

ગાંધીજીના શબ્દોમાં "સાચુ ભારત તો ગામડાંમાં વસે છે." તેમ ભારતમાં ૭૬% લોકો ગામડામાં વસે છે. શહેરી અને ગ્રામ્ય લોકોના P.Q.L.I ની સરખામણી કરતાં જોવા મળે છે. શહેરીજનો કરતાં ગ્રામ્ય લોક હજુ પુરા ૫૦ વર્ષ પાછળ છે. તેનું કારણ આ લોકો મુખ્યત્વે ખેતી ઉપર આધારિત છે. આજે પણ ભારતની ખેતી આકાશી ખેતી જ કહેવાય છે. કારણકે માત્ર ૪૦% જમીનને જ સિંચાઇની સગવડ ઉપલબ્ધ છે. જ્યારે ૬૦% જમીન વરસાદ પર આધારિત છે. વળી કેટલીક વાર અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના કારણે ઉભો ને ઉભો પાક નાશ પામે છે. જેમકે, આ વર્ષે ગુજરાતના ખેડૂતોને કપાસ અને વરિયાળીના ઉત્પાદનમાં ઘણું મોટું નુકશાન થયું તેમજ તેઓ મૌસમી અને ગુપ્ત બેકારીથી પીડાતા હોવાના કારણે તેમની માથાદીઠ આવક શહેરી લોકોની સરખામણીમાં ઘણી નીચી હોય છે. જેથી તેઓ ઉચ્ચ ગુણવત્તાસભર જીવન જીવી શકતા નથી.

આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે, ગરીબી રેખા નીચે રહેતા લોકોનું પ્રમાણ ૧૯૮૩માં ૪૪.૫% હતું તે ઘટીને ૨૦૦૪-૦૫ માં ૨૭.૫ %થયેલ પરંતુ એન.એસ.એસ ના અભ્યાસ મુજબ ગરીબીનો ઘટાડાનો દર ૭૦ અને ૮૦ ના દાયકા કરતા ૧૯૯૩ થી ૨૦૦૫ દરમિયાન વધારે ધીમો પડ્યો છે. તેનું એક કારણ ગ્રામિણ ક્ષેત્રના વિકાસ માળખામાં જાહેર ક્ષેત્રનું રોકાણ ઘટ્યું છે તેથી ખેત ઉત્પાદન ઘટતાં એક દાયકાથી ખેત વૃધ્ધિદર ઘટ્યો છે.

### (૪) રોજગારીના દરમાં સ્થિરતા

ભારતીય અર્થકરણમાં ૧૯૯૧ થી Privatization, Nationalization અને Liberalization ના નવા સુધારાને કારણે ભારતમાં આજે ૯% ઉપરનો જી.ડી.પી. માં વધારો કરી શકાયો છે. એટલુંજ નહિં પણ ભારતે ૨૦૦૩-૦૪ માં જી.ડી.પી માં એફ.ડી.આઇ. ૨૫૭૫૪, મી. ડોલર હતું. જે ઓકટોબર ૨૦૦૭ સુધીમાં ૫૮૩૭૫ મી. ડોલર થવા જાય છે. તેમ છતાં પણ આજે રોજગારીના દરમાં નોંધપાત્ર વધારો કરી શકાયો નથી.

ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર આજે ભલે ૯૮.૯૭ મીલીયન લોકોને રોજગારી આપતું હોય પરંતુ તે કૃષિ ક્ષેત્રમાં મળતા રોજગારીના દર કરતા ઘણોજ નીચો છે. જોકે આર્થિક વિકાસની દ્રષ્ટિએ કૃષિક્ષેત્રા કરતા ઔદ્યોગિક અને સેવા ક્ષેત્ર ઘણા જ આગળ હોવા છતા તેમણે અપનાવેલ ભારે મૂડીવાદી નીતિના કારણે રોજગારીમાં વધારો કરી શકાયો નથી. ગ્રામિણ ક્ષેત્રમાં પુરૂષ બેકારોનો દર ૧૯૯૨-૯૪ માં ૬.૭% હતો જે ૨૦૦૪ માં વધીને ૯% થયો છે. શહેરી ક્ષેત્રમાં ૧૯૯૩-૯૪ માં પુરૂષે બેકારીનો દર ૬.૭ % હતો જે ૨૦૦૪માં ૮% રહે છે.જયારે મહિલાઓમાં ગ્રામ્ય ક્ષેત્રે ૧૯૯૩માં ૫.૬ થી ૨૦૦૪માં ૭.૩% અને શહેરી ક્ષેત્રે ૧૦.૫ થી ૧૧.૯ % થયો છે. આ બાબત દર્શાવે છે કે, છેલ્લા પાંચ દાયકા દરમિયાન વિકાસના દરમાં વૃધ્ધિ થવાની સાથે સાથે બેકારીનો દર પણ વધ્યો છે.

### (૫) માનવ વિકાસ અને આરોગ્ય

કોઇપણ દેશ માટે માત્ર ભૌતિક મૂડી જ મહત્વની હોતી નથી. પરંતુ માનવ મૂડી પણ અગત્યની છે. પરંતુ વિશ્વના વિકસિત દેશોમાં માનવ વિકાસ પાછળ રાષ્ટ્રીય આવકનો જે ભાગ ખર્ચાય છે તેની સરખામણીમાં ભારત ઘણું પાછળ છે. Human Development Index મુજબ ૧૭૭ દેશોમાં ભારતનું સ્થાન ૧૨૬મું છે જે ૨૦૦૪માં ૧૨૭ ના સ્થાને છે. આજે ભારત ભલે ૭ અને ૮ % ના દરે આર્થિક વિકાસ કરતું હોય પરંતુ માનવીય વિકાસની વાત આવે છે ત્યારે ભારત ભુતાન, નેપાળ, શ્રીલંકા જેવા દેશોના ગૃપમાં સામેલ થયેલું જોવા મળે છે. અમેરીકા અને ઇંગ્લેન્ડ જેવા દેશોમાં ૫૨૦ અને ૬૫૦ વ્યક્તિઓએ એક ડોકટર હોય જ્યારે ભરતમાં દર ૩૬૪૦ ની વસ્તીએ એક ડોકટર હોય છે. ભલે ભારતે આજે વર્લ્ડ હેરીટેજ સેન્ટરમાં નામ નોંધાવ્યું હોય પરંતુ આજે પણ ૨૫ % ભારતીઓને પીવાનું શુધ્ધ પાણી ઉપલબ્ધ નથી. ૨૫ કરોડ લોકો

*(અનુસંધાન પાનાનં ૫ ઉપર)*

# ગ્રામ વિકાસમાં માહિતી સંચાર ટેકનોલોજી : એક આવશ્યક અભિગમ

ડૉ. સતીષ પટેલ

વિકાસ 'વૃધ્ધિ' અથવા 'પ્રગતિ' કરતા તદ્દન જુદો પડે છે. વિકાસ એક સતત પ્રક્રિયા છે જેમાં વ્યક્તિઓ 'સ્વ' અને સામાન્ય હિતોને સિધ્ધ કરવા માટે સભાનતાથી પ્રયાસ કરતા રહે છે. કોઇ પણ ભેદભાવ વગર વિકાસ પ્રક્રિયાના દરેક તબક્કાઓ પર લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરે છે. અત્યારે વિકાસની ભ્રમણાત્મક અને સંકુચિત વ્યાખ્યા એવી રીતે થાય છે કે આધારભૂત સગવડો, ભૌતિક સંશાધનોનું સર્જન તથા જુદા જુદા કાર્યક્રમો દ્વારા લોકોને કંઈક આપવું જેથી તેની આવકમાં વધારો થાય તે પૂરતો છે. પણ આ વિકાસની સંકલિત દ્રષ્ટિ અને લક્ષ્યને સ્પષ્ટ કરવામાં તે સક્ષમ નથી. જ્યાં સુધી માણસ પોતાની જુદી જુદી ભૂમિકાઓ ભજવામાં સક્ષમ ન થાય, ભૌતિક કક્ષાએ પોતાનું જીવન સારી રીતે જીવી ન શકે, પોતાની સ્થિતિ પર ગર્વ ન લઈ શકે, પર્યાવરણ સંતુલનની દ્રષ્ટિએ વિભિન્ન ઘટકો વચ્ચે સામ્યતા સ્થાપી ન શકે ત્યાં સુધી વિકાસ માત્ર કલ્પના જ બનીને રહેશે, સાકાર રૂપ થઈ શકશે નહિ. આમ, ગ્રામ વિકાસની પ્રક્રિયા હવે માહિતીના આધારસ્તંભ ઉપર ઉભી છે, આથી જ માહિતી સંચાર ટેકનોલોજી હવે માહિતી યુગનું કેન્દ્ર બિન્દુ અને જરૂરી બાબત બની ગઈ છે.

"માહિતીનું આદાન-પ્રદાન" વિકાસ સંસ્થાઓના કાર્યના કેન્દ્ર સ્થાને સુસંગત રહેલ છે. પરંતુ તાજેતરના વર્ષોમાં માહિતી અને જ્ઞાનની ઓળખ વૃધ્ધિને સહાય કરતાં તેમજ વહીવટી જ્ઞાન માટે લોકો ઉપયુક્ત માહિતી સંચાર ટેકનોલોજીનો ખૂબજ ફેલાવો અનુભવે અને તેથી વિકાસ માટે જ્ઞાનના મહત્વ પર પ્રકાશ પાડ્યો છે. માહિતી સંચાર ટેકનોલોજી વિકાસના ધ્યેયથી શક્તિશાળી સત્તા બની શકે તેમ છે, કારણ કે તેની વિશિષ્ઠ લાક્ષણિકતાઓ નવા સામાજિક નેટવર્કને પેદા કરવા તેમજ મજબૂત બનાવવા માટે સંચાર અને માહિતીના આદાનપ્રદાનને સુધારી વિકસીત કરે છે, તે આ પ્રમાણે છે.

### સર્વવ્યાપી

માહિતી સંચાર ટેકનોલોજી એ માનવ પ્રક્રિયાની વિશાળ શ્રેણી, વ્યક્તિગત ઉપયોગથી માંડીને ધંધા તેમજ સરકારને લાગુ પાડી શકાય તેવી ઘણી કાર્યક્ષમતાવાળું અને સુગમ્ય છે જે વિરૂધ્ધ જરૂરીયાતોને પણ પહોંચી વળવા સક્ષમ છે. વ્યક્તિગત અને સ્થાનિક વિવિધ ઉકેલ માટે પણ વિકલ્પો આપે છે.

### નેટવર્કની રચના

માહિતી સંચાર ટેકનોલોજી નેટવર્કની રચના માટેની ચાવીરૂપ સત્તા છે, એ એવી રીતે પહોંચવાના માર્ગ સાથે દર્શાવી શકાય કે જેથી ઉપયોગ કર્તાઓને વધારાના લાભો મેળવવા માટે મદદરૂપ થાય છે.

### મધ્યસ્થી

માહિતી સંચાર ટેકનોલોજી મધ્યસ્થી તરીકેની સગવડ પૂરી પાડે છે, જેના કારણે ઉપયોગકર્તાને ઉત્પાદન અને સત્તાઓ પૂરી પાડનાર તરફથી સીધું જ મેળવવાનું શક્ય બનાવે છે અને મધ્યસ્થીની જરૂરિયાતને ઘટાડે છે. આ કાર્યક્ષમતા ગણનાપાત્ર સ્ત્રોત જ નથી પણ હકીકતમાં કહેવાતા 'એકનું બજારએટલે મારું બજાર' નું સર્જન કરવા માટેના કારણો માનું એક છે, જે માહિતી સંચાર ટેકનોલોજીના સષુપ્ત બળથી પ્રાપ્ત થતું બળ છે.

### માહિતી અને જ્ઞાનનો પ્રસાર

માહિતી અને જ્ઞાનના પ્રસારમાં સમાવિષ્ટ વસ્તુને તેની ભૌતિક જગ્યાએથી છૂટા પાડીને પોષણ કરે છે. આ માહિતીના પ્રસારની મોટાપાયે ભૌગોલિક સીમાઓ અભેદ છે અને પછાત જ્ઞાતિઓને પણ નેટવર્કમાં એક બનાવવા માટે પરવાનગી આપે છે. માહિતી, જ્ઞાન અને સાંસ્કૃતિકતા, સરળતાથી દરેકને સૈધ્ધાંતિક રીતે પહોંચી શકે તેવું બનાવે છે.

### કિંમતમાં ઘટાડો

માહિતી સંચાર ટેકનોલોજી,

(લેખક કમ્પ્યુટર એકમ, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા માં કાર્યરત છે.)

ઉત્પાદન અને સેવાઓનો 'આંકડાકીય' અને 'વાસ્તવિક' ખ્યાલ શૂન્ય અથવા તો ઘટતી વચગાળાની કિંમત માટે પરવાનગી આપે છે. જેના કારણે માહિતી સંચાર ટેકનોલોજી લેવડ દેવડની કિંમત પણ ઘટાડે છે.

**સ્થાપિત કામગીરીમાં અસરકારક રીતે ઉપયોગ**

માહિતી સંચાર ટેકનોલોજીથી શક્તિ સંગ્રહ, પુનઃપ્રાપ્તી, અલગ પાડવી, ગાળણ કરવાની, માહિતીને સળંગ રીતે વહેંચવાની સત્તા, ઉત્પાદન, વહેંચણી અને બજારમાં પુરતા પ્રમાણમાં કાર્યદક્ષતા પ્રાપ્ત કરવા પહોંચી શકે અને ધંધાકીય પ્રક્રીયાઓને અને લેવડ દેવડને પારદર્શક તેમજ વધારે અસરકારક બનાવે છે.

**કાર્યક્ષમતામાં વધારો**

માહિતી સંચાર ટેકનોલોજી દ્વારા કાર્યક્ષમતામાં વધારો અને તેના કારણે કિંમતમાં ઘટાડો લવાતો હોવાથી તેને નવા ઉત્પાદન, સેવાઓ અને પ્રણાલિકાગત ઉદ્યોગોની અંદર વહેંચણીના માર્ગનું નિર્માણ કરવા તેમજ નવા ઉદ્યોગોને વધારે સારા ફેરફાર કરવા આગળ કરે છે.

**વિશ્વ વ્યાપક**

માહિતી સંચાર ટેકનોલોજીએ વિશ્વ વ્યાપક છે. નેટવર્કના સર્જન અને વૃધ્ધિ દ્વારા વ્યક્તિ અથવા સમૂહને જીવવા તેમજ ગમે ત્યાં કામ કરવાની ક્ષમતા પૂરી પાડીને, રાષ્ટ્રીયતાના ભેદભાવ રાખ્યા વગર સમાજને વૈશ્વિક નેટવર્કની આર્થિક વ્યવસ્થાનો ભાગ બનવા પરવાનગી આપે છે. વર્તમાન કાર્યનીતિ દેશોમાં તેમજ દેશો વચ્ચેની કાયદેસર અને નિયમન કરનાર માળખાને પડકારીને સાંસ્કૃતિક તેમજ ભાષાના અવરોધોથી પણ આગળ નીકળી વિશ્વ વ્યાપક બન્યું છે.

ઉપરોક્ત લાક્ષણિકતાઓ પરથી સ્પષ્ટ થાય છે કે માહિતી સંચાર ટેકનોલોજી એક એવી સત્તા છે જે ગ્રામ વિકાસ સાથે સંકળાયેલી માનવશક્તિની સુષુપ્ત શક્તિઓને કાર્યશીલ કરવા ચાવીરૂપ ભૂમિકા ભજવી કાર્યપ્રણાલી અને વહીવટીતંત્ર વગેરેને સક્રિય અને પોષણક્ષમ બનાવે છે. સૈધ્ધાંતિક રીતે માહિતી સંચાર ટેકનોલોજી વિકાસના કામોમાં માર્ગદર્શક અને સ્થાનિક જરૂરિયાતોનું કાયમી સમાધાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે. વિકાસલક્ષી ધ્યેયો હકારાત્મક રીતે સિધ્ધ થાય તે માટે માહિતી સંચાર ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ પણ જરૂરી છે.

માહિતી સંચાર ટેકનોલોજીની લાક્ષણિકતાઓ ગ્રામ વિકાસની પ્રક્રિયાને વેગવાન બનાવી શકે તેમ છે. માહિતી સંચાર ટેકનોલોજીથી છેવાડાની વ્યક્તિને વિકાસના કેન્દ્રમાં ભાગીદાર બનાવી શકાય. ટકાઉ વિકાસથી પણ આગળ સમ્પોષિત વિકાસ માટે માહિતી સંચાર ટેકનોલોજીનો અભિગમ જ પ્રવર્તમાન સમયમાં દિશાસૂચક છે.

● ● ●

*(અનુસંધાન પાનાનં ૨૯ થી શરૂ)*

**ખનિજ તેલની વેચાણ કિંમત કઇ રીતે નક્કી થાય છે ?**

ઓપેક દ્વારા નિર્ધારિત થતી બાસ્કેટ પ્રાઇસનો વાસ્તવિક વેચાણ સોદા સમયે સંદર્ભ તરીકે ઊપયોગ થાય છે. ગ્રાહક દેશ તથા વેપારી દેશ વચ્ચે ચોક્કસ દિવસે ચોક્કસ જથ્થા માટે સોદો થાય ત્યારે વેચાણ ભાવ બાસ્કેટ પ્રાઇઝ આસપાસ બંને પક્ષની ગરજને આધારે નક્કી થાય છે. તેલની ભાવ સપાટીનું બેરોમીટર એટલે બાસ્કેટ પ્રાઇઝ.

તેલની ખરીદીની તારીખના અઠવાડીયાના સરેરાશ ભાવ કાઢી સ્ટીમરમાં તેલનો જથ્થો રવાના કરવાનો દિવસ આવવાના છેલ્લા બે દિવસનો સરેરાશ ભાવ ધ્યાનમાં લેવામાં આવે છે. કામચલાઊ ભાવ માલ નીકળતી વખતે નક્કી થયા બાદ બંને દેશ વચ્ચે થયેલા ખરીદ વેચાણ કરાર અન્વયે અંતિમ કિંમત પરિવહન ખર્ચ, વિમો વગેરેને ધ્યાનમાં લઇ ઠરાવવામાં આવે છે.

સોદો સાર્થક થાય તેવો ભાવ આદર્શ રીતે વેપારી અને ગ્રાહક વચ્ચે બંધાય છે, પણ તેલની બજારનો ખેલ અનોખો છે. પ્લેટ નામની આંતરરાષ્ટ્રીય તેલ એજન્સી દ્વારા વિશ્વ ભાવ સપાટીને આધારે નિર્ધારિત થતા સાપ્તાહિક સરેરાશ ભાવના આધારે ભારત દ્વારા તેલની ખરીદી કરવામાં આવે છે. ઓર્ડર અપાયા બાદ ૪ થી ૬ દિવસમાં પશ્ચિમ તથા પૂર્વ કિનારે માલ પહોંચાડવાના કરાર ભારત કરે છે. તેલમાં વાયદાનો વેપાર થતો નથી એટલે હમેંશા હાજર માલના સોદા પ્લેટ એજન્સીના સિંગાપોર ખાતે જાહેર થતા ભાવ ઉપર સોદો કરવો પડે છે. ઓપેક દ્વારા થતા ભાવ ઊપર સોદો કરવો પડે છે. ઓપેકનો પ્રત્યેક સભ્ય દેશ પોતાની આગવી વેચાણ કિંમત પણ ધરાવે છે. અલગ અલગ ગુણવત્તા ધરાવતા ક્રુડતેલના ઉત્પાદનમાં વધારો ઘટાડાની અસર પણ ભાવસપાટી ઊપર રહે છે. ખનિજતેલની ખરીદીમાં અંક શાસ્ત્રના વિવિધ મોડેલનો ખપ પડે છે, અન્યથા ગ્રાહકને જાણ બહાર સોદો મોંઘો પડી જાય છે.

● ● ●

# માહિતી અને પ્રસારણ મંત્રાલયની વિસ્તરતી ક્ષીતિજો

*મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના માહિતી અને સિનેમેટોગ્રાફી મંત્રીઓની બેઠક સપ્ટેમ્બર, ૨૦૦૭માં નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજવામાં આવેલી ત્યાર બાદ માહિતી અને પ્રસારણ સચિવના અધ્યક્ષપદે એક દિવસની સચિવકક્ષાની બેઠક પણ યોજાઈ હતી આ બેઠકમાં દિલ્હીના મુખ્યમંત્રી અને ૧૪ રાજ્યોની મંત્રીઓની હાજરીમાં માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રિયરંજનદાસ મુનશી એ બેઠકને ખુલ્લી મૂકી. તેમાં મનોરંજન વેરા, પ્રસારણ સેવા નિયમન વિધેયક, સીએએસનો અમલ, સામુદાયિક રેડિયો નીતિ વગેરે અંગે વિશદ્ ચર્ચા થઈ અને મહત્વના નિર્ણયો સર્વાનુમતે લેવાયા, તેમાં પ્રસારણ સેવા નિયમન વિધેયકને તમામ રાજ્ય સરકારોએ ટેકો આપ્યો અને ઝડપથી અમલ માટે જણાવ્યું. પ્રસારણમાં માહિતીના નિયમન પર ભાર મૂકાયો અને ધંધાકીયહીતના જોખમે પણ અમલી બનાવવા જણાવ્યું સીએએસનો અમલ નવાં શહેરોમાં કરતાં પહેલાં લોકોના પ્રતિભાવ મેળવવા પર ભાર મૂકાયો. આ બેઠકમાં સામુદાયિક રેડિયો નીતિને આવકારવામાં આવી અને મનોરંજન વેરામાં ઘટાડો કરવા સંમતિ જોવા મળી.*

**મા**હિતી અને પ્રસારણ મંત્રાલયે લોકોને માહિતી સરળતાથી મળી રહે અને ઇલેક્ટ્રોનિક માધ્યમાએ ઘણા નીતિવિષયક નિર્ણયો લીધી છે. તેમાં વિજ્ઞાપન અને દ્રષ્ય પ્રચાર નિદશાલયની નવી જાહેર ખબર નીતિમુખ્ય છે.

ઓક્ટોબર, ૨૦૦૭માં ડીએવીપીના નવી જાહેરખબર નીતિ જાહેર થઇ. તેમાં નાના અખબારો માટે જાહેરખબરની ફાળવણી ૧૦ થી ૧૫ ટકા, મધ્યમ અખબારો માટે ૩૦ થી ૩૫ ટકા કરવામાં આવી. ડીએવીપીની તમામ જાહેરખબરોના ૫૦ટકા મોટાં અખબારોને, ૩૫ ટકા મધ્યમ અખબારોને અને ૧૫ ટકા નાનાં પ્રકાશનોને અપાશે. તેમાં અંગ્રેજી અખબારોને ૩૦ ટકા, હિન્દી અખબારોને તથા અન્ય ભાષાનાં અખબારોને દરેકને ૩૫ ટકા જાહેરખબરો આપવામાં આવશે. અગાઉ અંગ્રેજી અખબારોને ૫૦ ટકા જાહેરખબરો અપાતી હતી.

આ ઉપરાંત ડીએવીપી મારફતે પ્રાદેશિક અખબારો તથા લોકો, ડોગી, કાશ્મીરી, ખાસી, કોંકણી, મૈથીલી, મણિપુરી, નેપાળી, સંસ્કૃત, સાંથાલી, સિંધી, ઉર્દુ અને આદિજાતિગત ભાષાઓને ટેકો વધાર્યો છે. આ ભાષાનાં અખબારોને ૫૦૦ પ્રત વેચાતી હશે તો પણ પેનલ ડીએવીપી તૈયાર કરશે. અગાઊ માત્ર સંસ્કૃત ભાષાને જ આ લાભ મળતો હતો. આ ભાષાનાં અખબારોને છ મહિનાનો ગાળો થયો હશે તો પણ જાહેરખબર માટેની પેનલમાં સમાવવામાં આવશે. અગાઉ આ સમયગાળો ૧૨ મહિના હતો. નાના અને મધ્યમ અખબારો માટેનો સમય ૩ વર્ષથી ઘટાડીને દોઢ વર્ષ કરવામાં આવ્યો છે. સરકારે વિતરણની જરૂરિયાતો પણ હળવી કરી છે હવે ૬૦૦૦ના બદલે ૨૫૦૦૦ સુધીનું વિતરણ ધરાવતા અખબારોના વિતરણને તપાસમાંથી મુક્તિ આપી છે.

જાન્યુઆરી થી નવેમ્બર, ૨૦૦૭ દરમિયાન ૧૦૩ જેટલી એફએમ રેડિયો ચેનલ શરૂ થઇ છે અને તે રીતે દેશમાં ૧૫૦ ચેનલો કામ કરતી થઈ છે. બીજા તબક્કામાં ૯૭ એફએમ રેડિયો સ્ટેશનો ફાળવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ રેગ્યુલેશન વિધેયક ફરીથી તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં રસ ધરાવતા લોકોની ભલામણો વિચારવામાં આવી છે. અને તેને વેબસાઇટ પર મૂકવામાં આવ્યું છે. તેની તરફેણ અને વિરોધમાં પ્રતિભાવો મળવાની તથા વિચારવાની પ્રક્રિયા ચાલુ છે. આ વિધેયકમાં માહિતી આચારસંહિતા સમાવી છે અને તે અંગે પણ વેબસાઇટ પર લોકોનો અભિપ્રાય મેળવવામાં આવ્યો છે. તેમાં જાહેર પ્રજા સમક્ષ રજુ થતી માહિતીમાં સામાજિક ધોરણો જળવાય અને અયોગ્ય તથા ભયજનક માહિતી ટેલિવિઝન દ્વારા રજુ થાય તેને રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મંત્રાલયની વેબસાઇટ પર સ્વયંશિસ્ત માટેના માર્ગદર્શન મૂકવામાં આવ્યાં છે. તેમાં સિધ્ધાંતો, માર્ગદર્શક સૂચનો અને નિતિમત્તાનાં ધોરણોનો સમાવેશ થાય છે.

અને તે પ્રસારણ સેવા આપનારે જાળવવાના હોય છે. તેમાં કોઇ પણ માધ્યમ કે નેટવર્કના ઉપયોગમાં કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમન કાયદા, ૧૯૯૫ હેઠળ સૂચિત અને પ્રમાણિત નિયમોનો કાર્યક્રમોમાં અમલ કરવા પર ભાર મૂક્યો છે. તેમાં ખાસ વિશેષતા એ છે કે સ્વયં નિયમન પર જોર આપવામાં આવ્યું છે, અને નિયમન સત્તામંડળની ભૂમિકા ખૂબજ ઓછી મૂકવામાં આવી છે અને મહદઅંશે સર્વિસ પ્રોવાઇડરને નિયમોની અમલ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. દિલ્હી, મુંબઇ, કોલકત્તા અને ચેન્નાઇમાં કંડીશનલ એક્સેસ સીસ્ટમ-સીએસએસ અમલી બનાવી છે. તેમાં ટેલિવિઝનના કાર્યક્રમોમાં દર્શકોને વ્યાપક પસંદગી મળી રહે છે. જો સફળ રહેશે તો તેને સમગ્ર દેશમાં લાગુ કરાશે.

૧૮૫૭નાં ૧૫૦ વર્ષ અને આઝાદીના ૬૦ વર્ષ અને શહિદ ભગતસિંહની જન્મ શતાબ્દી નિમિત્તે એક વિશિષ્ટ ટ્રેન પ્રદર્શને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૭ થી શરૂ કરવામાં આવ્યું છે. ડીએવીપી, માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા સાંસકૃતિક મંત્રાલય સહયોગથી આઝાદી એક્સપ્રેસ પ્રોજેક્ટ શરૂ થયો હતો. આઠ મહિના માટે તે વિવિધ સ્ટેશનો પર રોકાશે અને ૧૫ મે, ૨૦૦૮ સુધી ફરશે. ૧૧ કોચના આ પ્રદર્શનમાં ૧૫૦ વર્ષનો ઇતિહાસ દર્શાવતા ફોટોગ્રાફ, નિદર્શન, માહિતી, ઓડીયો વીડિયો વગેરે જોવા મળે છે. પ્રથમ આઠ ડબામાં આઝાદીની ચળવળ વિશે માહિતી છે. ૭૦ સ્થળોએ તે ફરશે અને ૨ થી ૫ દિવસ રોકાશે અને લોકો ત્યાં આઝાદીની ચળવળના બનાવો નિહાળી શકશે.

મંત્રાલય દ્વારા રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના માહિતી અને સિનેમેટોગ્રાફી મંત્રીઓની બેઠક સપ્ટેમ્બર, ૨૦૦૭માં નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજવામાં આવેલી ત્યાર બાદ માહિતી અને પ્રસારણ સચિવના અધ્યક્ષપદે એક દિવસની સચિવકક્ષાની બેઠક પણ યોજાઇ હતી આ બેઠકમાં દિલ્હીના મુખ્યમંત્રી અને ૧૪ રાજ્યોની મંત્રીઓની હાજરીમાં માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રિયરંજનદાસ મુનશી એ બેઠકને ખુલ્લી મૂકી. તેમાં મનોરંજન વેરા, પ્રસારણ સેવા નિયમન વિધેયક, સીએએસનો અમલ, સામુદાયિક રેડિયો નીતિ વગેરે અંગે વિશદ્ ચર્ચા થઇ અને મહત્વના નિર્ણયો સર્વાનુમતે લેવાયા, તેમાં પ્રસારણ સેવા નિયમન વિધેયકને તમામ રાજ્ય સરકારોએ ટેકો આપ્યો અને ઝડપથી અમલ માટે જણાવ્યું. પ્રસારણમાં માહિતીના નિયમન પર ભાર મૂકાયો અને ધંધાકીયહીતના જોખમે પણ અમલી બનાવવા જણાવ્યું સીએએસનો અમલ નવાં શહેરોમાં કરતાં પહેલાં લોકોના પ્રતિભાવ મેળવવા પર ભાર મૂકાયો. આ બેઠકમાં સામુદાયિક રેડિયો નીતિને આવકારવામાં આવી અને મનોરંજન વેરામાં ઘટાડો કરવા સંમતિ જોવા મળી.

સરકારે જમ્મુ અને કાશમીરમાં આકાશવાણી અને દૂરદર્શનની સેવાઓ સુધારવાના પેકેજને મંજૂરી આપી છે. રૂા.૨૯૯.૮૭ કરોડના આ પેકેજમાં દૂરદર્શન કાશ્મીર ચેનલના વિવિધ સ્ત્રોતો ઉપયોગના સોફ્ટવેર પાછળ રૂા.૩૧.૧૭ કરોડ ખર્ચાશે. તેના કારણે આ ચેનલના દર્શકોમાં વધારો થશે અને પાકિસ્તાન હસ્તકના કાશ્મિરના પ્રચાર કાર્યક્રમોની સામે આક્રમણ અસર ઉભી થશે આ ઉપરાંત તેના દ્વારા ઉચ્ચ ગુણવત્તાના કાર્યક્રમો તૈયાર થશે અને સરહદી વિસ્તરામાં પ્રસારણ માળખું મજૂબદ બનશે.

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો દ્વારા સમગ્ર દેશમાં જાહેર માહિતી અભિયાન હાથ ધરાયું છે તે દ્વારા લોકોમાં જાગૃતિ અને સરકારના અગ્રણી કાર્યક્રમનોની માહિતી પૂરી પાડવામાં આવે છે. આ વર્ષે આ પ્રકારની ૮૦ જેટલી જાહેર પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી, અને તેમાં વિકાસલક્ષી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું તેની સાથે અન્ય એકમો ગીત અને નાટ્ય વિભાગ, ક્ષેત્રીય પ્રચાર નિદશાલય, તથા ડીએવીપીનો સહયોગ મેળવીને પ્રસિધ્ધ આપવામાં આવી તેમાં પછાત, સંવેદનશીલ અને લઘુમતી વિસ્તારોને પણ આવરી લેવામાં આવ્યા.

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો દ્વારા ત્રણ દિવસની આર્થિક તંત્રી પરિષદ યોજાઇ અને તેમાં દેશના ૬૩ અખબારોના તંત્રીઓ સહિત ૩૫૦ પત્રકારોએ ભાગ લીધો. આ પરિષદમાં નાણાં, કૃષિ, ગ્રાહક બાબતો, અનાજ પૂરવઠા અને વિતરણ, પેટ્રોલિયમ અને કુદરતી વાયુ, નાગરિક ઉડ્ડયન, સ્ટીલ, રસાયણ અને ખાતર, શ્રમ મંત્રાલયના મંત્રીઓ સાથે ચર્ચા વિચારણા થઇ. આ જ પ્રકારની સામાજિક સમસ્યાઓ અંગેની પરિષદ પણ યોજવામાં આવી.

ફિલ્મોત્સવ નિદેશાલય દ્વારા ગોવા સરકાર સાથેના સહયોગમાં ૩૮મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૭, દરમિયાન યોજાઇ ગયો તેમાં છ દેશોની ૧૭૬ ફિલ્મો દર્શાવવામાં આવી હતી. આ પ્રસંગે બીહાઇન્ડ ધ ફ્રેમ્સ નામનું સિનેમાલક્ષી સાધનોનું પ્રદર્શન યોજાયું હતું. તેને

***(અનુસંધાન પાનાનં ૧૫ ઉપર)***

# વાયબ્રન્ટ ગુજરાતમાં જળસંચયનો ઉત્સવ

ડો. લલીત ચૌહાણ

*જળસંચય ઉત્સવને કારણે ભૂગર્ભ જળસપાટી નીચે ઉતરતી જતી હોવાનો ક્રમ ઉલટાવીને ઉપર આવતી જણાઈ છે. એટલું જ નહીં ઉનાળામાં પણ ભૂગર્ભ જળ સપાટી ઉંચે આવી હોય તે ઘટના રાજ્યના ઈતિહાસમાં સૌ પ્રથમવાર થઈ છે. સૌરાષ્ટ્રના જિલ્લામાં જળસંચયથી પાણી સ્તરનો ફેરફાર જોઈએ તો જામનગરમાં જળસપાટી ઉંચે આવવાનું પ્રમાણ ૨.૦૪ મીટર, રાજકોટ ૩.૯૫ મીટર, સુરેન્દ્રનગરમાં ૩.૮૧ મીટર, ભાવનગરમાં ૧.૪૩ મીટર, અમરેલીમાં ૬.૦૦ મીટર, જૂનાગઢ ૩.૨૬ મીટર વગેરે જેટલી ભૂગર્ભ સપાટી જળસંચયના કારણે ઉંચે આવી છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પણ ભૂગર્ભ જળસપાટીમાં વૃધ્ધિ જળસંચયના કારણે જ થઈ છે તેવું સિધ્ધ કર્યું છે.*

"જળ એ જ જીવન, જીવન એ જ ઉત્સવ" એ સુત્રને વાયબ્રન્ટ ગુજરાતને પૂર્ણ કરવા અને જળક્ષેત્રે જોડાયેલી વૈશ્વિક સંસ્થાઓ, જળ નિષ્ણાંતો તથા પાણીની સર્વગ્રાહી ચિંતા કરનારા તજજ્ઞો એવી આગાહી કરે છે કે ભારત સહિત સમગ્ર વિશ્વ આગામી દિવસોમાં પાણીના એક એક બિંદુ માટે લડતું જોવા મળશે, આ આગાહી વિશ્વના ભારત સહિત અન્ય દેશો માટે સાબિત થાય કે ન થાય પરંતુ ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી ગુજરાતની પાણીની સમસ્યાના સર્વગ્રાહી ઉપાયોને ધ્યાનમાં લેતા આ અમંગળ વાણી ગુજરાતમાં તો સાચી ઠરે તેવા કોઇ જ ચિન્હો દેખાતા નથી.

છેલ્લા વર્ષો દરમિયાન ગુજરાત પર પ્રકૃતિની અસીમ મહેર હોય તેમ મેઘરાજાએ આ ચાલુ વર્ષો દરમિયાન રાજ્યના સરેરાશ ૮૦૦ થી ૯૦૦ મી.મી ની સામે સરેરાશ ૧૨૦૦ થી ૧૩૦૦ મી.મી. નો વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ ગુજરાત તરફ ગુજરાત રાજ્યના ચેકડેમ, દોઢલાખથી વધુ ખેતતલાવડીઓ, હજારો તળાવો, સેંકડોની સંખ્યામાં બોરીબંધ અને પૂર્વ અને ઉત્તર ગુજરાતના કુલ સાત જિલ્લાઓ માટે તૈયાર ૩૩૭ કિલોમીટર લાંબી પથરાયેલી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ ચાલુ વર્ષે વરસાદના પાણીનો ગત વર્ષોની તુલનામાં અંદાજિત ૪.૬૦ મિલિયન ઘન ફૂટ પાણીનો સંગ્રહ થયો છે. તેમજ રાજ્યના મોટાભાગના બંધોમાં પૂર્ણ કે ૭૦% થી વધુ જળરાશિનો સંગ્રહ થયો. તેના પરિણામે ગત ૧૦ વર્ષની સરેરાશ કરતા ચાલુ વર્ષે ૧,૫૯,૧૫૨ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ વધુ કરી શકાયો છે. જેમકે, નાના મોટા જળાશયોમાં ચાલુ વર્ષે જળરાશિ એકત્ર જોઈએ તો,.....

- દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૧,૬૨,૪૨૭ મિલિયન ઘનફૂટની સામે ૨,૦૦,૯૩૫ મિલિયન ઘનફૂટ.
- મધ્ય ગુજરાતમાં સરેરાશ ૨૮,૫૯૮ મિલીયન ઘનફૂટની સામે ૭૦,૩૫૦ મિલીયન ઘનફૂટ.
- ઉત્તર ગુજરામાં સરેરાશ ૨૨,૨૯૨ મિલિયન ઘનફૂટની સામે ૫૪,૧૭૧ મિલિયન ઘનફૂટ.
- સૌરાષ્ટ્રમાં સરેસાશ ૩૨,૬૩૬ મિલિયન ઘનફૂટની સામે ૬૬,૩૧૧ મિલિયન ઘનફૂટ.
- કચ્છ જિલ્લામાં સરેરાશ ૨,૭૯૬ મિલિયન ઘનફૂટની સામે ૬,૧૩૧ મિલિયન ઘનફૂટ.

આમ, ગુજરાત રાજ્યમાં ગત વર્ષો કરતા સરેરાશ ચાલુ વર્ષે વધુ પાણીનો સંગ્રહ જળસંચય ઉત્સવથી થયો છે.

જળસંચય માટે ચેકડેમની સાથોસાથ ખેતતલાવડીઓને ગુજરાત સરકારે પણ ખૂબ જ મહત્વ આપ્યું છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત રાજ્યમાં દોઢ લાખ જેટલી ખેતતલાવડીઓ બનવાથી ૧૦૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો ભૂગર્ભમાં સંગ્રહ થયો છે. જેથી તેમની આસપાસના અનેક કૂવા અને બોર રીચાર્જ થયા. આ કૂવાઓ અને બોર રિચાર્જ થવાને કારણે સિંચાઈ સુવિધા વધી

(લેખક બી.ડી.કણકીયા કોલેજ, સાવરકુંડલામાં વ્યાખ્યાતા છે.)

છે. ખેતતલાવડીની જેમ હજારો ચેકડેમના કારણે પણ વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ થયો છે. છેલ્લા ૨ વર્ષ દરમિયાન રાજ્યની નદીઓ પર ૧૦૦૦ થી વધુ હરોળબંધ ચેકડેમ બંધાવાના કારણે આ વર્ષે નદીઓમાં ૧,૧૭,૬૦૦ મિલિયન ઘનફૂટ પાણી ભૂગર્ભમાં રિચાર્જ કરી શકાયું છે. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ઉપરાંત કૃષિ ગ્રામવિકાસ તથા વનવિભાગની નાની મોટી યોજનાઓ અંતર્ગત રાજ્યમાં ૮૦,૦૦૦ થી વધુ ચેકડેમ બન્યા છે. ચેકડેમ દ્વારા જળસંચય થવાના કારણે ૩૫,૦૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ શક્ય બન્યો. જો કે, સામાન્ય રીતે જે પાણી સંગ્રહ થાય છે. તેનું ૧૦% પાણી રીચાર્જ થતું હોય છે. ઉપરાંત જળ સંચય માટે ગુજરાત રાજ્યમાં ૫૦૦૦ થી વધુ તળાવો ઉંડા કરીને ૨૦,૦૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો જથ્થો સંગ્રહી શકાયો છે. ગામ તળાવ ઉંડા કરી તળાવની સંગ્રહશક્તિ વધારવાના પ્રયાસોના પરિણામે આસપાસના વિસ્તારોમાં ત્રણ થી પાંચ મીટર પાણીના સ્તર ઉંચા આવ્યાં છે.

**જળસંચય દ્વારા પાણીના સ્તરમાં ફેરફાર**

ગુજરાત રાજ્ય સરકાર જળસંચય ઉત્સવને કારણે રાજ્યમાં જુદાં-જુદાં વિસ્તારોમાં પાણીના સ્તરમાં જે ફેરફાર થયો છે તે નોંધપાત્ર છે. સામાન્ય રીતે.

દક્ષિણ ગુજરાતમાં પાણીના સ્તરમાં સરેરાશ ૩.૫૭ મીટરનો વધારો થાય છે. તેમની સામે ચાલુ વર્ષે ૫.૭૬ મીટરનો વધારો નોંધાયો છે.

મધ્ય ગુજરાતમાં પાણીના સ્તરમાં ૩.૦૩ મીટરનો વધારો થાય છે. તેમની સામે ચાલુ વર્ષે ૫.૦૧ મીટરનો વધારો નોંધાયો છે.

ઉત્તર ગુજરાતમાં પાણીના સ્તરમાં સરેરાશ ૨.૨૦ મીટરનો વધારો થાય છે. તેની સામે ચાલુ વર્ષે ૪.૧૫ મીટરનો વધારો નોંધાયો છે.

સૌરાષ્ટ્રમાં પાણીના સ્તરમાં સરેરાશ ૬.૨૦ મીટરનો વધારો થાય છે. તેની સામે ચાલુ વર્ષે ૮.૫૦ મીટરનો વધારો નોંધાયો છે.

કચ્છ જિલ્લામાં પાણીના સ્તરમાં સરેરાશ ૧.૯૧ મીટરનો વધારો થાય છે. તેની સામે ચાલુ વર્ષે ૨.૩૧ મીટરનો વધારો નોંધાયો છે.

આમ જળસંચય ઉત્સવને કારણે ભૂગર્ભ જળસપાટી નીચે ઉતરતી જતી હોવાનો ક્રમ ઉલટાવીને ઉપર આવતી જણાઇ છે. એટલું જ નહીં ઉનાળામાં પણ ભૂગર્ભ જળ સપાટી ઉંચે આવી હોય તે ઘટના રાજ્યના ઇતિહાસમાં સૌ પ્રથમવાર થઈ છે. સૌરાષ્ટ્રના જિલ્લામાં જળસંચયથી પાણી સ્તરનો ફેરફાર જોઇએ તો જામનગરમાં જળસપાટી ઉંચે આવવાનું પ્રમાણ ૨.૦૪ મીટર, રાજકોટ ૩.૯૫ મીટર, સુરેન્દ્રનગરમાં ૩.૮૧ મીટર, ભાવનગરમાં ૧.૪૩ મીટર, અમરેલીમાં ૬.૦૦ મીટર, જૂનાગઢ ૩.૨૬ મીટર વગેરે જેટલી ભૂગર્ભ સપાટી જળસંચયના કારણે ઉંચે આવી છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પણ ભૂગર્ભ જળસપાટીમાં વૃધ્ધિ જળસંચયના કારણે જ થઇ છે તેવું સિધ્ધ કર્યું છે.

આમ ગુજરાતમાં કુદરતી વરસાદનું પ્રમાણ વધ્યું છે તેમજ વરસાદના પાણીના મહત્તમ સંગ્રહ માટે રાજ્યમાં બનાવાયેલ હજારો ખેતતલાવડીઓ, ચેકડેમો, તળાવો, પાતાળકૂવા અને મહત્વની સરકારી સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલની વ્યવસ્થા વગેરે દ્વારા જળસંચય માટે લાખો ઘનમીટર પાણીનો ભૂગર્ભમાં સંગ્રહ થઈ શક્યો છે.સમગ્રતયા જોઇએ તો ગુજરાતની પ્રજાશક્તિ અને પ્રશાસને જળસંચય ઉત્સવના ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી દ્વારા યશસ્વી સિધ્ધિ હાંસલ કરીને સમગ્ર દેશને નવી દિશા ચિંધી છે. જળસંચયના કારણે નિર્મિત વિકાસ પ્રક્રિયા આગામી દિવસોમાં સ્વભાવિક પ્રક્રિયા બનવાની છે. જે સમૃધ્ધિ જળસંચય ઉત્સવને ફાળે જશે. તેમાં કોઇ શંકા નથી.

---

*(અનુસંધાન પાનાનં ૫૧ થી શરૂ )*

---

(૭) 1965 ના વર્ષના અંતમાં રકમ થશે 10,000 રૂા. (5000 રૂાના બમણા) + નવું રોકાણ 1960 ના વર્ષમાં 5,000 રૂા. = 15,000 રૂા.

હવે, 1970 નાં વર્ષનાં અંતમાં થયેલ રકમ = 1965 ના વર્ષના અંતમાં થયેલ રોકાણનું બમણું + 5,000 રૂા.
= 30,000 + 5,000 રૂા. = 35,000 રૂા.

હવે, ૧૯૭૫ ના વર્ષના અંતમાં થયેલ રકમ = 1970 ના વર્ષના અંતમાં થયેલ રોકાણનું બમણું.
= 35,000 X 2 = 70,000 રૂા.
તેવીજ રીતે 1980ના વર્ષના અંતમાં રકમ થશે =
૧૯૭૫ ના વર્ષ દરમ્યાન થયેલ રકમ X 2
= 70,000 X 2
= 1,40,000 રૂા.

# રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાન

**ભા**રતીય સંસ્કૃતિ અને સમાજજીવનમાં 'સ્વસ્થ વ્યક્તિ દ્વારા આરોગ્યમય સમાજ' ને મહત્વ આપવામાં આવ્યું છે જેની પ્રતિતી 'પહેલું સુખ તે જાને નર્યા ' ની કહેવત કરાવે છે. પરતુ મોંઘવારી પણ આમ આદમી માટે ઘણો મોટો અવરોધ પુરવાર થાય છે. સર્વેક્ષણમાં જણાયું છે કે દવાખાનામાં દાખલ થતાં ભારતવાસીએ તેના કુલ ખર્ચનો સરેરાશ ૫૮ % જેટલો ખર્ચ માંદગીમાંથી મુક્ત થવા માટે કરવો પડે છે. માત્ર ૧૦ % દેશવાસીઓ આરોગ્ય વીમાની કોઈપણ પ્રકારની અને તે પણ મોટાભાગે અપૂરતી સગવડ ધરાવે છે. ૪૦% કરતાં પણ વધુ લોકોને દવાખાનામાં લીધેલી સારવારનો ખર્ચ સરભર કરવા નાણાં ઉધાર લેવા પડે છે. અથવા મિલકત વેચીને સારવાર કરાવવી પડે છે. દવાખાનામાં કરવા પડતા સારવારના ખર્ચની વિપુલતાને કારણે દવાખાનામાં દાખલ કરવા પડતા ૨૫% જેટલા ભારતીયો ગરીબી રેખા હેઠળ સરકી જાય છે.

આ વિષમ પરિસ્થિતિના નિવારણ માટે ભારત સરકારે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ગ્રામજનો, ગરીબો, સ્ત્રીઓ અને બાળકોને ઉપલબ્ધ કરાવવા અને તેમની આરોગ્ય સેવાઓ સુધીની પહોંચ વધારવા માટે, રાજ્ય સરકારના આરોગ્ય તંત્રોની સહાયતાથી અને તેમને માધ્યમ બનાવીને રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાન (નેશનલ રૂરલ હેલ્થ મિશન- એનઆરએચએમ) ની રચના કરી છે.

મિશન (૨૦૦૫-૨૦૧૨) આમ તો દેશભરમાં ગ્રામીણ વસતિને અસરકારક આરોગ્ય સેવાઓ પૂરી પપાડવાનું લક્ષ્ય ધરાવે છે. તેમ છતાં, દેશના ૧૮ રાજ્યો જેમનાં લોક આરોગ્ય સૂચકાંકો નીચા છે અથવા માળખાકિય સુવિધાઓ ઘણીજ નબળી છે, તેમના પર વિશેષ ધ્યાન આપવાનું કેન્દ્રનું આયોજન છે આ ૧૮ રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, છત્તિસગઢ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, મણિપુર, મિઝોરમ, મેઘાલય, મધ્યપ્રદેશ, નાગાલેન્ડ, ઓરિસ્સા, રાજસ્થાન, સિક્કિમ, ત્રિપુરા, ઉત્તરાંચલ અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. આરોગ્ય સેવાઓના માપદંડો, પ્રમાણે ગુજરાત આરોગ્ય સેવાઓ પ્રમાણમાં સક્ષમ છે. તેમ છતા, ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારોમાં અને ખાસ કરીને આદિજાતી વિસ્તારોમાં માતૃ-બાળ આરોગ્યની રક્ષા, સગર્ભા માતાઓની પ્રસુતિ, પૂરવઠા અને પ્રસુતિ પશ્ચાતકાળજી, રસીકરણ અને વસતિ વૃધ્ધિના દરનું સ્થાયી કરણ અને પોષણલક્ષી જાહેર આરોગ્ય, સેવાઓ સુધી લોકોની પહોંચ વધારવા સ્થાનિક સ્તરે જોવા મળતા રોગો ઉપરાંત સ્પર્શ જન્ય(ચેપી) અને બિનચેપી રોગોની અટકાયત અને નિયંત્રણ, વસતિ વધારા અટકાયત, કુલ વસતિમાં સ્ત્રી-પુરુષસંખ્યા (સેક્સરેશીયો) પર નજર રાખવી અને તેને સમતોલ બનાવવો ઈત્યાદીનો સમાવેશ થાય છે. આરોગ્ય પર, જીવન શૈલીને ઉત્તેજન આપવાનું અને ડોશીવૈદાની પુરાતન પધ્દતિને આધુનિક સંદર્ભમાં પુનર્જીવીત કરવા (આયુષ) નું વિશેષ લક્ષ્ય પણ તે ધરાવે છે. તેને માટેની મુખ્ય અને પૂરક વ્યૂહરચનાઓનો મિશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

એનઆરએચએમના લક્ષ્યોની સિધ્ધિ માટેની કાર્યયોજનાઓમાં જાહેર આરોગ્ય સેવાઓ તેમજ ગ્રામીણ સમુદાયોને એકબીજાં સાથે જોડવાની કડીરૂપે 'આશા' મહિલા આરોગ્ય કાર્યકરોની નિમણૂંક, પ્રાથમિક અને પેટા આરોગ્ય કેન્દ્રોનું સક્ષમીકરણ, પ્રથમ સ્તરની સંદર્ભ સેવાઓ પૂરી પાડવા સામુદાયિક આરોગ્ય કેન્દ્રોને સુવિધાસંપન્ન કરવા, જિલ્લા આરોગ્ય આયોજન તૈયાર કરવું, સ્વચ્છતા અને જાહેર આરોગ્યના લક્ષ્યાંકોની સિધ્ધિ માટે જાહેર - ખાનગી સહભાગીદારીને ઉત્તેજન આપવું, રોગ નિયંત્રાણ કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા,

*(અનુસંધાન પાનાનં ૯ ઉપર)*

# ખનિજ તેલની ભાવસપાટીનો ખેલ

## ઓપેક શું છે ? વિશ્વમાં ખનિજતેલની ભાવસપાટી કઇ રીતે નક્કી થાય છે ?

*સોદો સાર્થક થાય તેવો ભાવ આદર્શ રીતે વેપારી અને ગ્રાહક વચ્ચે બંધાય છે, પણ તેલની બજારનો ખેલ અનોખો છે. પ્લેટ નામની આંતરરાષ્ટ્રીય તેલ એજન્સી દ્વારા વિશ્વ ભાવ સપાટીને આધારે નિર્ધારિત થતા સાપ્તાહિક સરેરાશ ભાવના આધારે ભારત દ્વારા તેલની ખરીદી કરવામાં આવે છે. ઓર્ડર અપાયા બાદ ૪ થી ૬ દિવસમાં પશ્ચિમ તથા પૂર્વ કિનારે માલ પહોંચાડવાના કરાર ભારત કરે છે. તેલમાં વાયદાનો વેપાર થતો નથી એટલે હમેંશા હાજર માલના સોદા પ્લેટ એજન્સીના સિંગાપોર ખાતે જાહેર થતા ભાવ ઉપર સોદો કરવો પડે છે. ઓપેક દ્વારા થતા ભાવ ઊપર સોદો કરવો પડે છે. ઓપેકનો પ્રત્યેક સભ્ય દેશ પોતાની આગવી વેચાણ કિંમત પણ ધરાવે છે.*

ખનિજ તેલ નિકાસ કરતા રાષ્ટ્રોનો સંઘ એટલે ઓપેક (Organisation of Petroleum Exporting Countries - OPEC), જેની સ્થાપના ૧૯૬૦માં ઈરાન, ઈરાક, સાઊદી અરેબિયા, કુવૈત તથા વેનેઝુએલાએ સાથે મળીને બગદાદ શહેરમાં કરી હતી. વિશ્વના ૪૦ ટકા ખનિજ તેલ વેપાર ઊપર આ સંઘ નિયંત્રણ ધરાવે છે. ખનિજ તેલ ઉત્પાદક રાષ્ટ્રોને વાજબી ભાવ મળે સામે ગ્રાહક રાષ્ટ્રોને સતત પુરવઠો મળતો રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનું કામ આ સંઘનું છે. ઘણા બધા રાષ્ટ્રોની આર્થિક તબિયતને અસર કરતી તેલ જેવી જણસ ના વેપારમાં પરસ્પર હિત સંવર્ધન, ભાવસપાટીમાં સ્થિરતા તથા તેલ ઊત્પાદનમાં થતા મુડી રોકાણ સામે યોગ્ય વળતર છુટે તેવી વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી 'ઓપેક' ની રચના થયા બાદ કાળક્રમે તેમાં ૬ સભ્ય દેશો ઊમેરાયા હતા. ૧૯૬૧માં કતાર, ૧૯૬૨માં ઈન્ડોનેશિયા, ૧૯૬૭ માં અબુધાબી, ૧૯૬૯માં અલ્જેરીયા તથા ૧૯૭૧ માં નાઈજીરીયા આ સંઘ માં જોડાયા હતા. ૧૯૭૩ માં ઈક્વાડોર આ સંઘમાં જોડાયેલું, પરંતુ ૧૯૯૨માં તે બહાર નીકળી ગયેલું, જ્યારે ૧૯૭૫માં જોડાયેલા ગિબોનને પણ આ સંઘમાં વાંક પડતા ૧૯૯૫માં સભ્યપદનો ત્યાગ કર્યો હતો. હાલ 'ઓપેક'નું સભ્યપદ ૧૧ રાષ્ટ્રો ધરાવે છે.

### 'ઓપેક' કઇ રીતે ખનિજતેલની વિશ્વભાવસપાટી નિયંત્રિત રાખે છે ?

ભાવ ઊપર કાબુ રાખવા માટે 'ઓપેક' સભ્ય દેશો તેલ ઊત્પાદનમાં વધારો ઘટાડો કરવાનો વ્યુહ અપનાવે છે. પુરવઠો રોકવામાં આવે તો ભાવ ઊપર તેની અસર થવી અનિવાર્ય છે. માંગ-પુરવઠાની ચંચળતા ઊપર આખો ખેલ રચાય છે. દા.ત. 'ઓપેક' સભ્ય રાષ્ટ્રનું તેલ ઊત્પાદન ૨૯૦ લાખ બેરલ પ્રતિદિન છે, જેને ભાવો ઊંચા લઇ જવા માટે ૨૪૦ લાખ બેરલ પ્રતિદિન જેટલું ઘટાડવા સાઊદી અરેબિયાએ અન્ય સભ્ય દેશોને સુચના આપી છે. પુરવઠો ઘટે તો ભાવ આપોઆપ ઊંચા આવી જશે.

### ઓપેકની 'બાસ્કેટ પ્રાઈઝ' શું છે ?

બાસ્કેટ પ્રાઇઝ એટલે સારો અને નબળો માલ એક સાથે ઊપાડવા માટે ગ્રાહકને અપાતું પ્રલોભન. વિવિધ દેશોની ધરતીમાંથી નિકળતું ખનિજ તેલ અલગ બંધારણ ધરાવે છે, ગુણવત્તા પણ અલગ હોય છે. માટે બધા સભ્ય રાષ્ટ્રોનું તેલ સરખા ભાવે વેચાય તે માટે ગ્રાહકને સુંવાળી ફરજ પાડવા 'બાસ્કેટ પ્રાઇઝ' નો આશરો લેવાય છે. 'બાસ્કેટ પ્રાઇઝ' હેઠળ ગ્રાહક રાષ્ટ્રએ અલ્જીરીયાનું સહારન ક્રુડ, ઈન્ડોનેશિયાનું મનીસ, સાઊદી અરેબિયાનું આરબ લાઇટ, નાઇજીરીયાનું બોની લાઇટ, મેક્સિકોનું ઈસ્તમશ, વેનુઝુએલાનું તિયાઝુઆના અને સંયુક્ત આરબ અમિરાતનું દુબાઇ બ્લેન્ડ ખરીદવું પડે છે. બધા પ્રકારનો માલ ઊપાડતા ગ્રાહકને થોડો ફાયદો આપી વેપારમાં સ્ટોક ભરાતો અટકાવવાનું ગણિત એટલે બાસ્કેટ પ્રાઇઝ.

*(અનુસંધાન પાનાનં ૨૦ ઉપર)*

# નિર્મળ ગ્રામ પુરસ્કાર પ્રાપ્ત કરવામાં વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયતો બીજા ક્રમે રહી છે.

સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ સમગ્ર રાજ્યમાં વડોદરા જિલ્લો બીજા ક્રમે આવેલ છે. જે ગામમાં દરેક ઘરે શૌચાલય હોય, શાળામાં શૌચાલય હોય, આંગણવાડીમાં શૌચાલય હોય તથા ગ્રામ સંપૂર્ણ સ્વચ્છ હોય, આ શૌચાલય માટે માત્ર રૂા.૧૫૦૦ થી ૩૦૦૦ નો ખર્ચ થાય છે. મોટા ફોફળીયા ખાતે ૧૫૮ બીપીએલ પરીવારોના શૌચાલય દીઠ રૂા.૬૦૦ ગ્રામ વિકાસ એજન્સીએ ભોગવ્યા છે. બાકીની રકમ પૈકી મોટાભાગની રકમ રૂા.૫.૫૦ લાખ શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, મોટા ફોફળીયાના જીતુભાઇ છોટુભાઇ પટેલે અનુદાન પેટે અર્પણ કર્યા હતાં. આ વર્ષે કુલ ૪૧ ગામોમાં ૪૨૮૦ બીપીએલ પરિવારોના શૌચાલયો તથા ૫૫૦૨ એપીએલ પરિવારના શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ વડોદરા જિલ્લાના ૪૧ ગામોને કેન્દ્ર સરકાર દ્વારા નિર્મળ ગામ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તા.૪-૫-૨૦૦૭ના રોજ વડોદરા જિલ્લાના ૪૧ ગામોને રાષ્ટ્રપતિશ્રી મહોદયના હસ્તે નિર્મળ ગ્રામ પુરસ્કાર સહિત પ્રશસ્તિપત્ર આપવાની ઘોષણા કરી દેવામાં આવી હતા.

ડીઆરડીએના સુત્રો અનુસાર કેન્દ્ર સરકાર દર વર્ષે નિર્મળ ગ્રામ પુરસ્કાર જાહેર કરે છે. વર્ષ ૨૦૦૪-૦૫માં શિનોર તાલુકાનું મોટાફોફળીયા અને ચાલુ વર્ષમાં વડોદરા જિલ્લાના ૪૧ ગામોને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે "નિર્મળ ગ્રામ એવોર્ડ" મળેલ છે.

ભારત સરકારે નિર્મળ ગ્રામ પુરસ્કાર નામનો એવોર્ડ આપવાની યોજના શરૂ કરી છે. આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટે સમુદાય (સ્વછતા સમિતિ)ને જરૂરી વિગતો પુરીપાડી શકાય અને એ રીતે તેમને ભાગ લેવા પ્રોત્સાહિત કરી શકાય. પોતાના ગામમાં સ્વચ્છતાલક્ષી પાસાઓનો ૧૦૦ ટકા અમલ કર્યો હોવાનો દાવો કરતી ગ્રામપંચાયતને આ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી શકાય અને તેને માટે જરૂરી માર્ગદર્શન આપી શકાય. આ પ્રકારની સિધ્ધિ માટે પ્રેરકબળ બનનાર ગ્રામપંચાયત, વ્યક્તિ અથવા સંગઠનને એવોર્ડ રૂપે નાણાકીય પ્રોત્સાહન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ગ્રામીણ સ્વચ્છતા હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર માત્ર ૨૨ હતો. કેન્દ્રીય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ ૧૯૮૬માં શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની કેટલીક ક્રમબદ્ધ નબળાઇઓને કારણે વધુ પ્રગતિ થઇ શકી નહીં. આથી ૧૯૯૯માં આ કાર્યક્રમની પુનઃરચના કરવામાં આવી અને તેનાબદલે સમાજની માંગને પ્રતિભાવ આપતું સંપૂર્ણ સ્વછતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતુ. શરૂઆતમાં સમગ્ર ભારતનાં ૩૭૪ જિલ્લા પૈકી ગુજરાત રાજયના પાંચ જિલ્લામાં શરૂઆત થઇ અને ૨૦૦૪-૦૫ માં ગુજરાતના તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે.

સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ આંગણવાડી અને શાળાઓમાં આરોગ્ય વિષયક શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એ જ પ્રમાણે સ્વચ્છતા હેઠળ તમામ વિસ્તારને આવરી લેવા ભારત સરકારે શરૂ કરેલી પ્રોત્સાહક યોજના, નિર્મળ ગ્રામ પુરસ્કાર હેઠળ આવરી લેવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં આરોગ્ય પધ્ધતિઓમાં અનુલક્ષી અને આચારલક્ષી ફેરફારો લાવવા માટે પ્રોત્સાહક માહિતી, શિક્ષણ અને સંચાર (આઇ.ઇ.સી.) મારફતે જાગૃતિ લાવવા પર ભાગ મૂકવામાં આવ્યો છે. જેથી ગ્રામીણ વસ્તીમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવાય અને શૌચાલય બાંધવા લોકો સ્વેચ્છાએ તૈયાર થાય.

*(સૌજન્ય : પી.આઇ.બી. અમદાવાદ)*

# પ્રાકૃતિક નિકંદન સામેના યુધ્ધમાં સૈન્યનો વિજય

એસ. ડી. શર્મા

*ગઢવાલ રાઈફલ્સની જહેમતને કારણે લાન્સડોનની સૂરત પલટાઈ ગઈ છે. અને ૬ ઝરણાંઓ સજીવન થયા છે, વનસ્પતિ છત્ર ખીલ્યું છે અને વહેણમાં પીવાના પાણીની ઊપલબ્ધિ પણ નાગરિકો માટે વધી છે. છાવણી બહાર વસતા નાગરિકોને પણ ઊપયોગમાં આવે તે રીતે હેન્ડપંપ મુકવામાં આવ્યા છે. જેમાં ચેકડેમ ને કારણે ઊંચા આવેલા ભૂગર્ભ જળસ્તરનો લાભ મળી રહ્યો છે. ઊનાળામાં જ્યાં પાણીના ટેન્કરો ઊપર આધાર રાખવો પડતો હતો તેવા લાન્સડોનમાં હવે જળસંચયના લાભ મળતા થયા છે. ટેકરીઓ ઊપરથી વહેતા ઝરણાંઓને કારણે તળેટીમાં સદાય વહેતી નદીનું વહેણ પ્રાકૃતિક સંપતિના નિકંદન નો કારણે સુકાઈ જવા લાગેલું. ગઢવાલ રાઈફલ્સની જહેમતથી સજીવન બનેલા ઝરણાંઓ ફરીથી આ નદીમાં પાણી ઠાલવી રહ્યા છે.*

**પ્રા**કૃતિક સૌંદર્યથી ભરપુર ટેકરીઓ વચ્ચે આવેલું લાન્સડોન ગામ એવું મનોહર હિલસ્ટેશન છે જેની શોધ અંગ્રેજોએ કરેલી. ઊતરાંચલના પૌડી ગઢવાલ જિલ્લામાં આવેલા લાન્સડોનનો ગિરીમથક તરીકે વિકાસ કરવા માટે અંગ્રેજોએ અહીં લશ્કરી છાવણી ઊભી કરી સન ૧૮૯૦માં બહાદુર અંગ્રેજ સેનાપતિ લોર્ડ લાન્સડોનના નામ ઊપરથી છાવણીનું નામકરણ કર્યું ત્યારથી આ નાનકડા હિલ સ્ટેશનને અધિકૃત નામ મળ્યું છે. ભારતીય સૈન્યની પ્રખ્યાત રેજીમેન્ટ ગઢવાલ રાઈફલ્સ દ્વારા ૧૯૨૧માં લાન્સડોન ખાતે ગઢવાલ રાઈફલ્સ રેજીમેન્ટલ સેન્ટર તરીકે ઓળખાતું કમાન્ડ થાણુ શરુ કરાયું ત્યારથી આ સ્થળનું મહત્વ વધી ગયું છે.

પ્રકૃતિ ઊપર વિકાસના કારણે ઊદ્‌ભવતા સાહિજક અતિક્રમણથી લાન્સડોન જેવું રળિયામણું ગિરીમથક પણ બાકી નથી. વસતિ તથા શહેરીકરણમાં થયેલી વૃધ્ધિ સાથે વધેલી વાહનોની સંખ્યાને કારણે આ ટેકરીઓ ઊપર વનછત્ર સતત ઘટતું ગયું છે. ઊનાળામાં પાણીની અછત ઊભી થવા લાગી છે, તો હવાનું પ્રદુષણ પણ વધતું ગયું છે. જેની વિપરીત અસર પ્રાકૃતિક સંસાધોનો ઊપર નોંધાવા લાગી હતી. સન ૧૯૩૧માં તૈયાર કરાયેલા લાન્સડોન ગામ તથા તેની આસપાસના ક્ષેત્રના નકશામાં ૩૫ બારમાસી ઝરણાંઓનો ઊલ્લેખ છે, પરંતુ ૧૯૯૯માં જ્યારે વાસ્તવિકતા ચકાસવા માટે સ્થળ તપાસ હાથ ધરવામાં આવી ત્યારે ખબર પડી કે કાળક્રમે ૩૫માંથી માત્ર ૮ ઝરણાંઓ વહી રહ્યાં છે. બાકીના સુકાઇ ગયાં છે. રેજીમેન્ટલ સેન્ટરમાં પ્રાકૃત્તિક સંપત્તિનું ધોવાણ અટકાવવા માટે આખરે વ્યુહરચના ઘડી કાઢવામાં આવી અને પાણીને નાથવાના પ્રયાસો શરૂ થયા. લાન્સડોનનું રક્ષણ કરવાની યોજના તૈયાર થઇ અને વૈજ્ઞાનિક ઢબે લશ્કરી શિસ્તથી કામ શરૂ કરવામાં આવ્યું.

ગઢવાલ રાઈફલ્સ રેજીમેન્ટલ સેન્ટર (જીઆરઆરસી) દ્વારા જળસંચયની યોજના હાથ ધરવા માટે સૌ પ્રથમ વરસાદનું પાણી ટેકરીઓના ઢાળમાં વહી જતું અટકાવવા માટે ૧૨ સ્થળે માટીના પાળા બાંધી કાચા ચેકડેમ તૈયાર કરવામાં આવ્યા. વરસાદ પછી ૪૫થી ૬૦ દિવસ સુધી ચેકડેમમાં પાણીનો સંગ્રહ રહે તેવી ગણતરી પ્રમાણે ૨ થી ૩ મીટર ઊંચાઇ અને ૧૦ થી ૧૫ મિટર લંબાઇ ધરાવતા માટીના પાળા બાંધવામાં આવ્યા, જ્યાં એકત્ર થતું પાણી વનસ્પતિ છત્રનું સંવર્ધન કરવા માટે પણ ઊપયોગી સાબીત થવાના હતા. કાચા ચેકડેમમાં જળ સંગ્રહનો હેતુ સફળ થતા તમામ પાળા સિમેન્ટ કોંક્રીટથી બાંધવામાં આવ્યા. જળ સંચયનો આ પ્રયોગ સફળ રહેતા ૪૫ લાખ ગેલન પાણીનો જથ્થો સચવાય તેવા બે મોટા ચેકડેમ ૨૦૦૨ તથા ૨૦૦૩માં રૂા.૧૩ લાખનાં ખર્ચે

બાંધવામાં આવ્યા અને તેમાં માછીમારી શરૂ કરવામાં આવી.

બારમાસી ઝરણાંઓને ફરીથી સજીવન કરવા માટે ટેકરીઓના ઢોળાવ ઊપર ૫-૨-૧ મીટરના ખાડા ખોદવામાં આવ્યા, જેથી ઝરણાંના ઊપરવાસમાં જળસંગ્રહ થતા પાણીનું વહેણ કાળક્રમે બંધાવાનું શરૂ થાય. રેજીમેન્ટલ સેન્ટરમાં આવેલા મકાનોની છત ઊપર વરસાદનું પાણી એકત્ર કરી તેનો સંચય કરતો પ્રોજકટ પણ શરૂ કરવામાં આવ્યો. ૩.૫ લાખ લીટર ક્ષમતા ધરાવતું 'રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ' શરૂ થતા આંતરિક જળ વપરાશ માટે નવો સ્ત્રોત તૈયાર થયો છે. ગઢવાલ મેસમાં રોકાણ કરતા મુલાકાતીઓ વર્ષાજળ સંચય પ્રોજેક્ટનું પાણી વાપરે છે.

ગઢવાલ રાઈફલ્સની જહેમતને કારણે લાન્સડોનની સૂરત પલટાઈ ગઈ છે. અને ૬ ઝરણાંઓ સજીવન થયા છે, વનસ્પતિ છત્ર ખીલ્યું છે અને વહેણમાં પીવાના પાણીની ઊપલબ્ધિ પણ નાગરિકો માટે વધી છે. છાવણી બહાર વસતા નાગરિકોને પણ ઊપયોગમાં આવે તે રીતે હેન્ડપંપ મુકવામાં આવ્યા છે. જેમાં ચેકડેમ ને કારણે ઊંચા આવેલા ભૂગર્ભ જળસ્તરનો લાભ મળી રહ્યો છે. ઊનાળામાં જ્યાં પાણીના ટેન્કરો ઊપર આધાર રાખવો પડતો હતો તેવા લાન્સડોનમાં હવે જળસંચયના લાભ મળતા થયા છે. ટેકરીઓ ઊપરથી વહેતા ઝરણાંઓને કારણે તળેટીમાં સદાય વહેતી નદીનું વહેણ પ્રાકૃતિક સંપતિના નિકંદન નો કારણે સુકાઈ જવા લાગેલું. ગઢવાલ રાઈફલ્સની જહેમતથી સજીવન બનેલા ઝરણાંઓ ફરીથી આ નદીમાં પાણી ઠાલવી રહ્યા છે. શિવાલિક પર્વતમાળાની તળેટીમાં વસેલા કોટદ્વાર ગામ માટે ખો નદી જીવનરેખા સમાન છે.

સિમેન્ટ-ક્રોંક્રીટ વડે બાંધેલા ચેકડેમમાં એકત્ર થતાં પાણીને શુધ્ધીકરણ બાદ પાઈપલાઈનો વાટે ઠેરઠેર પહોંચાડવાનું વિતરણ માળખું ગોઠવાઈ ચુક્યું છે. ચેકડેમના કાંઠા ફરતા બાગબગીચાનો ઊછેર કરી પ્રવાસીઓને આકર્ષે તેવા મનોહર સ્થળનું નિર્માણ કરવામાં આવ્યું છે. ચેકડેમમાં જમીનનું ધોવાણ થતા એકત્ર થતી માટીનો પ્રવાહ અટકાવવા પથ્થરની ૨૨ જેટલી દિવાલો પણ બાંદવામાં આવી છે, જેથી ડેમની ઊંડાઈ ઘટે નહીં.

વૃક્ષછેદનને કારણે સફાચટ બની ગયેલી જમીન ઊપર ગઢવાલ રાઈફલ્સના જવાનો દ્વારા સાગ તથા દેવદારના વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવ્યું છે. રેજીમેન્ટલ સેન્ટરની નર્સરીમાં લાખો રોપા ઊછેરીને પાઈપ તથા ઓક વૃક્ષો ધરાવતા એક સમયના ગાઢ જંગલ ક્ષેત્રમાં તેનું વાવેતર કરવામાં આવ્યું છે. સૈન્યના પર્યાવરણ પ્રેમને સુંદરલાલ બહુગુણા તથા ચાંદીપ્રસાદ ભટ્ટ જેવા પ્રકૃતિ પ્રેમીઓની દાદ પણ મળી છે. રેજીમેન્ટલ સેન્ટર ખાતે જુન ૨૦૦૪ માં 'એન્વારયર્નમેન્ટ એન્ડ ઈકોલોજીકલ વર્ક ઈન ધ કમાન્ડ ઝોન' વિષય ઊપર વિશિષ્ટ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લેનાર તમામ નિષ્ણાંતોએ લાન્સડોનની પ્રાકૃતિક કાયાપલટ કરવા બદલ ગઢવાલ રાઈફલ્સના અધિકારીઓ તથા જવાનોની ભરપેટ પ્રશંસા કરી હતી. પાણીની અછત દૂર કરવા માટેના ઊપાયો વિચારતી વખતે જન્મેલા પ્રકૃતિ રક્ષણના આ નવતર પ્રયોગને સાકાર બનાવનાર ગઢવાલ રાઈફલ્સ રેજીમનેટર સેન્ટરે સાબીત કરી આપ્યું છે કે સૈનિક યુધ્ધ અને શાંતિ-બંને સમયમાં લડી શકે છે. ભલે દુશ્મનના પ્રકાર અલગ હોય.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

---

*(અનુસંધાન પાનાનં ૩૬ થી શરૂ)*

---

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે"જ્યાં સુધી સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં નહીં આવે ત્યાં સુધી ભારત કે વિશ્વનું કલ્યાણ થવાનું નથી."

મહિલા સશક્તીકરણના હેતુને સફળ બનાવવા નીચે મુજબના સૂચનો કરી શકાય

૧. પુરૂષ પ્રધાન સમાજની વૃત્તિની અને વિચારસરણીમાં પરિવર્તન લાવવું.
૨. વ્યાપક સાક્ષરતા અભિયાન ચલાવવું.
૩. સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું વધારવું.
૪. સરકારી ખાતામાં, પોલીસ ખાતામાં, અદાલતો(ન્યાય વિભાગ) તેમજ ખાનગી કંપનીઓ-ઉદ્યોગોમાં (પ્રાઈવેટ સેક્ટરોમાં) સ્ત્રીઓને માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવી.
૫. વ્યક્તિગત અધિકારોમાં સ્ત્રીઓને પૂર્ણ સ્વતંત્રતા આપવી.
૬. મહિલાઓના કેસોનો ઝડપી નીકાલ કરવા ન્યાય પ્રણાલિકામાં જરૂરી સક્રિયતા લાવવી.

**સંદર્ભ સૂચિ**


1. Desai Neera & Maithew, Krishna Raj (1987) : Women for Society in India, Ajanta Publication, Delhi
2. Desai Neera : Gender Dimention in family studies, In Social Transformation in India, Vol.2, GhanShayam Shah (ed), Rawat Publication, Jaipur.
3. માનચંદ્ર ખંડેલા (૨૦૦૨) મહિલા સશક્તિકરણ, અરિહંત પબ્લિકેશિંગ હાઉસ, જયપુર
4. નીરા દેસાઈ - તૃપ્તિ શાહ (૨૦૦૨) "ભારતીય નારી આંદોલન : સમાન અધિકારથી નારી મુક્તી " આર.આર.શેઠની કંપની, મુંબઈ.

# બેવાહલ્લી : વિકાસમાં જનભાગીદારીનું મોડેલ

બી.કે કિરણમાઇ

*કર્ણાટકના કોલર જિલ્લામાં આવેલા બેવાહલ્લી ગામની જીવનધારા સમાન ગામ તળાવની સુધારણામાં મળેલી સફળતાનો પ્રકાશ કેટલા ગ્રામજનોની જિંદગીમાં આર્થિક ઊન્નતીનો સંચાર કરી શકે છે તેની આ સત્ય સફળ કથા છે. એક પણ બારમાસી મુખ્ય નદી વગરના કર્ણાટકના આ કોલર જિલ્લાના પ્રત્યેક ગામડા માટે તળાવ એક માત્ર જળ સ્ત્રોત છે. આ જિલ્લામાં આવેલા ૪૦૦૦ ગામ તળાવો પૈકી ૧૦૨૪ તળાવોને પુનર્જીવિત કરવા માટે વિશ્વબેંક ની સહાય વડે શરૂ થયેલા જળ સંવર્ધન પ્રોજેક્ટ હેઠળ સૌ પ્રથમ બેવાહલ્લીનું ગામ તળાવ સુધારવા માટે હાથ ધરાયું છે, જે ટુંક સમયમાં ગ્રામ સમિતિને સોંપી દેવામાં આવશે. તળાવની સંગ્રહક્ષમતા સુધારવા સાથે તેનું કદ ઊપયોગિતાની દ્રષ્ટિએ યોગ્ય બનાવવાનું કામ કરવા નિર્ધારિત થયેલા કુલ ખર્ચની ૧૨% રકમ પેટે રૂા.૧૭૩૪૩૮ નો ફાળો ગામ લોકોએ આપ્યો છે. તળાવને સજીવન કરવાનો પ્રયોગ સફળ થતા જમીન વિહોણા ૩૯ કુટુંબો અને બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ૯૬ કુટુંબો સહિત તમામ પરિવારોની આર્થિક હાલતમાં સુધારો જોવા મળ્યો છે.*

બેવાહલ્લી ગામે કરિયાણું વેચતી દુકાન ચલાવતી ૩૫ વર્ષની મહિલા પર્વતામ્માની હાલત એકાદ વર્ષ પહેલા ખાસ સારી નહોતી. દિવસભરનો માંડ રૂા.૧૦૦નો વકરો થાયતેવી દુકાન ચલાવવામાં ઘરખર્ચ ક્યાંથી નીકળે ? માટે તેનો પતિ નારાયણપ્પા ખેતમજૂરીએ જઈ કાળી મહેનત વડે એટલું કમાઇ શકતો કે ચાર માણસના કુટુંબને ફક્ત એક વખત જ ભરપેટ ભોજન મળે. પરંતુ બેવાહલ્લીનું ગામ તળાવ નવસર્જન પામતા ઊભી થયેલી આર્થિક આબાદીની અસરથી આજે પર્વતામ્માના ચહેરા ઊપર સદાય સ્મિત લહેરાય તેટલો ધંધો ચાલે છે, ઊપરાંત ગામમાં પણ નવી દુકાનો શરૂ થઈ છે. ખેડૂતો ખુશખુશાલ છે, આવક વૃધ્ધિનો આનંદ અહી સર્વત્ર છલકતો જોવા મળે છે.

પર્વતમ્માની દુકાનમાં હવે દૈનિક રૂા.૩૦૦નો નફો થાય છે, તો પબ્લિક ફોન રાખીને તેણી વધુ કમાણી કરવા લાગી છે. તેના બંને બાળકો શાળાએ જવા લાગ્યા છે. ટેલિફોનની સગવડ થતા હવે તાલુકા શહેર મુલબાગલ ના જથ્થાબંધ વેપારીને માલનો ઓર્ડર પર્વતામ્મા ફોન વડે લખાવી દે છે. તેની દુકાનમાં મુકેલા નાનકડા ટેલિવિઝન ઊપર સમાચાર જોવા માટે આજુબાજુના ગામેથી આવતા ગ્રાહક થોડીવાર રોકાય છે. તેના પતિએ ખેત મજૂરી છોડી દુકાનમાં મદદ કરવા માંડી છે. તેની પાસે થોડી જમીન હતી તે નાનાભઇ દાસપ્પાને ખેડવા માટે આપી દીધી છે. નાના ખેતરમાં માંડ ૬ ક્વિન્ટલ ડાંગર પકવતા દાસપ્પાને ગામ તળાવનું નવસર્જન થતા મળેલા પાણીના લાભને કારણે ડાંગર ઉત્પાદનમાં બે ક્વિન્ટલનો ફાયદો થાય છે. ડાંગર વાવેતરની સુધારેલી ખેત પ્રણાલી અપનાવવા ઊપરાંત તેણે સજીવ ખાતરનો ઊપયોગ શરૂ કરતા પાકની ગુણવત્તા તથા ઊત્પાદકતા ઊન્નત બની હોવાનો આર્થિક લાભ દાસપ્પાનુ કુટુંબ માણી રહ્યું છે, સાથે પૂરક આવક માટે ફાજલ સમયનો ઊપયોગ કરવા માટે દાસપ્પાની પત્ની રેશમના કીડાં ઉછેરવામાં પ્રવૃત્ત બની છે, જે મહિને રૂા. ૫૦૦ ની કમાણી આપે છે. ત્રીજા ધોરણમાં ભણતી દીકરીને મજૂરીએ મોકલવાને બદલે શાળા અભ્યાસમાં આગળ વધારવાના સ્વપ્ન પતિ પત્ની જોઇ રહ્યા છે.

કર્ણાટકના કોલર જિલ્લામાં આવેલા બેવાહલ્લી ગામની જીવનધારા સમાન ગામ તળાવની સુધારણામાં મળેલી સફળતાનો પ્રકાશ કેટલા ગ્રામજનોની જિંદગીમાં આર્થિક ઊન્નતીનો સંચાર કરી શકે છે તેની આ સત્ય સફળ કથા છે. એક પણ બારમાસી મુખ્ય નદી વગરના કર્ણાટકના આ કોલર જિલ્લાના પ્રત્યેક ગામડા માટે તળાવ એક માત્ર જળ સ્ત્રોત છે. આ જિલ્લામાં આવેલા ૪૦૦૦ ગામ તળાવો પૈકી ૧૦૨૪ તળાવોને પુનર્જીવિત કરવા માટે

વિશ્વબેંક ની સહાય વડે શરૂ થયેલા જળ સંવર્ધન પ્રોજેક્ટ હેઠળ સૌ પ્રથમ બેવાહલ્લીનું ગામ તળાવ સુધારવા માટે હાથ ધરાયું છે, જે ટુંક સમયમાં ગ્રામ સમિતિને સોંપી દેવામાં આવશે. તળાવની સંગ્રહક્ષમતા સુધારવા સાથે તેનું કદ ઊપયોગિતાની દ્રષ્ટિએ યોગ્ય બનાવવાનું કામ કરવા નિર્ધારિત થયેલા કુલ ખર્ચની ૧૨% રકમ પેટે રૂા.૧૭૩૪૩૮ નો ફાળો ગામ લોકોએ આપ્યો છે. તળાવને સજીવન કરવાનો પ્રયોગ સફળ થતા જમીન વિહોણા ૩૯ કુટુંબો અને બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ૯૬ કુટુંબો સહિત તમામ પરિવારોની આર્થિક હાલતમાં સુધારો જોવા મળ્યો છે. જનભાગીદારી દ્વારા તળાવ પુનર્જીવિત કરવા માટેની કામગીરીમાં સંગ્રહણ ક્ષમતા વધારવા માટે કાંપ દૂર કરી ઊંડાઇ વધારવાની સાથે જળસ્ત્રાવ ક્ષેત્રમાં પાણીનું વહેણ બાંધવા તમામ નાળા વ્યવસ્થીત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદ સમયે ઢોળાવ ઊપર થી પાણી તળાવ તરફ જ વહે તેવી ચેનલ તૈયાર કરવામાં આવી. તો તળાવમાંથી ખેતરો તરફ સિંચાઇ માટે જતા પાણીનો યોગ્ય માર્ગ તૈયાર કરવા પાછળ પણ ખાસ્સુ ધ્યાન આપવામાં આવ્યું છે. તળાવ માં જલ સરવાણીઓ ઠલવાય તેવી ગોઠવણની ઊત્તમ અસર એવી જોવા મળી કે ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવતા તળાવ આસપાસ આવેલા ૪૦ બોરવેલમાં પાણી ઊપલબ્ધ બન્યું છે. જળસંપત્તિનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન કેવું લાભદાયી નીવજે તેનો ગ્રામજનોને અનુભવ થઈ ચુક્યો છે.

બેવાહલ્લીના ગામ તળાવ ફરતે ૧૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવાની સાથે માટીનો પાળો ધોવાતી અટકાવવા માટે હરિયાળુ ઘાસ ચોતરફ ઊગાડવામાં આવ્યું છે. તળાવ કાંઠા ઊપર ઊગાડેલા ઝાડ તથા ઘાસ ની રખેવાળી તથા ઊછેર ની જવાબદારી ગામની શાળાની વિદ્યાર્થીઓને સોંપવામાં આવેલી છે અને ૧ થી ૨ મીટર નો ભાગ સંભાલનાર વિદ્યાર્થીનું નામ તેના ઊપર લખવામાં આવ્યું છે. ૮માં ધોરણમાં ભણતા ભાકિતજનૈયા તથા વર્ણનારાયણ વિદ્યાર્થીઓ ગર્વ સાથે તેમના ફાળે આવેલા છોડનો ઊછેર માવજતપુર્વક કરી રહ્યા છે. તળાવના પાણીમાં કચરો ઊડીને પડે નહીં તે માટે વિદ્યાર્થીઓ કાંઠા ઊપરનો ભાગ ચોખ્ખો રાખવા માટે પ્રયત્નશીલ બન્યા છે.

તળાવ સુધારણા વડે જળ પ્રબંધ ગોઠવાઇ ગયા બાદ ગ્રામ અર્થતંત્રમાં આવકનું ઉત્પાદક સ્ત્રોત મારફતે સર્જન કરવાના હેતુથી જલ સંવર્ધન પ્રોજેક્ટ હેઠળ ગામના ગરીબીની રેખા હેઠળ જીવતા ૩૬ બી.પી.એલ. પરિવારોને રૂા. ૫૪, ૦૦૦ નું રીવોલ્વીંગ ફંડ આપીને ડેરી પ્રવૃત્તિ, ઘેટા ઊછેર, બાસ્કેટ વણાટ જેવી કામગીરી શરૂ કરાવવામાં આવી હતી. તમામ લાભાર્થીઓને અપાયેલ લઘુ ધિરાણ માંથી અડધી રકમ પાછી ફરતા વધુ પાંચ લાભાર્થી પરિવારો પસંદ કરી તેમને નાણાં આપવામાં આવ્યાં છે. માછીમારી કાર્યક્રમ હેઠળ ૧૫૦૦૦ જેટલા મત્સ્યબિજ ઉછેરીને રૂા.૨ લાખમાં તેનું વેચાણ કરવામાં આવ્યું છે. આ રકમનો ઊપયોગ તળાવની મરામત તથા સંભાળ માટે થશે.

બેવાહલ્લી ગામેથી પ્રત્યેક ઊનાળામાં રોજગારી શોધવા માટે આસપાસના જિલ્લાઓમાં ચાલ્યા જવું પડતું હતું તેવા મજુરો પૈકીના સિદપ્પા અને લક્ષ્મીદેવમ્મા છેલ્લા ૨ વર્ષથી ગામ છોડી ક્યાંક ગયા નથી. ગામમાં ઘરઆંગણે આજીવિકાનો પ્રબંધ થઇ જતો હોય પછી સ્થળાંતરની જરૂર રહેતી નથી. ૧૦ ઘેટા અને ૧ ગાય ધરાવતી લક્ષ્મીદેવમ્મા દરરોજ ૧૦ લીટર દૂધનું વેચાણ કરી સારી કમાણી કરે છે. તેનો પતિ પણ મજૂરી કામે જાય છે અને બંને સાથે મળીને રૂા.૩૦૦૦ સહેલાઇથી કમાઇ લે છે. રોજીરોટી માટે આ પરિવારનું સ્થળાંતર અટકતા લક્ષ્મીદેવમ્મા તેના ઘરડા સસરાની કાળજી લઈ શકે છે, તો પુત્ર મુન્ની સ્વામી નિયમિત રીતે શાળાએ જતો થયો છે.

બેવાહલ્લી ગામના પ્રગતિશિલ ખેડૂત ગણાતા પ્રભાકરે સજીવ ખાતરનુ ઊત્પાદન શરૂ કરી તેના ફાયદા ખેડૂતોને સમજાવવા શરૂ કર્યા છે. સ્થાનિક ઊપરાંત બહારગામના ખેડૂતો તેની પાસેથી સજીવ ખાતર ખરીદી કરવા લાગ્યા છે. ઓર્ગેનિક ખેત પેદાશની કિંમત બજારમાં ઊંચી ઉપજતી હોવાથી ખેડૂતો સજીવ ખેતી અંગિકાર કરવા લાગ્યા છે તે બેવાહલ્લી ગામની સફળતા ગણવી રહી. સરેરાશ ૫૦ ટન શેરડી પકવતા ખેડૂતોને સજીવ ખાતરના ઊપયોગ વડે ૭૦ ટન જેટલો ઊતાર મળવા લાગ્યો છે.

બેવાહલલલી ના ગ્રામજનો દર રવિવારે સવારે ૯ વાગ્યે એકઠા થાય છે. જે સભામાં ખેતીથી માંડી ગામના સહિયારા હિત સુધીના નિર્ણયો લેવામાં આવે છે. સર્વના અભિપ્રાયને સ્થાન આપી જન ભાગીદીર વડે વિકાસનો નકશો તૈયાર કરતા લોકોને વિશ્વબેંકની પણ પ્રશંસા હાંસલ થઈ છે.

કર્ણાટક ખેડૂતોની આત્મહત્યા મામલો ચર્ચાની એરણે ચડેલો છે ત્યારે બેવાહલ્લીના ગ્રામજનોની સફળતા દરેક ગામ માટે અનુકરણીય બની રહેશે તેમાં શંકા નથી.

# કચ્છની સજીવ ખેતી

દિલીપસિંહ ક્ષત્રિય

કચ્છનું નામ પડતાની સાથેજ ત્યાનો ભુકંપ અને રણ બે વસ્તુઓ તરત યાદ આવે છે. પરંતુ કચ્છ હમેશા 'ફિનીક્સ' પક્ષીની જેમ રાખમાંથી ઉભું થાયછે. અને ભુકંપના આટલા વર્ષો પછી કચ્છ પાછું ચર્ચા માં આવ્યું છે તેની 'ઓર્ગેનિક ખેતી' અર્થાત સજીવ ખેતીના લીધે. ભારત વિશ્વમાં સૌથી વધુ સજીવ કપાસ ઊગવતું રાષ્ટ્ર બની ગયું છે તેમાં કચ્છના 'રાપર' નો ખુબજ મહત્વનો ભાગ છે.

'સેલ ફાઉન્ડેશન' અને 'એગ્રોસેલ' નામની બે સંસ્થાઓના અથાગ પ્રયત્નોથી આજે રાપરના ખેડૂતો વિપુલ પ્રમાણમાં 'સજીવ ખેતી' અને સજીવ પાક લેતા થઇ ગયા છે. એગ્રો સેલ સંસ્થાની શરૂઆત ૧૯૮૫માં થઇ પહેલા આ સંસ્થા 'એકએબ' ના નામે કાર્યરત હતી. જે રાસાયાણિક ખાતરો બનાવતી હતી સમય જતા તેમને સજીવ ખાતરની મહત્તા સમજાઇને આજે તેઓ પુર્ણપણે સજીવ ખાતર તરફ વળી ચૂક્યા છે. આ સિવાય આ સંસ્થા જે ખેડૂતો સજીવ ખેતી કરવા માંગે છે તેમને ફિલ્ડમાં ટેકનીકલ માર્ગદર્શન, ખેતીના તમામ ઇનપુટ્સ એકજ જગ્યાએથી મળી શકે તેવો ડેપો અને ખેત પેદાશોનું રૂપાંતર કરી બજારમાં વેચવાની વ્યવસ્થા કરી આપે છે.

જયારે સેલ ફાઉન્ડેશન 'એગ્રોસેલ'ની માતૃસંસ્થા વડે જે પેટ્રોપેદાશો બનાવે છે અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે તેણે પોતાની સામાજિક જવાબદારી સમજી અને વિશ્વમાં સજીવ ખેતી અંગે જાગૃતિ લાવવા માટે 'સજીવ ખેતી' નો પ્રયોગ કચ્છ જિલ્લાથી કર્યો. આ અંગે સેલ સંસ્થાના ભારત ખાતેના વડા સુશ્રી



અનુરાધાજી જણાવે છે કે "અમે કચ્છ અને રાપર જિલ્લાને વિશેષ કરીને એટલા માટે પસંદ કર્યો કેમ કે જો અમે અને અમારો પ્રયોગ આવા રણ વિસ્તારમાં સફળ થશે તો અમે સમગ્ર વિશ્વમાં સફળ થઇશું અમારો ધ્યેય કચ્છને સમગ્ર વિશ્વ આગળ લઇ જનાનો છે. અમારો ધ્યેય કચ્છ પુરતો સિમિત નથી પરંતુ સમગ્ર વિશ્વમાં ફેલાવવા માંગીએ છીએ"

આપણે અહીં સજીવ ખેતી શું છે એ જાણી લેવું જરૂરી છે. આ અંગે માહિતી આપતા એગ્રોસેલના જનરલ મેનેજર હસમુખ પટેલ જણાવે છે કે, સજીવ ખેતીની યાત્રામાં ૫ પગથિયા ચડવા પડે છે.

- જયુડિસિયસ યુઝ ઓફ એગ્રી ઈનપુટ્સ જેમાં ઈનપુટમાં સમજદારી ભર્યો ઉપયોગ અને ખર્ચમાં ઘટાડો કરીને ખેતીમાં નફો વધારે મળે છે.
- સજીવખેતીની કિટ ખેડૂતોને આપવામાં આવે છે. જેમાં પેસ્ટીસાઇડ, એનપીવી અને નીમ (લીમડા) બેઇઝ સજીવ પેસ્ટીસાઇડ એટલે કે કુદરીત ખાતર અપાય છે. અને છેલ્લે ખૂબજ ઉપદ્રવ હોય તો એન્ડોસલફાન આપવામાં આવે છે.
- તેમાં સંકલીત પાક વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે જેમાં પાણીખાતરો દવા અને અન્યનો સમજદારી પૂર્વક પ્રયોગ કરવામાં આવે છે.
- ઉત્પન્ન થતા પાકમાં ઇન્ડિયન ઓર્ગેનિક સ્ટાન્ડર્ડ જળવાય જેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. (ઇન્ડિયન ઓર્ગેનીક સ્ટાન્ડર્ડ એટલે જેમાં આપણા કુદરતી વાતાવરણને ધ્યાનમાં લઇને રોગ - જીવાણુંનું નિયંત્રણ કરવું)

(લેખક દૂરદર્શન, અમદાવાદમાં કાર્યરત છે.)



પર્યાવરણના વિકાસના કામો માટે આયોજન કરે છે અને તેનો અમલ પણ તેમના જ દ્વારા થાય છે.

રાપરના ખેડૂતો આજે સમગ્ર વિશ્વમાં તેમના દ્વારા પકવેલા કપાસ દ્વારા ઓળખાય છે. આજે ઇંગ્લેન્ડની "માર્કસ એન્ડ સ્પેન્સર" કંપની અને યુરોપની "C&A" કંપની ના ખેડૂતો દ્વારા પકવેલા સજીવ કપાસનો મુખ્ય ગ્રાહક છે. અને તેમના બજાર ભાવના કપાસ મુલ્ય કરતા વધુ મુલ્યમળતા આજે તેઓ આર્થિક રીતે સધ્ધર અને પગભર બની રહ્યા છે. રાપરના ખેડૂતો અને તેમનો સજીવ કપાસ આજે કેટલીય કંપનીઓ માટે કેસસ્ટડી અને ઉદાહરણ રૂપ બની ગયા છે.

આજે સમગ્ર વિશ્વમાં ઠેર ઠેર ઓર્ગેનીક કાપડ, ઓર્ગેનિક ફુડ, ઓર્ગેનીક કપાસ ની ડિમાન્ડ કુદકે ને ભુસકે વધી રહી છે. આ વાત નો અંદાજો એ પરથી લગાવી શકાય કે ઓર્ગેનીક પાક તૈયાર થતા પહેલા તેમના ગ્રાહકો લાઇન લગાવી ને ઉભા રહે છે. આજે ભારતમાં તેમજ વિશ્વમાં ઠેર ઠેર ઓર્ગેનિક દુકાનો પણ ખુલી રહી છે. અને ઓર્ગેનિક ની જાગૃતતા અંગે સંસ્થાઓ પણ આગળ આવી રહી છે.

આવનારો સમય "ઓર્ગેનિક" સમય અર્થાત સજીવ સમય છે તેવું કહેવામાં જરાય અતિશયોક્તી નથી ભારતભરનાં ખેડૂતો જો ઓર્ગેનિક (સજીવ)ખેતી તરફ વળે તો ભારતના વિકાસ દરને કોઇ પણ અટકાવી શકશે નહીં જો કોઇને પણ ઓર્ગેનિક ખેતી (સજીવખેતી) અંગે કોઇ પણ શંકા હોય તો એકવાર રાપરના આ ખેડૂતો ને મળી જવા જેવું ખરું.

- પાક તૈયાર થઇ જાય પછી ઇન્ટરનેશનલ ઓર્ગેનિક સ્ટાન્ડર્ડ લેવામાં આવે છે. વિદેશી ગ્રાહકો માટે યુનિયન નેધરલેન્ડની ઓર્ગેનિક સર્ટીફિકેશન કરાવી ને પછી તેના પાકો વેચવામાં આવે છે.

આતો થઇ સજીવ ખેતી કઇ રીતે કરવામાં આવે છે અને કઇ રીતે તે વેચાય છે તેની વાત, હવે જોઇએ એમાં સામાન્ય ખેડૂતોનો શું લાભ થાય છે ?

રાપરમાં છેલ્લા ૫ વર્ષથી ખેતી કરતા અમૃતાબેન ચાવડા જણાવે છે કે "પહેલા અમે રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરીને ખેતી કરતા તેના લીધે જમીન એકદમ કડક થઇ જતી પૈસા પણ વધારે વપરાઇ જતા અને પાક તૈયાર થયા પછી તેને વેચવા માટે અમારે આમ તેમ ફરવું પડતું હતું પરંતુ જ્યારે હસમુખભાઇએ અમને સજીવ ખેતી વિશે સમજાવ્યું ત્યારે અમે આ ખેતી તરફ વળ્યા અને આજે અમારી જમીન એકદમ ફળદ્રુપ થઇ ગઇ છે. પાકનું ઉત્પાદન પણ બમણુ થઇ ગયું છે અને આજે અમારે અમારો પાક વેચવા ગ્રાહક શોધવા પડતા નથી પરંતુ પાક તૈયાર થાય એની પહેલાજ તેનો ગ્રાહક તૈયાર હોય છે."

અમૃતા ચાવડા જેવા બીજા કેટલાય એવા ખેડૂતો આજે રાપરમાં છે જે સજીવ ખેતી તરફ વળ્યા પછી એકદમ નિશ્ચિત થઇ ગયા છે.

એગ્રો સેલ અને સેલ ફાઉન્ડેશને ખેતીનું અભિયાન ૪૦ ખેડૂતોને સાથે લઇને શરૂ કર્યું હતું. આજે ૪૦૦૦ થી વધુ ખેડૂતો તેમની સાથે જોડાયા છે. અને દિવસે ને દિવસે તેમની સંખ્યા વધી રહી છે. દેશમાં સજીવ ખેતી અંગે ૧૧ રાજ્યોમાં ૨૫ સેન્ટરો જુદી જુદી સંસ્થાઓ દ્વારા ઉભા કરવામાં આવ્યા છે. જેની સાથે ૪૫,૦૦૦ નાના ખેડૂત પરિવારો જોડાયેલા છે. અને ખેડૂતોનાં દેશ ભરમાં કુલ (૯) એસોસિયેશન છે જે સમગ્ર સોસાયટી, ખેડૂતો, ખેડૂત મજૂરો અને અન્ય બાકી પરિવારને સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય અને

• • •

# મહિલા સશક્તીકરણની દશા અને દિશા

પ્રા. અનિલકુમાર લકુમ

*સ્વાતંત્રતા બાદ ભારતના સંવિધાનની જોગવાઈઓ, કલ્યાણકારી યોજનાઓ તથા સમાજ સુધારકો તેમજ રાજકીય નેતાઓના પ્રયત્નોને કારણે સ્ત્રીઓને ઘણા અધિકારો પ્રાપ્ત થયા છે. મહિલાઓના ઉત્થાન માટે શિક્ષણ એ પ્રબળ માધ્યમ હોવાથી સ્ત્રી-શિક્ષણની શરૂઆત થઈ. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૫, ૧૬, ૧૯, ૨૧, ૪૦, ૪૭, ૩૩૦, ૩૩૨ પ્રમાણે સ્ત્રીઓને સમાન અધિકારો પ્રાપ્ત થયા છે. સામાજિક કાનૂનીકરણના માળખાથી અનેક કાયદાઓ ઘડી સ્ત્રીના સ્થાનમાં સુધારો લાવવાના પ્રયત્નો થયા, જેમાં દહેજ પ્રતિબંધક કાનૂન-૧૯૬૧, ૧૯૮૬, સમાન વેતન ધારો-૧૯૭૬, બાળલગ્ન પ્રતિબંધક કાનૂન-૧૯૭૬, ૧૯૭૭, વેશ્યાવૃત્તિ નિવારણ કાનૂન-૧૯૮૬, સતીપ્રથા પ્રતિબંધક કાનૂન-૧૯૯૩, મિલકત સંબંધી હિન્દુ વારસા ધારો-૧૯૨૯, ૧૯૫૬, ભરણપોષણ અધિકાર કાનૂન-૧૯૪૬, ૧૯૭૩, ૨૦૦૧, પ્રસુતિ પૂર્વે નિદાન કાનૂન-૧૯૯૪ વગેરેનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.*

"મહિલા સશક્તીકરણથી માત્ર મહિલાઓના જીવનમાં જ હકારાત્મક અસર થવાની નથી પરંતુ પુરૂષો અને બાળકોને પણ તેનો લાભ થશે."

*- અમર્ત્ય સેન*

વૈશ્વિકરણ અને ઉદારીકરણની પ્રક્રિયાઓએ વિશ્વને નાનું બનાવી દીધું છે. લૈંગિક (જાતિ) અસમાનતા એક સામાજિક વાસ્તવિકતા છે. સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો પ્રમાણે શારીરિક બંધારણમાં સ્ત્રી-પુરૂષમાં કુદરતી અસમાનતા છે. પરંતુ સામાજિક, આર્થિક અને રાજકીય અસમાનતાને સ્વીકરવામાં આવતી નથી. સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ આ વાત સ્વીકારી છે કે વિશ્વની અડધી વસ્તી (૫૦%) સ્ત્રીઓની છે. સંપૂર્ણ કામના ૨/૩ ભાગનું કામ સ્ત્રીઓ કરે છે છતાં તેઓ વિશ્વની સંપત્તિનો માત્ર ૧૦ માં ભાગનો ઉપયોગ કરવા પામે છે. સારી શાસન પ્રણાલિકા લિંગના ભેદભાવનો અસ્વીકાર કરે છે.અને સૌને સમાનતા પ્રદાન કરે છે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં પ્રચલિત સામાજિક પ્રથાઓ, રીવાજો અને પરંપરાઓ સ્ત્રીઓને અશક્ત બનાવે છે. જેનાથી સ્ત્રી સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પણ અશક્ત બને છે.

**લૈંગિક અસમાનતાના છ પ્રકાર છે**

(૧) ઘરના માણસોમાં અસમાનતા
(૨) મૂળભૂત સુવિધાની અસમાનતા
(૩) વિશેષ તકની અસમાનતા
(૪) વ્યવસાયિક અસમાનતા
(૫) જન્મની અસમાનતા
(૬) માલીકીની અસમાનતા

**પૂર્વ અભ્યાસો**

અગાઉના બધાજ અભ્યાસોને આધારે જણાય છે કે ભારતમાં બાળકીઓ અને મહિલાઓ સાથે દરેક ધર્મ, સંપ્રદાય, ભાષાના ઉચ્ચારણોમાં અસમાનતા વ્યક્ત થાય છે. પુરૂષો દ્વારા પ્રત્યક્ષ રીતે ઓછાવત્તા પ્રમાણમાં અસમાનતા વ્યક્ત થાય છે. અપવાદરૂપે આદિવાસીઓ અને નિમ્ન ગણવામાં આવતી જાતિઓ (જ્ઞાતિઓ)માં આવો ભેદભાવ ઓછો જોવા મળે છે. કારણ કે આ સમુદાયોના પુરૂષો થોડા ઉદાર છે અને સ્ત્રીઓ કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિ વડે કુટુંબને મદદરૂપ બને છે, તેઓ બોજારૂપ નીવડતી નથી.

**વાસ્તવિકતા**

ભારતમાં સ્ત્રીની ઓળખ પિતા, પુત્ર અને પતિથી નક્કી થાય છે. સ્ત્રી કોઈને કોઈ પુરૂષને આધીન રહે છે. સ્ત્રીઓ આગળ વધે અન્યાય સામે માથું ઉંચકે તો પુરૂષ વર્ગ પૂર્વગ્રહના કારણે એ બાબત સહન કરી શકતો નથી. આ બાબત આપણા સમાજના ઈતિહાસ અને સંસ્કૃતિના વિભિન્ન ધાર્મિક-સામાજિક ગ્રંથોમાં જોવા મળે છે. અંગ્રેજોના શાસન દરમ્યાન અંગ્રેજો અને સમાજ સુધારકોના પ્રયત્નોથી કેટલાય કાયદા બનાવી સ્ત્રીના સ્થાનમાં સુધારો લાવવાના પ્રયત્નો થયા. દા.ત. બાળલગ્ન અને સતીપ્રથા નાબૂદીના તથા વિધવા વિવાહના કાયદાઓ થયા.

(લેખક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાકંણપુરમાં વ્યાખ્યાતા છે.)

સ્વાતંત્રતા બાદ ભારતના સંવિધાનની જોગવાઈઓ, કલ્યાણકારી યોજનાઓ તથા સમાજ સુધારકો તેમજ રાજકીય નેતાઓના પ્રયત્નોને કારણે સ્ત્રીઓને ઘણા અધિકારો પ્રાપ્ત થયા છે. મહિલાઓના ઉત્થાન માટે શિક્ષણ એ પ્રબળ માધ્યમ હોવાથી સ્ત્રી-શિક્ષણની શરૂઆત થઈ. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૫, ૧૬, ૧૯, ૨૧, ૪૦, ૪૭, ૩૩૦, ૩૩૨ પ્રમાણે સ્ત્રીઓને સમાન અધિકારો પ્રાપ્ત થયા છે. સામાજિક કાનૂનીકરણના માળખાથી અનેક કાયદાઓ ઘડી સ્ત્રીના સ્થાનમાં સુધારો લાવવાના પ્રયત્નો થયા, જેમાં દહેજ પ્રતિબંધક કાનૂન-૧૯૬૧,૧૯૮૬, સમાન વેતન ધારો-૧૯૭૬, બાળલગ્ન પ્રતિબંધક કાનૂન-૧૯૭૬, ૧૯૭૭, વેશ્યાવૃત્તિ નિવારણ કાનૂન-૧૯૮૬, સતીપ્રથા પ્રતિબંધક કાનૂન-૧૯૯૩, મિલકલ સંબંધી હિન્દુ વારસા ધારો-૧૯૨૯,૧૯૫૬, ભરણપોષણ અધિકાર કાનૂન-૧૯૪૬, ૧૯૭૩, ૨૦૦૧, પ્રસુતિ પૂર્વે નિદાન કાનૂન-૧૯૯૪ વગેરેનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

આ ઉપરાંત આ કાયદાઓના ભંગ બદલ દંડની કાર્યવાહી કરવામાં આળે છે. આમાંની મુખ્ય ધારાઓ (કલમો) ૩૦૪(વી), ૩૧૨, ૩૧૬, ૩૧૯, ૩૨૩, ૩૪૦, ૩૪૪, ૩૬૧, ૩૬૩, ૩૬૩(એ), ૩૬૪, ૩૬૬, ૩૭૨-૭૩, ૨૭૬, ૩૭૭, ૩૯૪, ૪૯૬, ૪૯૮, અને ૫૦૯ વગેરેનો હકારાત્મક પ્રતિભાવ પડ્યો છે.

૧૯૮૨ થચી ૨૦૦૦ સુધી ૨૩ કલ્યાણકારી યોજનાઓ દ્વારા સ્ત્રીઓનો દરજ્જો સુધારવાના પ્રયત્નો થયા છે. જેમકે, માતૃત્વ અને શિશુ સ્વાસ્થય કાર્યક્રમ, બાળકીઓ અને મહિલાઓ માટે સમૃધ્ધ યોજના, સ્વયં સહાતા સમૂહ યોજના, મહિલા મંડળ યોજના, ઇન્દીરા મહિલા યોજના, રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના, ગ્રામીણ મહિલા વિકાસ યોજના, રાજ્યરાજેશ્વરી વિમા યોજના, સ્વાસ્થય સખી યોજના, બાલિકા સમૃધ્ધ યોજના, મહિલા શક્તિ યોજના, સ્ત્રી પુરસ્કાર યોજના, ચરખા યોજના, મહિલા સમસ્યા નિવારણ યોજના વિધવા સહાય યોજના વિગેરે.

વંચિત, ઉપેક્ષિત, નિર્બળ, નિરક્ષર, ગરીબ, ગ્રામીણ અને ગરીબી રેખા નીચે જીવતી મહિલાઓ-બાળકીઓનો સામાજિક, આર્થિક, રાજકિય અને શૈક્ષણિક વિકાસ કરવો એ જ આ બધી યોજનાઓનો ઉદ્દેશ છે. નારીને આત્મનિર્ભર અને પુરૂષ સમોવડી બનાવીને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવવી એ પણ એક ઉદ્દેશ છે. ૧૯૫૦ થી ૨૦૦૪ સુધીના આંકડા જણાવે છે કે ભારતની મહિલાઓ ગઈ કાલે જે સ્થિતિમાં હતી, એજ સ્થિતિમાં આજે પણ છે. એનો અર્થ એ નથી કે સ્ત્રીઓનો વિકાસ થયો નથી, સ્ત્રીઓનો વિકાસ થયો છે પણ તે આંશિક વિકાસ છે. સર્વાંગી મહિલાઓનો વિકાસ થયો નથી.

- શૈક્ષણિક વિકાસમાં સફળતા મળી છે છતાં આજે ૩૦ કરોડ બાળકીઓ અને મહિલાઓ શિક્ષણથી વંચિત છે.
- સામાજિક વિકાસમાં મહિલાઓ પ્રત્યેની હિંસામાં વધારો થયો છે. નેશનલ ક્રાઈમ બ્યુરોના અહેવાલ પ્રમાણે (સંદેશ, ૨૯ નવેમ્બર ૨૦૦૬) દર ૪ મિનિટે શારીરિક માનસિક હેરાનગતિ, દર ૯ મિનિટે પતિ કે સંબંધી દ્વારા ત્રાસ ગુજારવો, દર ૧૨ મિનિટે જાતિય શોષણ, દર ૭૭ મિનિટે દહેજ માટે સ્ત્રીની હત્યા જેવા ગુના આચરવામાં આવે છે.
- ગરીબી રેખા નીચે આવતા અલ્પ સંખ્યક સમુદાયો, આદિવાસીઓ, નિમ્ન ગણવામાં આવતી જાતીઓ (જ્ઞાતિઓ) અન્ય ગરીબ હિંદુ મહિલાઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. આ સ્થિતિ જુદી જુદા વિસ્તારોમાં અલગ અલગ છે. પરંતુ તેમાં આર્થિક વિકાસનું પ્રતિબિંબ પડે છે.
- ભારતની મહિલાઓની વસ્તીના પ્રમાણમાં વિધાનસભા અને સંસદમાં સ્ત્રીઓનું ૮ ટકા પ્રતિનિધિત્વ છે, જે સાધારણ જ કહેવાય. સ્થાકિ સ્વરાજ્યની સંસ્થાઓમાં બંધારણમાં ૭૩ અને ૭૪ ના સુધાર પ્રમાણે ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયત, નગરપાલિકાની ચૂંટણીઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવામાં આવી છે. છતાં તેઓ સત્તાથી વિમુખ છે. કારણ કે ગામડાંમાં સ્ત્રીની જગ્યાએ પતિ સરપંચની ભૂમીકા ભજવે છે.

ભારતના સંવિધાનમાં લિંગ ધર્મ, સંપ્રદાય, જાતિ (જ્ઞાતિ) ના આધારે કોઈપણ ભેદભાવ માન્ય નથી. દેશના નાગરિક તરીકે આવા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર દરેક નાગરિકને સમાન અધિકારો પ્રાપ્ત થયા છે. છતાં સમાજમાં ખરી સ્ત્રી-પુરૂષ સમાનતા સ્થાપિત થઇ જ નથી. વાસ્તવમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે ભેદભાવ જોવા મળે છે.

૨૦૦૧ ના વર્ષને ભારત સરકારે મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે ઉજવ્યું. ત્યાર પછી ભારતમાં 'મહિલા સશક્તિકરણ' શબ્દ પ્રચલિત બન્યો. ૨૦૦૧ પછી વર્તમાનપત્રો, સંશોધન

લેખો, પત્રિકાઓ, સેમિનારમાં આ શબ્દનો વ્યાપક ઉપયોગ થવા લાગ્યો. સશક્તિકરણ એક વ્યાપક વિકાસશીલ પ્રક્રિયા છે. જેનો મૂળ આધાર અશક્ત, વંચિત, ઉપક્ષિત મહિલાઓનો વિશેષ પ્રયત્નો દ્વારા વિકાસ કરવો. અશક્તને સશક્ત બનાવી રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં ભેળવવા. સાથે સાથે સામાજિક, આર્થિક, રાજકિય અને શૈક્ષણિક વિકાસ કરવો. ટૂંકમાં કહેવું હોય તો સશક્તિકરણ ગત્યાત્મક ખ્યાલ છે. જે સમય અને સ્થિતિને અનુરૂપ ધ્યેય નક્કી કરી અશક્ત ને સશક્ત બનાવવાની નિરંતર પ્યાસ છે.

વિશ્વમાં સ્ત્રીઓની રાજકીય સહભાગિતા વધારવામું શ્રેય અમેરિકાના મેસેચ્યુએટ રાજ્યને ફાળે જાય છે. ત્યાં ૧૬૧૧ માં મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો. સશક્તિકરણ માટે ૮ માર્ચ ૧૮૫૭ ના દિવસનું ખાસ મહત્વ છે. કારણ કે આ દિવસે ન્યૂયોર્કમાં કાપડ સિલાઈ ઉદ્યોગમાં કામ કરતી મહિલાઓએ સરખા કામ માટે પુરૂષોને અને મહિલાઓને પણ સમાન વેતન મળવું જોઈએ એવી માંગણી માટે હડતાલ પાડી હતી. તેથી ૮ માર્ચનો દિવસ વિશ્વમાં ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ તરીકે મનાવવામાં આવે છે.

નારી શક્તિની પૂજા ભારતમાં અને વિશ્વમાં થાય છે. વૈદિકયુગમાં ગૌરવવંતુ સ્થાન ધરાવતી સ્ત્રી અનુવૈદિકયુગમાં ગૌણ સ્થાને ઠેલાતી ગઈ અને મધ્યકાલીન યુગમાં તે અંધકારની ગર્તામાં ધકેલાઈ ગઈ. આઝાદી બાદ પણ સ્ત્રી વધારે ને વધારે અશક્ત બનતી ગઈ. કેમ ? અને કેવી રીતે ? આ પ્રશ્નોના જવાબ મેળવવા અનેક કારણો આપવામાં આવે છે. જેમાં જાતીય પ્રવિત્રતા, બાળલગ્નો, દહેજપ્રથા, નિરક્ષરતા, ધર્મશાસ્ત્રોની ભૂમિકા, પુરૂષોનું વર્ચસ્વ, સામાજિક-ધાર્મિક સંસ્કારો વગેરે મુખ્ય કારણો છે.

દેશને સ્વતંત્રતા મળ્યા બાદ મહિલા કલ્યાણ, મહિલા ઉત્થાન અને મહિલા સશક્તિકરણ માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યો છે. તેની અસરો ક્યા ક્યા ક્ષેત્રોમાં કેટલા પ્રમાણમાં થઈ છે, તેની માહિતી સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ૨૦૦૧ સુધીના આંકડાઓને આધારે મળે છે.

- સામાજિક વિકાસમાં જોઈએતો બાળલગ્નો, સ્ત્રીઓ પરના વધતા અપરાધો, સ્ત્રી ભૃણ હત્યા, બળાત્કાર, કુપોષણનો ભોગ બનતી મહિલાઓ અને બાળકીઓનું ખુબ મોટું પ્રમાણ છે.લાન્સેટ સામયિકમાં સ્ત્રી ભૃણ હત્યા અંગે કરાયેલા સંશોધનમાં ભારતમાં દર વર્ષે પાંચ લાખ બાળકીઓની ગર્ભમાં હત્યા કરવામાં આવે છે.
- શૈક્ષણિક વિકાસની વાત કરીએ તો નગર સમાજમાં અને મધ્યમ વર્ગમાં સ્ત્રી શિક્ષણ જોવા મળે છે. ગ્રામીણ સમાજ, પછાત સમાજોમાં કન્યા કેળવણીનું ચિત્ર ધ્યાન જનક છે. ૨૦૦૧ ની વસ્તીગણતરી મુજબ ૪૫.૮૪ ટકા સ્ત્રીઓ નિરક્ષર છે.
- આર્થિક વિકાસની વાત કરીએ તો ઓછી આવક વાળા અને અસંગઠિત ક્ષેત્રોમાં સ્ત્રીઓની સંખ્યા વધારે જોવા મળે છે. ઉચ્ચ આવક વાળા અને પ્રતિષ્ઠા ધરાવતા પરિવારોમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે.
- રાજકિય વિકાસની વાત કરીએ તો લોકશાહીના વિકેન્દ્રીકરણથી ભારતની કુલ વસ્તીના ૪૫ ટકા મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો છે.

“સ્ત્રી પારકુ ધન છે.” આવી કહેવતોથી સ્ત્રી ઘર અને બહાર બંને જગ્યાએ ભેદભાવનો શિકાર બને છે. લિંગભેદનો શિકાર બનતી બાલિકાઓ અને મહિલાઓ પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં અનેક લેખો, શોધ પેપરો, અભ્યાસો, વર્તમાનપત્રોમાં વિગતો પ્રકાશિત થતી રહે છે. તાજેતરમાં આઈ.પી.એસ અધિકારી કિરણ બેદીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવી પડી છે. તેમણે પોતાના એક ઈન્ટરવ્યુમાં કબૂલાત કરી છે કે તેઓ સ્ત્રી લિંગભેદનો શિકાર બન્યાં છે.(દિવ્યભાસ્કર, તા.૧૯ નવેમ્બર ૨૦૦૭) આપણા દેશના વિકસિત રાજ્યો અને મહાનગરોમાં સ્ત્રીઓ પરના અપરાધો વધી રહ્યા છે. જે સ્ત્રી સશક્તિરણના ખ્યાલ સામે પ્રશ્નાર્થ ચિહ્ન મુકે છે. નારીવાદી સંગઠનો કુપોષણ, ઘરેલુ હિંસા, દહેજ, ભૃણ હત્યા, બળાત્કાર, છેડછાડ-સતામણી, જાતીય શોષણ વગેરેની વિરૂધ્ધ અવાજ ઉઠાવી સામાજિક જાગૃતિ ઉભી કરી રહ્યા છે. આમ વર્ષોથી શોષિત અને રાજકિય અધિકારોથી વંચીત સ્ત્રીઓને જાહેર જીવનમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે ઘણાં વર્ષો સુધી રાહ જોવી પડશે.

### તારણ અને સૂચનો

મહિલા સશક્તિકરણ થી મહિલાઓને જે લાભ મળવો જોઈએ તે મળતો નથી. તેની પાછળનાં કારણોમાં પુરૂષવર્ગની તાનાશાહી, વ્યાપક નિરક્ષરતા, જટિલ સામાજિક સંબંધો, ગ્રામીણ-આદિવાસી સમાજમાં ઘુંઘટ પ્રથા, મહિલાઓનું ઓછું રાજકીય સહભાગીપણું, સ્ત્રીઓ પ્રત્યે વધતા જતા અપરાધો, માનવીય મૂલ્યોનું અધઃપતન વગેરે છે. આના સંદર્ભમાં

*(અનુસંધાન પાનાનં ૨૯ ઉપર)*

# આંતરરાષ્ટ્રીય દસ્તાવેજી મહોત્સવમાં ઇશાન ભારતની ફિલ્મો

મુંબઇમાં શરૂ થયેલા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં રજૂ થયેલી ફિલ્મોમાં આ પૂર્વોત્તર રાજ્યોનાં કુદરતી સૌંદર્ય, પરંપરા, સમાજ અને સંસ્કારોનું સુંદર નિરુપણ કરવામાં આવ્યું છે. આ ફિલમોમાં એક પ્રકારની તાજગી અને વિષયોનું અપાર વૈવિધ્ય નજરે પડે છે. આ મહોત્સવમાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોની ફિલ્મોની ખાસ પેકેજમાં કુલ ૩૩ ફિલ્મોનો સમાવેશ થાય છે. એમાં લઘુ ફિલ્મો, દસ્તાવેજી ચિત્રો, અરબામ શ્યામ શર્મા, જાહનું બહુઆ, સંજય હઝારિકા અને ગૌત્તમ બોરા જેવા ખ્યાતનામ સર્જકોની ફિલ્મો ઉપરાંત કેટલાંક યુવાન પ્રતિભાશાળી દિગ્દર્શકોની નવી ફિલ્મોનો રસથાળ રજૂ થયો છે.

વિખ્યાત ફિલ્મ દિગ્દર્શક જાહનું બહુઆની ફિલ્મ, 'એ રિવર સ્ટોરીઃ ધ ક્વેસ્ટ ઓફ બ્રહ્મપુત્રા' આ પ્રદેશની જીવાદોરી સમાન બ્રહ્મપુત્રા નદીના આસામની પ્રજા, માનવ સમાજ, કુદરત અને સંસ્કાર ઉપરના પ્રભાવનું નિરુપણ થયું છે.અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા જાહનું બહુઆએ આ ફિલ્મનું સુંદર દિગ્દર્શન કર્યું છે. મણિપુરના 'પદ્મ શ્રી' થી સન્માનીત મણિપુરના ફિલ્મ નિર્માતા અરબામ શ્યામ શર્માએ 'ઇમેજી નીન્ગથેમ' દ્વારા મણિપુરને સિનેમાની દુનિયાના નકશા ઉપર મૂક્યું છે. આ ફિલ્મનું દિગ્દર્શન વ્રજબિંદુ સિંધે કર્યું છે.

અરુણાચલ પ્રદેશના ગૌત્તમ વોરાએ 'બીયોન્ડ ડેથ' નામના દસ્તાવેજી ચિત્રમાં બૌદ્ધધર્મની ફિલોસોફી રજૂ કરી છે. જ્યોતીપ્રસાદ દાસની ફિલ્મ 'ધી ગ્રીન વોરીઅર એપાટનીસ'માં પરંપરાનો સમય સાથે સમન્વય થતો દર્શાવાયો છે. આસામી ફિલ્મ 'ગુમોરીઆ ગોઝ ગ્લોબલ' માં ગુમારીઆ પ્રદેશની ગ્રામીણ સ્ત્રીઓ વચ્ચેની એકતા તેમજ આત્મનિર્ભરતાનું વેધક નિરુપણ થયું છે. 'મિજાજ' ફિલ્મ એક વ્યક્તિના વિભિન્ન મૂડને છતાં કરે છે. અરીબામ શ્યામ શર્માની લોકોપ્રિય ફિલ્મ 'ગુરુ લાઈમાયુમ થામ્બાલનાગૌબી દેવી' એક વિખ્યાત શાસ્ત્રીય મણિપુરી નૃત્યકાર વિશે છે. કાજુ દ્વારા નિર્મિત 'ઓપ લીવીંગ બોન્ડેજ' બાલ્પાકાર રાષ્ટ્રીય ઉદ્યાન અને ગારો ગામના લોકો વચ્ચેના અનન્ય નાતા વિશે છે. નાગાલેન્ડની ફિલ્મ 'એ વિન્ટર નાઇટ્સ ડ્રીમ' સુમી નાગા આદિવાસીઓને લગતી એક પ્રચલિત લોકકથાની આસપાસ ગુંથાયેલી છે.પ્રદિપ ગોગોઇની ફિલ્મ 'ધી લેન્ડ ઓફ મીસ્ટ' રાજસ્થાનના ઉદેપુર વિશે છે.

આ ફિલ્મમહોત્સવની કેટલી ખાસ વિલક્ષણતા છે. એમાં યુવાન મહિલા ફિલ્મ દિગ્દર્શકોની જે ફિલ્મો રજૂ થઇ છે. એમાં વિષયોનું વૈવિધ્ય જોવા મળે છે.ટીનાટ અટીફા મસૂદે 'ચા' ની કથા નીરુપી છે. વાય.રોમાબાઇ દેવીએ નૃત્ય ગુરુની વંશાવલિ ઉપર પ્રકાશ ફેંક્યો છે તો પ્રેરણા બારબારૂહા શર્માએ મેઘાલયના માતૃમુક્ષક સમાજની વાત રજૂ કરી છે. આ પ્રદેશના વન્ય જીવના જતન અને રક્ષણ વિશે બે ફિલ્મો મહોત્સવમાં રજૂ થઈ છે.

ઉત્તરપૂર્વનાં રાજ્યો ઘણાં અંતરે આવેલા હોઈ ત્યાં ફિલ્મ નિર્માણ માટે બહુ સુવિધાઓ નથી અને આ પ્રદેશની જેમ એની ફિલ્મો વિશે પણ લોકો અજાણ છે. આ પ્રદેશના ફિલ્મ નિર્માતા, દિગ્દર્શકો વગેરે વર્ષોથી ઘણાં મુશ્કેલ અને પ્રતિકૂળ સંજોગોમાં કામ કરી રહ્યા છે. મુશ્કેલીઓ વચ્ચે પણ એમણે એમની સર્જનાત્મક શક્તિ કાબેલિયત વિશ્વ સમક્ષ પુરવાર કરી છે. એની વિશ્વમાં નોંધ લેવાઇ છે. પરંતુ કમનસીબે ઘર આંગણે, એમના પોતાના દેશના લોકો એનાથી અજાણ રહ્યા છે. આ ફિલ્મ મહોત્સવ આપણા માટે આપના ખૂબના વિશિષ્ટ સર્જકોની સુંદર ફિલ્મો જોવાની માણવાની સુદર તક પૂરી પાડે છે. આપણે આ તક ઝડપી લેવી જોઇએ.

*(સૌજન્યઃ પી.આઇ.બી. અમદાવાદ)*

● ● ●

# ગ્લોબલ વોર્મિંગ : એક નવી પર્યાવરણ વ્યવસ્થા તરફ

સુમતિ વિશ્વનાથન

**ભા**રતે ફરી એકવાર વૈશ્વિક સ્તરે સાબિત કરી આપ્યું છે. કે તે વિકાસશીલ દેશોના અને ભારતના હીતની રક્ષા કરવા સક્ષમ છે. ઈન્ડોનેશિયાના ટાપુ પ્રદેશ બાલિ ખાતેના એક હોલી ડે રીસોર્ટમાં વિશ્વના ૧૯૦ જેટલા દેશોએ હવામાનમાં થઈ રહેલા ફેરફાર અને વાતાવરણમાં ગ્રીનહાઉસની અસરો ઘટાડવા માટે નિર્ણય લેવાનો માર્ગ વિચારી કાઢયો. રાષ્ટ્રસંઘની હવામાનમાં ફેરફાર અંગેની આ પરિષદમાં ભારતે મહત્વની બાબત હાંસલ કરી. આ બેઠકમાં વિકાસલક્ષી દેશો પર લક્ષ્યાંક લાદવાનો ભારતે વિરોધ કર્યો અને વિકસિત દેશો, ઔદ્યોગિક તથા સમૃધ્ધ દેશોને નાણાકીય સહયોગ આપીને પ્રદુષણ રહિત ટેકનોલોજી ગરીબ દેશોને પૂરી પાડવા જણાવ્યું. ૧૫ દિવસની આ બેઠક દરમિયાન ભારતે કહ્યું કે વિકસિત દેશોએ આ બાબત ગરીબ દેશો પર ન લાદવી જોઈએ. આ અંગે નિર્ણય લેવામાં આવ્યો કે આગામી બે વર્ષમાં નવા સિધ્ધાંતો અમલી બનશે અને ૨૦૧૨ સુધીમાં નિર્ણય કરવા તૈયાર કરશે. હવેનાં બે વર્ષ સુધીમાં દરેક રાષ્ટ્રની ફરજ સ્પષ્ટ કરવામાં આવશે.

રાષ્ટ્રસંઘ હવામાન ફેરફાર માળખા તરીકેના આ કરાર અંતર્ગત કયોટો પ્રોટોકોલ અમલી બન્યો છે. તેમાં ૩૬ જેટલા પ્રદૂષણને ઔદ્યોગિક રાષ્ટ્રોએ ૨૦૧૨ સુધીમાં નિર્ધારીત પ્રમાણમાં ઘટાડવાની બાબત છે. બાલી ટાપુ પર આ પરિષદમાં ૨૦૧૨ પછીની પરિસ્થિતિ પર ચર્ચા હતી. કયોટો પ્રોટોકોલ ૨૦૧૨ સુધીમાં પૂરો થાય છે. હાલ સમૃધ્ધ દેશો જે ૭૦ ટકા પ્રદૂષણ માટે જવાબદાર છે. તેઓ કાર્બન પ્રદૂષણ ઘટાડવા બંધાયેલા છે. તેઓની માંગણી છે કે ૨૦૧૨ પછી વિકાસલક્ષી દેશો પણ પ્રદૂષણ ઘટાડે. આમ આ કરારમાં એકદમ ઉલટી બાબત આવી. ભારત અને બીજા દેશોએ રજુઆત કરી કે આ પ્રકારનાં પગલાં આર્થિક વિકાસમાં અડચણરૂપ બને. ભારતે આ બાબતની જવાબદારી સમૃધ્ધ દેશો પર નાંખી અને તેને સ્વીકારીને ભવિષ્યનાં પગલાં માટેનો નકશો તૈયાર કરાશે.

પરિષદમાં ભારતીય પ્રતિનિધિએ જણાવ્યું કે ૧૪ દિવસથી ચાલી રહેલી વાતચીત અને ચર્ચા ઘણી ગાઢ બની રહી છે. ત્યારે સમૃધ્ધ દેશોએ આ પ્રકારની પ્રદૂષણમુકત ટેકનોલોજી માટે ભંડોળ પૂરૂં પાડવું જોઈએ અને તે રીતે ગરીબ દેશોમાં તેનો અમલ થઈ શકે. તેના પરિણામે આ વિકાસલક્ષી દેશોની આર્થિક વૃધ્ધિને અસર ન થાય. વિજ્ઞાન અને ટેકનોલોજી બાબતોના કેન્દ્રીયમંત્રી શ્રી કપિલ સિબ્બલે રજુઆત કરી કે આ એક જબરદસ્ત વિજય હતો, પરંતુ ભારતે બે વર્ષની મંત્રણા દ્વારા એક સ્થાન મેળવ્યું છે અને તે માટે બાલીમાં પ્રતિનિધિઓ સંમત થયા છે અને ૨૦૦૯ સુધીમાં આ મંત્રણાઓ હાથ ધરાશે.

બેઠકના છેલ્લા દિવસે ૯૦ મીનીટ સુધી ચાલેલી ચર્ચામાં ભારતીય પ્રતિનિધિએ જણાવ્યું કે પ્રદૂષણમુકત ટેકનોલોજી અને તે માટેનું ભંડોળ સમૃધ્ધ દેશો પૂરૂં પાડે એ અંગેના ઠરાવ પર ખૂબ ચર્ચા ચાલી અને અમેરિકાના પ્રતિનિધિએ વિકાસલક્ષી દેશોની જવાબદારી પર રજુઆત કરી અને તેને વેગ મળી ગયો. આ તબક્કે ભારતીય પ્રતિનિધિએ દરમિયાનગીરી કરી, જેને યુરોપીય સમુદાયના પ્રતિનિધિએ ટેકો આપ્યો. આમ આખરે સંમતિ સાધવામાં આવી કે સમૃધ્ધ દેશોની સાથોસાથ ગરીબ દેશો પણ હવામાનમાં ફેરફાર માટે સક્રિય બને, પરંતુ ટેકનોલોજી અને ભંડોળની મદદ મળે જેથી તેમનો વિકાસ ન રૂંધાય અને પ્રદૂષણમાં ઘટાડો થાય.

ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન કલાયમેટ ચેન્જ આઈપીસીસી જેવી નોબલ પુરસ્કાર વિજેતા સંસ્થાના વડા અને પર્યાવરણવાદી ડો. આર.કે.પચૌરીએ કહ્યું કે ભવિષ્યમાં ઓછા કાર્બનવાળાં પ્રદૂષણ જોવા મળશે અને તેનો જે સ્વીકાર કરશે તે જ આગળ વધશે અને જે નહીં સ્વીકારે તે પાછળ રહી જશે. ભારતીય ઉદ્યોગોએ પણ આ બાબત સ્વીકારવી પડશે. ભારતમાં પરિવહન, ઉર્જા અને બાંધકામ

(અનુસંધાન પાનાનં ૪૬ ઉપર)

# વિદેશમાં વસતા ભારતીયો માટે લાભદાયક તકનો પ્રસ્તાવ

વિ. મોહન રાવ

દેશના આર્થિક વિકાસમાં બિનનિવાસી ભારતીયોએ આપેલા યોગદાનની નોંધ લઈને, ભારતે ફરી એક વાર મૂડીરોકાણ માટે આહવાન કર્યું છે અને નફાકારક તક આપવાનું વચન પણ આપ્યું છે. મૂળ ભારતીયોની ૧૩૦ દેશોમાં ફેલાયેલી વસતિને છઠ્ઠા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દરમિયાન આ આહવાન કરવામાં આવ્યું, ભારતમાં પધારો અને ભારતની પ્રગતિમાં સહયોગી બનો. નવસર્જન પામી રહેવા ભારતમાં આપના અનુભવોનો લાભ આપો અને નફો મેળવો. આ સંમેલનમાં રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ, પ્રધાનમંત્રી ડૉ.મનમોહનસિંહ અને અન્ય અગ્રણીઓએ કેન્દ્રની યુ.પી.એ સરકાર દ્વારા લેવાયેલાં પગલાંનો ચિતાર રજુ કર્યો અને દેશમાં મૂડીરોકાણનાં વિકસી રહેલાં ક્ષેત્રો વિશે સમજ આપી. રાષ્ટ્રપતિએ પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ ઘણા બિનનિવાસી ભારતીયોને આપ્યા, અને માતૃભૂમિના વિકાસ માટે વધુ યોગદાન આપવા પર ભાર મૂક્યો તથા સંકલિત વિકાસ દ્વારા દેશનાં ગરીબ અને તવંગર વચ્ચેનો ફેર ઘટાડવા પર ધ્યાન આપી શકાય તેમ જણાવ્યું આ સંમેલનમાં ઘણા સભ્યોએ સરકારની વાતનું સમર્થન કર્યું અને દેશને કંઈક આપવાની ભાવના દર્શાવી તથા ઘણા મોટા મૂડીરોકાણમાંથી થોડું ભારતમાં મૂડીરોકાણ કરીને ભાગીદારીની ભાવના વ્યકત કરી.

ત્રણ દિવસના આ સંમેલનને સંબોધતાં પ્રધાનમંત્રી ડૉ.મનમોહન સિંહે જણાવ્યું કે વિદેશમાં વસતા ભારતીયો ભારતમાં મૂડીરોકાણ કરે તે માટેનું માળખું ઉભું કરી તેમને નફાકારક તક ઉપલબ્ધ થાય તેવું વાતાવરણ સર્જવાની ખાતરી આપું છું. ઘણી બધી જાહેરાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકાર મૂળ ભારતીયોના હીત જાળવવા માટે કટિબધ્ધ છે. ડૉ.સિંઘે કહ્યું કે ભારતીયો વિદેશમાં વસે છે ત્યારે તેમની સલામતિ અને કલ્યાણ મહત્વની બાબત બને છે. અને તેને અગ્રતા આપવામાં આવી છે. ગયા વર્ષે પ્રધાનમંત્રીએ મૂળ ભારતીયોને ભારતમાં મૂડીરોકાણ માટે આહવાન કર્યું હતું. તેમાં નાણાકીય ઉપરાંત સામાજિક, બૌધ્ધિક, સાંસ્કૃતિક તથા લાગણીપૂર્વક જોડાવા પણ જણાવ્યું આ વખતે ડોકટર સિંધે વિશ્વાસપૂર્વક કહ્યું કે દેશમાં ૯ થી૧૦ ટકાના દરે વિકાસ થાય તેવી પરિસ્થિતિ છે અને વિકાસની આ પ્રક્રિયા, ભારતને વિશ્વનું ઉર્જાવાન રાષ્ટ્ર બનાવશે. તેમણે જણાવ્યું કે ભારત જ્ઞાન આધારીત અર્થતંત્ર તરીકે અને શૈક્ષણિક મથક તરીકે વિકસે માટે પ્રધાનમંત્રીની સલાહકાર પરિષદ રચવાની જાહેરાત કરી અને તેમાં બિન-નિવાસી ભારતીયોના જ્ઞાન અને અનુભવનો લાભ લઈને ઉચ્ચકક્ષાનું પ્લેટફોર્મ ઉભું કરવા જણાવવું. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ ભારત વિકાસ ફાઉન્ડેશન રચવાની દરખાસ્ત મૂકી અને તેમાં મૂળ ભારતીયોની ભાગીદારી પર ભાર મૂકયો. આ પ્રયાસો ભારતીયોના માનવસંપતિ વિકાસ માટેના પ્રયત્નોને બળ આપશે. પ્રધાનમંત્રીએ બિનનિવાસી કામદાર સંપત્તિ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરી અને તે રીતે સ્થળાંતરણ પામેલા કામદારોની માહિતી અને શકિત અંગે જાણકારી મળી રહે.

ડૉ.સિંઘે જણાવ્યું કે જાહેર-ખાનગી ભાગીદારી વડે યુનિવર્સિટી ઓફ પીપલ ઓફ ઈન્ડિયન ઓરીજીન સ્થાપવાની દરખાસ્ત છે, તેને આ પરિષદમાં વ્યાપક આવકાર મળ્યો ડૉ. સિંધે પરમાણુ ઉર્જા કરારમાં ભારત-અમેરિકા વચ્ચે સધાયેલા સહકારમાં રાજકીય ટેકો ઉભો કરવાની બાબતે અમેરિકામાં રહેલા મૂળ ભારતીય સમુદાયના પ્રયત્નો માટે આભાર અને ઋણની લાગણી દર્શાવી. આ ઉપરાંત ભારતમાં વિદેશથી મોકલાતાં નાણાંના કારણે ચાલુ વર્ષે થયેલા વધારા બદલ તેમણે આભાર દર્શાવ્યો. ૨૦૦૬ના વર્ષમાં ૨૬ અબજ ડોલર આ રીતે મોકલવામાં આવ્યા હતા. વિશ્વના જુદા જુદા ભાગોમાં મૂળ

*(અનુસંધાન પાનાનં ૪૧ ઉપર)*

# સુક્ષ્મ, લઘુ અને મધ્યમકક્ષાના ઉદ્યોગોમાં રોજગારીની વિપુલ તક

મનોજ ગુપ્તા

કેન્દ્રીય સંયુકત પ્રગતિશીલ મોરચા સરકારના રાષ્ટ્રીય સામાન્ય લઘુતમ કાર્યક્રમમાં વહીવટના છ મૂળભૂત સિધ્ધાંતો પૈકી રોજગારીનું સર્જન કરે તેવા આર્થિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે અને તેનો સમાવેશ થયો છે આ સામાન્ય લઘુત્મ કાર્યક્રમમાં લઘુઉદ્યોગોને રોજગારલક્ષીક્ષેત્ર ગણવામાં આવે છે.

દેશમાં લઘુઉદ્યોગો (સુક્ષ્મ ઉદ્યોગો, નાના ઉદ્યોગો અને વેપાર સહિત) દ્વારા આર્થિક વૃધ્ધિને ઉત્તેજન આપ્યાનો લાંબાગાળાનો અહેવાલ છે. તે રોજગારલક્ષી, વ્યાપક અને સંકલિત હોય છે એટલેજ કહ્યું છે કે લઘુ ઉદ્યોગક્ષેત્ર કૃષિ પછી બીજા નંબરનું રોજગારી પૂરી પાડતું કેન્દ્રીય ક્ષેત્ર છે. એક સામાન્ય અવલોકન છે કે નોંધાયેલા એકમોમાં દર ૧.૪૯ લાખ રૂપિયાના મૂડીરોકાણે ૧ વ્યકિતને રોજગારી મળે છે, જયારે મોટાં સંગઠીત ક્ષેત્રોમાં રૂા.૫.૫૬ લાખના ના મૂડીરોકાણે ૧ વ્યકિત રોજગારી મેળવે છે. આ ક્ષેત્રમાં રોજગારી વૃધ્ધિદર દેશની વસતિના દર ૧.૫ ટકાથી અને મોટા ઔદ્યોગિક એકમોના ૦.૮૫ ટકાના દરથી ઘણો ઉંચો છે.

છેલ્લાં ત્રણ વર્ષમાં ઉત્પાદન અને સેવાઓ ક્ષેત્રના ઉદ્યોગોમાં ૯ લાખ થી વધીને એક કરોડ અઠ્ઠાવીસ લાખ જેટલો વધારો થયો છે અને તે રીતે ૩ કરોડ ૧૩ લાખ લોકોને રોજગારી મળી છે. તે રીતે સંખ્યાની દષ્ટિએ ૪ ટકા અને રોજગારીની દષ્ટિએ ૪.૫૭ ટકા વૃધ્ધિદર છે, જે કૃષિક્ષેત્ર પછી બીજા ક્રમે છે સુક્ષ્મ ઉદ્યોગોએ ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં મહત્વનું યોગદાન આપે છે. કુલ ઉદ્યોગ સાહસિકોમાં ૯૯.૬ ટકા સુક્ષ્મ ઉદ્યોગોમાં છે અને અર્થતંત્રને ખૂબજ મહત્વનું યોગદાન આપે છે.

સુક્ષ્મ, લઘુ અને મધ્યમકક્ષાના ઉદ્યોગો દ્વારા રાષ્ટ્રના આર્થિક વિકાસમાં અપાતો ફાળો કંઈ નાનો સુનો નથી. દેશના કુલ ઉત્પાદનના ૩૯ ટકા અને કુલ નિકાસના ૩૪ ટકા આ ઉદ્યોગો દ્વારા થાય છે. દસમી પંચવર્ષીય યોજનામાં છેલ્લાં ચાર વર્ષ દરમિયાન આ ક્ષેત્રમાં વાર્ષિક ૮.૮૭ ટકા વૃધ્ધિદર જોવા મળ્યો. આ ઉદ્યોગો દ્વારા ઉત્પાદીત અંદાજે ૬૦૦૦ થી વધુ ઉત્પાદનોમાં ઉચ્ચ ટેકનોલોજી ક્ષેત્ર અણુ વિદ્યુત, મિસાઈલ તથા અવકાશ કાર્યક્રમો, માહિતી ટેકનોલોજી અને બાયોટેકનોલોજી માટે જરૂરી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ ક્ષેત્રની નિકાસ વિશ્વના બજારમાં ખૂબ જ સ્પર્ધાત્મક બની રહે છે.

સરકારે, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ ધારો, ૨૦૦૬ ઘડીને આ ક્ષેત્રની લાંબાગાળાની જરૂરિયાતોને પૂરી કરવાના પ્રયત્નો કર્યા છે. આ કાયદો આ પ્રકારના ઉદ્યોગોમાં સ્પર્ધાત્મકતા વધે અને તેનો વિકાસ થાય તથા ઉત્તેજનમાં સુવિધાઓ મળે તે માટેની જોગવાઈઓ ધરાવે છે. આ કાયદામાં સૌ પ્રથમવાર ઉદ્યોગ સાહસિકતાના સિધ્ધાંતનું અનુમોદન કરવામાં આવ્યું છે અને તે રીતે ઉત્પાદન તથા સેવાઓ બન્નેને સાંકળી લેવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રકારના ઉદ્યોગોમાં ત્રણેય સ્તર સુક્ષ્મકક્ષ, લઘુઉદ્યોગ અને મધ્યમકદને આવરી લેવામાં આવ્યા છે. સરકારે આ ઉદ્યોગસાહસિકોને ધિરાણ મળી રહે તે માટે નીતિવિષયક પેકેજ જાહેર કર્યું છે અને તેમાં દર વર્ષે ૨૦ ટકા ધિરાણવૃધ્ધિ માટે પણ જોગવાઈ છે. ધિરાણ કેન્દ્રી મૂડી પર સબસીડીની યોજના ટેકનોલોજીલક્ષી આધુનિકરણ માટે પણ લાગુ કરવામાં આવી છે અને તેના પરિણામે ઘણા બધા એકમો તેનો લાભ મેળવે છે.

રાષ્ટ્રીય સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ અંતર્ગત આ ઉદ્યોગોને લગતી સમસ્યાઓને પહોંચી વળવા મુખ્ય પ્રોત્સાહક પેકેજ જાહેર કરવામાં આવશે અને ધિરાણ, આધુનિક ટેકનોલોજી અપનાવવી, માર્કેટીંગ અને માળખાંકીય સુધારાઓને અપનાવવા માટે સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે. તેવી ખાતરી આપવામાં આવી હતી અને તે અનુસાર ૨૭ ફેબ્રુઆરી,૨૦૦૭ના રોજ કેન્દ્ર સરકારે આ વચન મુજબ પ્રોત્સાહક પેકેજ જાહેર કર્યું હતું.

ગ્રામિણ રોજગારી સર્જન કાર્યક્રમનો અમલ ખાદી અને ગ્રામોદ્યોગ પંચ દ્વારા કરવામાં આવે છે અને તેનો હેતુ ગામડાં તથા નાનાં શહેરો જેની વસતિ ૨૦ હજાર સુધીની છે, તેઓ ગ્રામોદ્યોગ સ્થાપીને રોજગારી ઉભી કરવાનો છે આ હેતુથી યોગ્ય ઉદ્યોગ સાહસિકોને મદદ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ઉદ્યોગ સાહસિક ખાદી ગ્રામોદ્યોગ પંચ દ્વારા સીમાંત મૂડી મેળવી શકે તથા જાહેરક્ષેત્રની વાણિજય બેન્કો, પ્રાદેશિક ગ્રામીણ બેન્કો, સહકારી બેન્કો મારફતે લોન મેળવી શકે અને ગ્રામોદ્યોગ સ્થાપી શકે. પંચ દ્વારા રૂા.૨૫ લાખ સુધીની મૂડી માટેના પ્રોજેકટ માટે જોગવાઈ કરવામાં આવે છે. આ રોજગાર કાર્યક્રમ હેઠળ બેન્કો દ્વારા પ્રોજેકટની ચકાસણી કરીને ધિરાણ આપવા અંગે નિર્ણય લેવામાં આવતો હોય છે.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ગ્રામિણ રોજગારી સર્જન કાર્યક્રમ હેઠળ થયેલી જોગવાઈ અનુસાર ૨૦૦૪-૦૫ના વર્ષ દરમિયાન ૩.૪૪.૦૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ સામે રૂા. ૨૯૨.૩૯૯ કરોડ ખર્ચાયા અને તે દ્વારા અંદાજે ૫.૩૦ લાખ લાભાર્થીઓને લાભ મળ્યો હતો. ૨૦૦૫-૦૬ દરમિયાન ૩.૬૬.૬૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ સામે રૂા.૩૨૦.૯૫૭ કરોડ ખર્ચાયા અને ૫.૬૮ લાખ લાભાર્થીઓને તે આપવામાં આવ્યા. ૨૦૦૬-૦૭ના વર્ષ દરમિયાન રૂા.૩૬૨.૯૧૭ કરોડની જોગવાઈ સામે રૂા.૩૪૯.૭૯૩ કરોડનો ઉપયોગ થયો અને ૫.૯૫ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

ગ્રામિણ રોજગારી સર્જન કાર્યક્રમ હેઠળ ૨૦૦૬-૦૭ દરમિયાન સંપૂર્ણપણે તમામ લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવ્યા. ખાદી અને ગ્રામોદ્યોગ પંચ, કાર્યક્રમના અમલીકરણની નિયમિત સમીક્ષા કરે છે. કેન્દ્ર અને રાજય તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ સમીક્ષા બેઠકો યોજાય છે તથા તે ઉપરાંત ખાસ સમીક્ષા બેઠકો પણ યોજાય છે. પંચે રાજયકક્ષાએ સમીક્ષા બેઠકો નિયમીત રૂપે યોજી છે અને તેમાં રાજયનાં ખાદી ગ્રામોદ્યોગ પંચ તથા લીડ મેનેજર બેન્કોને પણ સાંકળવામાં આવે છે. પ્રત્યેક ત્રિમાસિક બેઠકમાં કાર્યક્રમના અમલીકરણને વેગ આપવા પર ભાર મૂકવામાં આવે છે આ પ્રકારની બેઠકોમાં લક્ષ્યાંક પાર પાડવાને ખાસ ધ્યાન અપાય છે. આ ઉપરાંત પંચે સ્થાનિક સમિતિઓની રચના કરી છે અને તે રીતે દરેક રાજયમાં પ્રોજેકટ અંગેની દરખાસ્તો પસંદ કરવામાં આવે છે તથા ઉદ્યોગસાહિસકોને તાલીમ અને માર્ગદર્શન, પ્રોજેકટની તૈયારી તથા બેન્કોને ધિરાણ માટે મોકલી આપવાની બાબતો વિચારણામાં લેવાય છે.

*(સૌજન્ય: પી.આઈ.બી. અમદાવાદ)*

---

*(અનુસંધાન પાનાનં ૩૯ થી શરૂ)*

ભારતીયોએ ઘણી સફળતા હાંસલ કરી છે. આ તબક્કે તેમણે ચાર ભારતીય નારીનો ઉલ્લેખ કર્યો. જેમણે વિવિધમાં અલગ અલગ વ્યવસાયોમાં ભારતનું નામ રોશન કર્યું છે.

પ્રવાસી ભારતીય દિવસની બેઠકમાં મોરિશિયસના પ્રધાનમંત્રી શ્રી નવીનચંદ્ર રામગુલામ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે મૂળ ભારતીયોને ભારતના વિકાસમાં આગળ આવવા અને તક ઝડપી લેવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું કે ભારતમાં વિશ્વાસ,આશા વ્યાપક બાબતો છે ત્યારે મૂળ ભારતીયોએ સહયોગ આપવો જોઈએ, પરિણામે ભારત વધુ સંગઠીત, સશકત અને સમૃદ્ધ બની રહે. ભારત અને મૂળભારતીયો વચ્ચે પરસ્પરના સંવાદિતાપૂર્ણ સંબંધો વિશે બોલતાં કેન્દ્રીય વિદેશ બાબતોના મંત્રી શ્રી વ્યાલાર રવિએ માહિતી આપી કે ભારત સરકારે બે વર્ષમાં ૨ લાખ જેટલા મૂળ ભારતીયોને નાગરિકત્વ કાર્ડ પૂરાં પાડવામાં આવ્યાં છે તથા વધુ ભારતીયોને આ કાર્ડ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ બેવડાં નાગરિકત્વનાં કાર્ડ ધરાવનારને વધુ લાભ આપવાની બાબત વિચારાઈ રહી છે.

આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી મોન્ટેકસિંઘ અહલુવાલિયાએ આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે સરકારી આયોજન અને ભૂમિકા વિશે માહિતી આપી અને તે દ્વારા વૈશ્વિક નકશામાં ભારતનું નામ રોશન કરવા જણાવ્યું વિજ્ઞાન અને ટેકનોલોજી બાબતોના મંત્રી શ્રી કપિલ સિબ્બલે કહ્યું કે મૂળ ભારતીયોએ પશ્ચિમના દેશોમાં ઘટી રહેલી વસતિ સંદર્ભમાં માનવસંપત્તિની પડી રહેલી ખોટ પૂરવી જોઈએ.

આ પ્રવાસી ભારતીય સંમેલનમાં જુદા જુદા દેશોમાંથી ૧૫૦૦ જેટલા સભ્યો હાજર રહ્યા હતા. તેમાં અમેરિકા અને મલેશિયામાંથી વિશેષ હતા. મુખ્ય સમારોહમાં સામાજિક વિકાસ અને તેમાં મૂળ ભારતીયોની ભૂમિકા, ગ્રામીણ મહિલાઓમાં સશકિતકરણ માટે ખાસ સૂક્ષ્મ ધિરાણ જેવી બાબતો પર ચર્ચા થઈ. બેઠકમાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં નક્કી કરાયેલી રાષ્ટ્રીય અગ્રતાની બાબતો પણ ચર્ચાઈ હતી.

*(સૌજન્ય: પી.આઈ.બી. અમદાવાદ)*

# દેશમાં રોજગારીની સ્થિતિ પર એક નજર

શ્રી એમ. એલ. ધર

સમગ્ર વિશ્વમાં અને ભારતમાં સરકાર તથા આર્થિક આયોજન કરનારનું ધ્યાન વધુને વધુ રોજગારી ઉભી કરવા તરફ છે. સમયે સમયે બેરોજગારીની સમસ્યા તરફનું વલણ બદલાઈ રહ્યું છે. શરૂઆતમાં આયોજન દરમિયાન રોજગારી પૂરી પાડવા માટેની સ્વતંત્ર વ્યૂહરચના ઘડાતી નહોતી. આર્થિક વૃદ્ધિને જ રોજગારીની પોષક ગણવામાં આવતી હતી. પંચવર્ષીય યોજનામાં રોજગારી ઉભી કરવાની બાબતને વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે ગણવામાં આવતી હતી. આમ છતાં રોજગારીનો વૃદ્ધિદર આર્થિક વૃદ્ધિના કુલ સ્વદેશી ઉત્પાદન કરતાં ઘણો ઓછો હતો. ચોમાસું નિષ્ફળ જવાથી અને દુષ્કાળ પડવાથી, વસતિનો મોટો ભાગખૂબ જ લાચાર બની જતો અને પરિસ્થિતિ ખૂબ જ ખરાબ બનતી. પરિણામે આયોજન, વ્યૂહરચના, નીતિ અને કાર્યક્રમો નવેસરથી ઘડવામાં આવતા અને રોજગારી ઉભી કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું.

સિત્તેર અને એંશીના દાયકાઓ દરમિયાન રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અને ગ્રામીણ કામદાર રોજગાર બાંહેધરી યોજના હેઠળ જાહેર બાંધકામ અને બીજી યોજનાઓ દ્વારા બેરોજગાર તથા ગરીબ વર્ગને સ્વરોજગાર તથા ઔદ્યોગિક સાહસો મારફતે દૈનિક રોજગારી પૂરી પાડવામાં આવતી હતી. તે સમયમાં રોજગારીમાં વધારો થયો, પરંતુ રોજગારીનો વૃદ્ધિ દર તો પાછળ જ રહ્યો. શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ વધારે હતું. ૧૯૯૮-૯૯માં ગરીબી નાબુદી અને રોજગાર કેન્દ્રી કાર્યક્રમોને બે વિસ્તૃત કેટેગરી, સ્વરોજગાર યોજના અને વેતન રોજગાર યોજનામાં વહેંચવામાં આવ્યા. સારું પરિણામ મળે તે માટે નાણાંકીય ફાળવણી અને સંસ્થાકીય પેટર્નમાં સુધારાલક્ષી અભિગમ આવ્યા.

દેશમાં શ્રમજીવી બળ દર વર્ષે ૨.૫ ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ પામે છે. આ તમામને રોજગારી પૂરી પાડવી એ મોટો પ્રશ્ન છે, કારણ કે રોજગારીનો દર ૨.૩ ટકા જ વધે છે. દર વર્ષે ૭૦ લાખ લોકો રોજગારી માટે ઉમેરાય છે, તો જૂના લોકોને રોજગારી આપવાની બાબત પણ હોય છે જ. ૩૭ કરોડ જેટલા કામદારો પૈકી ૯૦ ટકા બિનસંગઠીત ક્ષેત્રમાં રોકાયેલા છે અને તેમને સંગઠીત ક્ષેત્રની જેમ સામાજિક સલામતિ કે રોજગારીના લાભ મળતા નથી. કામદારો પૈકી ૬૦ ટકા રોજગારી ક્ષેત્રે છે અને તેમાં મોટા ભાગના ગરીબ છે. રોજમદારો ૩૦ ટકા છે, જે મોસમ મુજબ રોજગારી મેળવે છે ગ્રામીણ વિસ્તારોમાં ખેતીમાં સંકળાયેલા ખેત મજુરો સંગઠિત ક્ષેત્રમાં ઘણો મોટો ભાગ ધરાવે છે તેમને લઘુત્તમ વેતન ધારાનો લાભ મળતો નથી અથવા તો નહીંવત મળે છે. બિન સંગઠીત ક્ષેત્રમાં સંગઠન કે સંઘ ન હોવાથી સામૂહિક રીતે માંગણીઓ મૂકવાની તક મળતી નથી. આ કામદાર વર્ગ પણ ખૂબ જ અશિક્ષિત અથવા અલ્પશિક્ષિત હોય છે. ભારતીય અર્થતંત્ર મુક્ત અર્થતંત્ર બનતાં અને તેને વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડતાં ૧૯૮૦ કરતાં ૧૯૯૦ દરમિયાન રોજગારી ખૂબ જ ઘટી, જે કામદારોના વૃદ્ધિદરમાં ઘટાડો થતાં મળેલું પરિણામ હતું. રાજ્યોમાં પણ આ જ પ્રમાણેના દર છે. દૈનિક રોજમદારના ધોરણે બેરોજગારી હિમાચલ પ્રદેશમાં અને રાજસ્થાનમા ૩ ટકા છે, તો કેરળમાં ૨૧ ટકા છે. રોજગારી અને બેરોજગારી અંગે અલગ અલગ મત હોઈ શકે અને તે રીતે રોજગારી વૃદ્ધિની જરૂર અંગે પણ હોઈ શકે. અર્થશાસ્ત્રીઓ માને છે કે વૃદ્ધિ, કામદાર ઉત્પાદકતા, કામદારોને મજુરી તથા મૂડી પર ભાર મૂકવો જોઈએ. સૂક્ષ્મ આર્થિક નીતિનું માળખું એવું હોવું જોઈએ કે સાતત્યપૂર્ણ રીતે ૯ ટકા વૃદ્ધિ દર જળવાઈ રહે. અર્થશાસ્ત્રી સી. રંગરાજન આશા રાખે છે કે ૯ ટકાના દરે વૃદ્ધિ જળવાઈ રહે તો ૨૦૧૨ સુધીમાં બેરોજગારી દૂર થઈ જશે. આ ઉપરાંત ક્ષેત્રીય નીતિઓ જરૂરી છે, જેના દ્વારા કામદાર ક્ષેત્રમાં વૃદ્ધિ થાય. તેમાં ખેતી, અન્ન પ્રક્રિયા અને લઘુ ઉદ્યોગ

(લેખક નિવૃત્ત આઈઆઈએસ અધિકારી છે.)

એકમોનો સમાવેશ થાય છે.

રોજગારી ઉભી કરવામાં એક મહત્વનું કદમ, ફેબ્રુઆરી, ૨૦૦૬થી શરૂ થયેલી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના - એનઆરઈજીપી છે. દેશના ૨૦૦ જિલ્લાઓમાં પ્રારંભિક તબક્કે તેનો અમલ થયો. એપ્રિલ,૨૦૦૭માં તેમાં વધુ ૧૩૦ જિલ્લાઓને આવરી લીધા. આગામી એપ્રિલથી આ યોજના સમગ્ર દેશમાં લાગુ પડશે. ચાલુ નાણાંકીય વર્ષે તેના માટે ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે અને અત્યારસુધીમાં ૨.૧૨ કરોડ લોકોને રોજગારી મળી છે. ૬૩.૯૯ કરોડ માનવ દિન કાર્ય હાથ ધરાયું અને ગામડાંમાં માળખાં વિક્સાવવામાં આવ્યાં. તે રીતે મહિલાઓને રોજગારી પૂરી પાડીને રોજગારી આધારીત અર્થતંત્રનો વિકાસ થયો. તેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સહિત નબળા વર્ગના લોકોને આવરી લેવામાં આવ્યા.

કામદાર વર્ગમાં કૌશલ્યનો વિકાસ થાય તો રોજગારી સર્જન અને કામદાર ઉત્પાદકતામાં સૈદ્ધાતિક અસર પડે. વિશ્વમાં સૌથી મોટું કામદાર બળ હોવા છતાં ભારતમાં ૫ ટકા કુશળ કામદારો છે, જ્યારે દક્ષિણ કોરિયામાં ૯૫ ટકા કુશળ કામદારો છે. ૧૯૯૦-૨૦૦૦ દરમિયાનમાં ૪૪ ટકા કામદારો અશિક્ષિત હતા અને ૩૩ ટકા માધ્યમિક શિક્ષણ મેળવેલા હતા. અલ્પશિક્ષિત કામદારોમાં પણ માધ્યમિક શિક્ષણથી આગળ વધેલા હોય તેવામાં ૬૧ ટકામાં વ્યાવસાયિક કૌશલય નહોતું. તેનું કારણ એ છે કે આપણી શિક્ષણ વ્યવસ્થામાં વ્યાવસાયિક કૌશલ્યનો સમાવેશ થતો નથી. દસમી પંચવર્ષીય યોજનાની વચગાળાની સમીક્ષામાં જણાયું કે આપણી શિક્ષણ પ્રણાલી જરૂર મુજબની કુશળતાઓની તાલીમ આપતી નથી. પરિણામે માંગ અને પુરવઠા વચ્ચે મેળ બેસતો નથી.

વૈશ્વીકરણ અને ટેકનોલોજીના ફેરફાર આર્થિક વિસ્તરણ અને રોજગારી સર્જનની તક પૂરી પાડે છે. બદલાઈ રહેલા પર્યાવરણમાં, કામ કરતા લોકો જરૂરી જ્ઞાન, કૌશલ્ય, વલણ ધરાવે તે જરૂરી બાબત છે. તે દ્વારા જ વૈશ્વીકરણના યુગમાં તક મળે અને ટેકનિકલ વિકાસ થાય તેવો આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનો અહેવાલ છે.

૨૦૦૭ના વર્ષમાં ભારતીય શ્રમ પરિષદની બેઠકને સંબોધતાં પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે જણાવ્યું કે વધી રહેલા કુશળ કામદાર વર્ગની ૫ ટકા થી ૫૦ ટકા સુધીની જરૂરિયાતને પહોંચી વળવાની જરૂર છે. વિકસિત દેશોમાં આ પ્રમાણ છે. લોકોને રોજગારી મળી રહેતે માટે જરૂરી માળખું, કૌશલ્ય તાલીમ અને પ્રમાણપત્ર હોવાં જોઈએ આધુનિક ઉદ્યોગોની જરૂરીયાતોને પહોંચી વળે તેવા અભ્યાસ અને તાલીમ આઈટીઆઈ દ્વારા મળવા જોઈએ. કૌશલ્ય વિકાસ માટે શ્રમ અને રોજગાર મંત્રાલયે ખાસ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ જાહેર કર્યો. આગામી પાંચ વર્ષમાં અડધા ઉપરાંત કામદારોને તાલીમ મળે તેવો તેનો આશય છે. પાંચ વર્ષમાં ૧૦ લાખ લોકોને વ્યવસાયલક્ષી તાલીમ આપશે અને સાથે રાજ્યો સાથે સંકલનથી ૧૦ લાખ લોકોને રોજગારી મળશે આ માટે રૂા. ૫૫૫ કરોડ ની જોગવાઈ થઈ છે.

મંત્રાલયે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં હાલ જરૂરિયાતો અનુસાર સુધારાઓ કર્યા છે. ૧૦મી પંચવર્ષીય યોજના દરમિયાન ૫૦૦ આઈટીઆઈમાં જાહેર ખાનગી ભાગીદારીથી અદ્યતન સુધારા કરાયા. આ ઉપરાંત અગિયારમી યોજનામાં ૧૩૯૬માંથી અદ્યતન બનાવવા માટે દર વર્ષે ૩૦ આઈટીઆઈમાં સુધારા કરાશે. તે આઈટીઆઈને ઉત્કૃષ્ટતા કેન્દ્રો તરીકે વિક્સાવવામાં આવસે અને તેમાંથી જરૂરી કૌશલ્ય ધરાવતા કામદારો મળી રહેશે. આધુનિકરણ દ્વારા કામદારો વિવિધ ક્ષેત્રે કામ કરી શકે ને ઉદ્યોગ જરૂરી તાલીમબદ્ધ કામદાર વર્ગ મળી રહે.

દેશમાં રોજગારી ક્ષેત્રે મહત્વનું પરિબળ અસંગઠીત ક્ષેત્ર છે, આ તમામને શક્ય તેટલું સંગઠીત ક્ષેત્રમાં પરિવર્તીત કરવા જોઈએ તેથી તેમને આકર્ષક વેતન દર મળી રહેશે. આ ત્યારે જ શક્ય બને, જ્યારે શ્રમિક માળખામાં ફેરફાર થાય અને વેતન નક્કી કરવામાં તેમને લક્ષ્યમાં રાખવામાં આવે. તેની અસર એ થશે કે સંસ્થાઓ શ્રમિકલક્ષી ટેકનોલોજી અપનાવશે ભારતીય અર્થતંત્રમાં સતત વિકાસ હાંસલ કરવાની જરૂર જણાય છે. તાજેતરમાં ૯ ટકા વિકાસદર હાંસલ કર્યો, જે અગિયારમી યોજનામાં બે આંકડાની વૃદ્ધિ દર્શાવે તેમ ઈચ્છનીય છે. દર વર્ષે ૮૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડવાની બાબતને પહોંચી વળવું અઘરું નથી. જો આ પ્રમાણે જ વૃદ્ધિ દર જળવાઈ રહે, કામદારક્ષેત્રલક્ષી ભાર મુકવામાં આવે, કૌશલ્ય વિક્સાવવામાં આવે અને શ્રમિક બજારની કામગીરી સુધારવામાં આવે તો તે જરૂરી શક્ય બને.

*(સૌજન્ય: પી.આઈ.બી. અમદાવાદ)*

**વિકાસને સમર્પિત યોજના વાંચો અને વંચાવો**

# ગ્રાહક સુરક્ષા કાયદો - ભાવિ પારદર્શક

રાજેન્દ્ર ચૌધરી

વૈશ્વિકરણ, મુક્ત અર્થવ્યવસ્થા અને અર્થતંત્રની સંવાદિતાના વ્યાપને જોતાં, વિશ્વના ઘણાં દેશની સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષાને અગ્રતા આપવામાં આવે છે. ભારતમાં ગ્રાહક સુરક્ષા વેપાર અને વાણિજ્ય જેટલું જ પ્રાચીન ક્ષેત્ર છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ વેપારીઓ અને છૂટક વેચાણકર્તાઓ દ્વારા થતાં શોષણ સામે રાજા દ્વારા ગુણવત્તા, છેતરપીંડી, તોલમાપ અને માલસામાનમાં ભેળસેળ સામે રક્ષણ અંગેના ઉલ્લેખ છે. ઉત્પાદન અને વિતરણની સંકુલતા અને વધી રહેલા કદ તથા માર્કેટિંગમાં અવનવા પ્રયાસો અને પ્રચારની નવી પદ્ધતિઓ, સામૂહિક માર્કેટિંગની પદ્ધતિ અને ઈ-કોમર્સના ઉદ્ભવના કારણે ખરીદનાર અને વેચનાર વચ્ચે વ્યક્તિગત વ્યવહાર ઘટ્યો છે અને તેથી ગ્રાહક સુરક્ષાની જરૂર ઉભી થઈ છે.

સમગ્ર દેશમાં ગ્રાહક સુરક્ષા ધારા ૧૯૮૬ના અમલ થયાના દિવસ ૨૪ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગ્રાહક દિવસતરીકે ઉજવવામાં આવે છે અને સરકાર ગ્રાહક સુરક્ષાને ખૂબ જ અગ્રતા આપે છે. આમ છતાં માત્ર કાયદો ઘડવાથી અંત નથી આવતો. શિક્ષણ અને જાગૃતિ એ દેશના વિકાસ માટે મહત્વનાં સાધનો છે અને શિક્ષિત વ્યક્તિ ગ્રાહક તરીકે વાજબી પસંદગી કરી શકે છે. જાગૃત ગ્રાહક વેપાર અને ઉદ્યોગ દ્વારા થતાં શોષણ સામે સુરક્ષા ઉભી કરે છે.

સરકારના ગ્રાહક સુરક્ષા માટેના પ્રયત્નોમાં ત્રણ મૂળભૂત બાબતો છે. સૌ પ્રથમ તો કાનૂની માળખું, જે ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ રચવામાં આવ્યું. ૧૯૮૬માં ઘડાયેલો આ કાયદો વિશ્વના કોઈપણ દેશ કરતાં વિશિષ્ટ છે ને આ પ્રકારના કાયદા માટે ભારત ગૌરવ લઈ શકે છે. તેમાં ત્રણ સ્તર છે. ગ્રાહક દ્વારા થતાં કેસની સુનાવણી માટે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાએ અર્ધન્યાયિક અને સરળ માળખું. બીજું, વિવિધ ઉત્પાદનોમાં પસંદગી માટે ગ્રાહકોને વિવિધ ધોરણ જોવા મળે. આ ધોરણો ગ્રાહક સુરક્ષામાં ગુણવત્તા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ધોરણો,ટેકનીકલ જરૂરિયાત (ખાસિયતો) ખાસ ધોરણો મુજબની પરિભાષા, વ્યવહારુ આચાર સંહિતા અથવા ટેસ્ટ પદ્ધતિ માટે હોઈ શકે સરકાર અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત હોય, અને સ્વૈચ્છિક રીતે અપનાવેલાં ધોરણો ગ્રાહક સુરક્ષા માટે સમાન રીતે મહત્વની ભૂમિકા રચે છે ત્રીજું, ગ્રાહક જાગૃતિ અને શિક્ષણ અને ગ્રાહક સુરક્ષા માટેનું મહત્વનું પરિબળ બને છે. જાગૃત ગ્રાહક એ સશક્ત ગ્રાહક છે, તે શોષણ સામે રક્ષણ મેળવે છે, પરંતુ સાથોસાથ સમગ્ર ઉત્પાદન તથા સેવા ક્ષેત્રમાં મેળવે છે, પરંત સાથોસાથે પારદર્શકતા, અસરકારકતા અને જવાબદારીને સમગ્ર ઉત્પાદન તથા સેવા ક્ષેત્રમાં લાગુ કરે છે.

૫૦મી રાષ્ટ્રીય વિકાસ પરિષદની બેઠકમાં આયોજન પંચે ગ્રાહક જાગૃતિ, ફરીયાદોનો નિકાલ અને ગ્રાહક સુરક્ષા ધારાનો અમલ કરવા ગ્રાહક બાબતોના મંત્રાલયને અનુરોધ કર્યો છે અગિયારમી પંચવર્ષીય યોજનામાં ગ્રાહક સુરક્ષા પ્રવત્તિ પાછળની જોગવાઈમાં વધારો કર્યો છે. અને રૂા. ૪૦૯ કરોડની ગ્રાહકો, તેમના હક્ક માટે જાગૃત બને તેના પ્રચાર માટે જોગવાઈ કરી છે. નાણાંકીય ખર્ચ સમિતિએ આ યોજનાને મંજુર કરી છે અને મંત્રીમંડળની મંજુરી મળતાં ગ્રાહક જાગૃતિલક્ષી મલ્ટી મીડીયા પ્રચાર 'જાગો ગ્રાહક જાગો' શરૂ કરવામાં આવ્યો છે. ગ્રાહક બાબતોના વિભાગે આયોજન પંચ અને નાણાં મંત્રાલયના સહયોગથી આશાસ્પદ પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર - એનઆઈસી દ્વારા દેશમાં ગ્રાહકલક્ષી બાબતોનું કમ્પ્યુટરાઈઝેશન અને નેટવર્કિંગ માટે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તેમાં ત્રણેય સ્તર પર ગ્રાહકોના કેસોને કમ્પ્યુટર નેટવર્ક હેઠળ સાંકળી નિકાલ થઈ શકે. દેશનાં કુલ ૩૫ જેટલાં રાજ્ય પંચ અને ૬૦૭ જેટલા ગ્રાહક ફરીયાદ નિવારણ એકમો પૈકી ૩૩ રાજ્ય

(લેખક ગ્રાહક બાબતોના વિભાગમાં નાયબ સચિવ છે.)

પંચ અને ૬૬૬ જિલ્લા એકમોને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લીધાં છે. આ પ્રોજેક્ટમાં ઓનલાઈન ફરીયાદ નોંધણી થાય છે અને તે રીતે ગ્રાહકોને સરળતાથી ફરીયાદની તક મળે છે. ભારત જેવા વિશાળ દેશમાં ઘણી બધી મર્યાદાઓ છતાં ગ્રાહક ફોરમે નોંધપાત્ર સફળતા મેળવી છે. ૨૭ લાખ જેટલી ગ્રાહકોની ફરીયાદ પૈકી ૮૮ ટકાનું નિવારણ કરવામાં આવ્યું છે. ફરિયાદ નિવારણ એજન્સી દ્વારા પ્રાસંગિક મોટું થાય તે સ્વાભાવિક છે, પરંતુ તેના ઝડપી નિવારણ માટે ગ્રાહક બાબતોનો વિભાગ પ્રયત્નશીલ છે. આ માટે ગ્રાહક સુરક્ષા ધારામાં સુધારો કરીને યોગ્ય સમયમર્યાદામાં ફરીયાદોનું નિવારણ કરવાની જોગવાઈ કરવામાં આવશે.

ગ્રાહકોને પોતાના હક્કો પરત્વે જાગૃત કરવા તે ભારત જેવા દેશમાં કપરું કાર્ય છે. શિક્ષણનું અસમાન સ્તર, આર્થિક પરિસ્થિતિમાં વિસંગતતા અને અજ્ઞાનતાના કારણે તે વધુ દુષ્કર બને છે. ગ્રાહકોમાં જાગૃત લાવવા 'જાગો ગ્રાહક જાગો' એ નામનું સૂત્ર સ્થાપિત કરીને, તે અંગેની જુદા જુદા માધ્યમોમાં જાહેરાત કરવામાં આવે છે. તે દ્વારા ગ્રાહકોને પોતાના હક્કો વિશે માહિતી પૂરી પાડવાનું સરકારનું આયોજન છે. શાળા - કોલેજોમાં ગ્રાહક ક્લબની સ્થાપના કરવાની યોજના શરૂ કરી છે અને તે રીતે ગ્રાહક તરીકે યુવાનોને પણ શિક્ષિત કરવાનો ઈરાદો છે. શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રાહક સંગઠનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને આ કામમાં સાંકળવામાં આવ્યાં છે. તેમને ગ્રાહક સુરક્ષા ધારામાં મહત્વની ભૂમિકા આપવામાં આવી છે અને આ સંસ્થાઓ ગ્રાહકો વતી કેસ લઈ શકે છે. કોઈપણ વ્યક્તિગત કે જૂથનો ગ્રાહકલક્ષી પ્રશ્ન હોય તો સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના વતી કેસ લડી શકે છે. આ રીતે ગ્રાહક સુરક્ષા ધારો ખરેખર નમૂનારૂપ કાયદો છે. આજ બાબત પાછળથી અદાલતોમાં જાહેર હીતની અરજી સ્વરૂપે દાખલ કરવાનું શરૂ થયું.

ગ્રાહક સુરક્ષા ભંડોળ હેઠળ વિવિધ પોગ્રામ હાથ ધરવામાં આવ્યા છે અને તે રીતે ગ્રાહક તરફી ચળવળને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વેપાર ઉદ્યોગ ક્ષેત્ર દ્વારા ગ્રાહકો પ્રત્યે વિશેષ આદર ઉભો થાય અને તેમની ફરીયાદોનો નિકાલ આવે તે હેતુથી વેપાર - ઉદ્યોગ સંગઠનોનો તાજેતરમાં આ બાબતે સહયોગ મેળવવામાં આવ્યો અને એક પ્રકારની આચારસંહિતા અપનાવવામાં આવે તેની પર ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના સહયોગથી ભારતીય વેપાર ઉદ્યોગ મહામંડળ - ફીક્કી સાથે પ્રોજેક્ટ તૈયાર કરાયો છે - જે "ગ્રાહકોની કાળજી માટે ફીક્કીનો સહયોગ" તરીકે ઓળખાય છે. તે દ્વારા ગ્રાહક ફોરમોની કામગીરી અને ભાર ઘટે તથા પ્રથમ તબક્કે જ ફરીયાદોનો ઉકેલ આવે તેવાં પગલાં લેવામાં આવ્યાં છે.

કેટલીક બાબતોમાં ગ્રાહકોની મુખ્ય ચિંતાઓ પર ધ્યાન આપવાની જરૂર ઉભી થાય છે અને તેમાં ટેકનિકલ નિષ્ણાંતોની જરૂર પડે છે આ હેતુથી અગ્રણી સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટીઓ, આઈઆઈટી, આઈઆઈએમ, નેશનલ લો યુનિવર્સિટી વગેરેમાં ઉત્કૃષ્ટતા કેન્દ્રો સ્થાપવા કે ગ્રાહક બાબતોના અભ્યાસની ચેર સ્થાપવા અને તે રીતે ગ્રાહકોની વિશિષ્ટ બાબતને આવરી લેવાની પ્રયત્નો કરવામાં આવ્યા છે. ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં પણ ગ્રાહક અભ્યાસ કેન્દ્ર શરૂ કરાશે.

ગ્રાહક બાબતોના વિભાગે ગ્રાહકોને માહિતી, માર્ગદર્શન તથા ફરીયાદલક્ષી માર્ગદર્શક તંત્ર ઈન્ટરનેટ આધારીત ઓન લાઈન પુરું પાડવા 'કેન્ઝ્યુમર ઓન લાઈન રીસોર્સ એન્ડ એમ્પાવરમેન્ટ સેન્ટર' શરૂ કર્યું છે. તેનું સંચાલન દેશની ૫૧ જેટલી સંસ્થાઓના સંગઠન 'ગ્રાહક સંકલન પરિષદ' દ્વારા ઉત્પાદનો અને સેવાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવે છે અને તે રીતે ગુણવત્તા અને ધારાધોરણો પર નજર રાખવામાં આવે છે અને આ ટેસ્ટિંગની માહિતી ગ્રાહકોને જુદા જુદા અખબારો કે પ્રકાશનો મારફતે પહોંચાડવામાં આવે છે.

ગ્રાહકોને લગતી સમસ્યાઓ અંગે સલાહ આપવા માટે દિલ્હી યુનિવર્સિટી મારફતે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ગ્રાહક બાબતોના વિભાગની મદદથી શરૂ થયેલી આ હેલ્પલાઈનો નંબર ૧૮૦૦-૧૧-૪૦૦૦ છે અને તેના દ્વારા દેશભરના ગ્રાહકો ફોન મારફતે સલાહ મેળવી શકે છે. શરૂઆતથી અત્યાર સુધીમાં ૧,૨૫,૦૦૦ જેટલા ફોન કોલ તેમાં મળ્યા છે. આ પ્રકારની હેલ્પ લાઈન રાજ્યકક્ષાએ પણ શરૂ કરવા અને પ્રાદેશિક ભાષાઓમાં તે સેવા પૂરી પાડવા ઈરાદો છે. ગ્રાહકોની બાબતોમાં તોલ માપના કાયદાઓનો અમલ કરવા માટે અગિયારમી પંચવર્ષીય યોજના હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં માળખું ઉભું કરવા રૂા. ૩૨૫ કરોડના ખર્ચની જોગવાઈ છે, તે હેઠળ તોલમાલ વિભાગની પ્રમાણિત પ્રયોગશાળાઓનું આધુનિકરણ કરવા તથા

તેમને ૨૭૦ જેટલા તોલમાપના કાંટા પૂરા પાડવા, ૫૯ જેટલા મધ્યસ્થ પ્રમાણિત વજન કાંટા અને ૩૪ જેટલી વે - બ્રીજ પર ચકાસણી માટેની મોબાઈલ કીટ આપવામાં આવશે. ગ્રાહકોના લાભ માટે જુલાઈ, ૨૦૦૬માં પેકેજ કોમોડીટી રૂલ્સ, ૧૯૭૭માં સુધારાઓ પણ કરવામાં આવ્યા છે.

ગ્રાહકો તેમના હક્ક, ગુણવત્તા અને ધોરણો મેળવી શકે તેમાં મદદરૂપ બનવા યોગ્ય ધારાધોરણોનો અમલ જરૂરી છે. પ્રમાણિત ધોરણોથી ગ્રાહકોને યોગ્ય ગુણવત્તા મળી રહે છે. ગુણવત્તા પ્રત્યે સભાનતા જે રીતે પશ્ચિમના દેશોમાં છે તે રીતે ભારતમાં જોવા મળતી નથી. ભારતીય માનક બ્યુરોએ વિદેશી ઉત્પાદકો અને આયાતી માલસામાન માટે, અન્ન સલામતિ માટે પ્રમાણપત્ર યોજના હાથ ધરી છે અને આઈએસઓ પ્રમાણપત્ર આપવમાં આવે છે, તે જ પ્રમાણે સોના ચાંદી - જવેરાતમાં આભૂષણો માટે હોલમાર્કિંગ પ્રથા ભારતીય માનક બ્યૂરો દ્વારા અમલી બનાવવામાં આવી છે અને તે રીતે ગ્રાહકોનાં હીત જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

પ્રત્યેક ગ્રાહકે પોતાના હિતોમાં સાચી રીતે મહત્વની ભૂમિકા સમજવી જોઈએ. સ્પર્ધાત્મક અને આર્થિક વાતાવરણમાં, ગ્રાહકે સામાન અને સેવાઓમાં પસંદગી કરવી જોઈએ. આ પસંદગી વ્યાપક બની રહી છે. દરેક પોતાના હક્ક અને જવાબદારીઓનું મહત્વ સમજીને તેનો ઉપયોગ કરવો જોઈએ. ગ્રાહકનું શું કરે છે અને શું નથી કરતો તેના આધારે જ બજારમાં અને સમાજમાં એક સ્થાન મેળવે છે.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

● ● ●

*(અનુસંધાન પાનાનં ૩૮ થી શરૂ)*

ક્ષેત્રે ટેકનોલોજીમાં પરિવર્તન લાવવાની જરૂર છે. પાણી,વીજળી અને ગ્રામીણ માળખાનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવાની જરૂર છે.

ચીન અને સમગ્ર જી-૭૭ તથા યુરોપીયન યુનિયનના દેશોએ બાલી પરિષદમાં ભારતના વલણને ટેકો જાહેર કર્યો. તમામ દેશો, યુધ્ધના ધોરણે આયોજન કરવા સંમત થયા. રાષ્ટ્રસંઘ હવામાન ફેરફાર માળખાં પરિષદમાં જંગલોની સુરક્ષા માટે ખાસ ભંડોળ ઉભું કરવા સંમતિ થઈ. ભારતે શક્ય તમામ પગલાં લીધાં છે જો તમામ દેશો તેનું અનુકરણ કરે અને સમયબધ્ધ રીતે માળખું અમલી બનાવે તો બે વર્ષમાં યોગ્ય પરિણામ મળી રહેશે. સહકાર અને સંકલન પૂર્વક આ બાબતને ઉકેલવાની જરૂર છે. સમૃધ્ધ અને ગરીબ બન્ને પ્રકારના દેશોએ આ માટે કટિબધ્ધ બનવું પડશે. આ પ્રકારનાથી પીછે હઠ થાય તો સમગ્ર વિશ્વ એક ઉકળતો ચરૂ બની રહેશે.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

*(અનુસંધાન પાનાનં ૪૯ થી શરૂ)*

૪૦૦ થી વધુ છોડની ભલામણ થઈ છે. યુરોપ, એશિયા અને મધ્યપૂર્વમાં ડાયાબીટિઝની સારવારમાં કાચી ડુંગળી અને લસણનો વ્યાપક ઉપયોગ થાય છે. આ રોગનાં નિયંત્રણ માટે યુરોપના કેટલાક ભાગોમાં સામાન્ય પ્રકારના ખાદ્ય મશરૂમ (બિલાડીના ટોપ)નો ઘણો વપરાશ થાય છે. ઈરાકમાં જવના બ્રેડની સારવાર પ્રચલિત છે. ઘણા બધા દેશોમાં લેટસ નામની ભાજી, કોબી, સલગમ, કઠોળ-વાલ, કોથમીર ધાણાનો ઉપયોગ સદીઓથી થઈ રહ્યો છે. આધુનિક સંશોધનો અને પ્રયોગોએ પુનઃપ્રતિપાદિત કર્યું છે કે આ વિવિધ પદાર્થો-ખાદ્ય સામગ્રીનો ઉપયોગ માનવી તેમજ પ્રાણીઓમાં બ્લડ સુગર ઘટાડી શકે છે અને અથવા ઈન્સ્યુલીનનું પ્રમાણ વધારી શકે છે.

ભવ્ય ભૂતકાળ ધરાવતી સમૃધ્ધ ભારતીય સંસ્કૃતિએ વિવિધ છોડનો ખોરાક તેમજ આરોગ્ય સંભાળમાં ઉપયોગ કરવા માટે માનવજાતને જ્ઞાનનો ભંડાર પૂરો પાડયો છે. આયુર્વેદ, યુનાની, સિધ્ધ, યોગ અને કુદરતી ઉપચારની આપણી હજારો વર્ષ જૂની આરોગ્ય સંભાળની મજબૂત પ્રણાલિ વર્ષોની અજમાયશ પછી સમૃધ્ધ બની છે અને સમયની કસોટીમાં સફળ એવી આ ઉપચાર પદ્ધતિઓમાં જ્ઞાનનો વિપુલ ભંડાર રહેલો છે. આ પ્રાચીન પદ્ધતિઓ સંપૂર્ણ આરોગ્ય સંભાળમાં પર્યાવરણનાં વિવિધ ઘટકોની ભૂમિકા વિશે ગહન સંશોધનની સમજ ઉપર આધારિત છે તેમજ લોકોને સંપૂર્ણ આરોગ્ય પૂરું પાડવામાં સફળ રહી છે. વિશ્વભરમાં આ પ્રાચીન પદ્ધતિઓના ઉપયોગ અંગેનો રસ વધતો જાય છે અને વિકસીત દેશો વધુને વધુ પ્રમાણમાં એને અપનાવવા ઉત્સુક બન્યા છે. આજે આપણી યોગ પદ્ધતિ દુનિયાભરમાં લોકપ્રિય બની છે.

આ સંજોગોમાં ડાયાબીટિઝનો વધતો જતો ફેલાવો જોતાં આ રોગની પ્રક્રિયા અને એની ઉત્પત્તિનાં કારણોને ભારતીય સંદર્ભમાં સમજવાની તાકીદની જરૂર છે. આ દ્વારા જ ,ખોરાક, તંદુરસ્ત જીવનશૈલી અને માહિતી-શિક્ષણ વગેરેનો અસરકારક પ્રસાર મારફત આ રોગનાં નિયંત્રણ માટે વ્યવહારૂ અભિગમ કેળવી શકાશે. આ રોગને ડામી સહુ માટે આરોગ્યપ્રદ જીવનનું નિર્માણ કરવા આ રોગ સામેના જંગમાં સમાજને પણ સક્રિય રીતે સહભાગી બનાવવો રહ્યો.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

# અર્થતંત્રના વિકાસમાં ટેલિકોમ ક્ષેત્રનો સિંહફાળો

ધૂર્જટી મુખરજી

દેશના અર્થતંત્રના વિકાસમાં ટેલીકોમ ક્ષેત્રે ખૂબ જ મોટો ફાળો આપ્યો છે. તેના કારણે સમગ્ર ઉપખંડમાં જોડાણ શક્ય બન્યું છે અને પરિણામે અવરજવર ખર્ચ ઘટ્યો છે. આ ક્ષેત્રે આપણને પરસ્પરની નજીક જવાની તક પૂરી પાડી છે. ભારત, ટેલીકોમ ઉદ્યોગમાં મહત્વનો દેશ બન્યો છે અને સરકાર તેની વૃદ્ધિ માટે કટિબદ્ધ છે તે માત્ર વૃદ્ધિ નહીં પરંતુ સમગ્ર અર્થતંત્રમાં વૈવિધ્યપૂર્ણ અસરો કરે છે.

આજે ભારતમાં ૨૫ કરોડ ટેલીફોન જોડાણો છે, જે વિશ્વમાં ત્રીજા ક્રમે અને એશિયામાં બીજા ક્રમે છે. વર્ષ દરમિયાન ટેલીકોમ ક્ષેત્રની વૃદ્ધિ જળવાઈ રહી અને તે આર્થિક વૃદ્ધિનું ચાવીરૂપ ક્ષેત્ર બની રહ્યું છે. ૨૦૦૭ના અંત સુધીમાં ૨૫ કરોડ જોડાણ નોંધાયાં. હાલ માસિક ૮૦ લાખ જોડાણો ઉમેરાઈ રહ્યાં છે, જે ૨૦૧૦ સુધીમાં ભારતમાં ૫૦ કરોડ ટેલીફોન જોડાણનો લક્ષ્યાંક વટાવી જશે. આ લક્ષ્યાંક હાંસલ કરવામાં સરકારની નીતિ, નેટવર્કનું વિસ્તરણ, ગ્રામીણ ટેલીફોન, બ્રોડ બેન્ડ, સંશોધન અને વિકાસ, નિયમનતંત્ર અને ખાનગીક્ષેત્રની ભાગીદારીના કારણે શક્ય બન્યું છે.

કુલ ટેલીફોનની સંખ્યા ૩૦ નવેમ્બર, ૨૦૦૭ના રોજ ૨૬.૪૭૭ કરોડ થઈ અને ટેલીફોન ઘનતા ૨૩.૨૧ ટકા થઈ છે. તેના કારણે ટેલીફોનના દર, જે અગાઉ વિશ્વમાં સૌથી વધું હતાં તે છેલ્લાં ચાર વર્ષમાં ખૂબ જ ઓછા થઈ ગયા છે. ચાલુ વર્ષે મોબાઈલ ફોન પરના રોમિંગ ચાર્જ ટ્રાઈ દ્વારા ઘટાડીને ૫૬ ટકા થી ૨૨ ટકા કરાયા. ટ્રાઈ એ ૧૯૯૯માં ટેલીફોન દરો જાહેર કર્યા હતા. તે સમયે મિનિટના રૂા. ૧૬ થી ઘટીને ચાર્જ મિનિટના રૂા. ૧ લેવામાં આવે છે. મોટાભાગના ઓપરેટરોએ 'વન ઈન્ડિયા' પ્લાનના ધોરણે ચાર્જ લાગુ કર્યા છે, જે એસટીડી હોવા છતાં મિનિટના ૧ રૂપિયાના દરે સમગ્ર દેશમાં લાગુ પડે છે. આટલા ઓછા દર હોવા ઉપરાંત ટેલીકોમ ક્ષેત્ર નાણાંકીય પરિણામો સારાં દર્શાવ્યાં છે. કુલ આવક ૨૧ ટકા અને હાલ વધીને ૨૬ અબજ ડોલર જેટલી થઈ છે, જે રાષ્ટ્રીય ઉત્પાદનના ૩ ટકા થાય છે. ટેલીકોમ ક્ષેત્રનું માળખું ને વિકાસ મોબાઈલના હિસાબે ઘણું ફેરફાર પામ્યું છે. વાયરલેસ મોબાઈલના હિસાબે ઘણું ફેરફાર પામ્યું છે. વાયરલેસ સેવાઓમાં વધારો થયો છે. અને તે ૨૦૦૩ થી ૮૭.૮ ટકાના દરે આગળ વધી રહી છે. આજે આ ગ્રાહકો ફિક્સ ફોન કરતાં વધી ગયા છે અને ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા છે. વાયરલેસથી ફોનનો ફાળો માર્ચ, ૨૦૦૩માં ૨૪.૪ ટકા હતો, તે નવેમ્બર, ૨૦૦૭માં ૮૫.૧૫ ટકા નોંધાયો છે. આ વાયરલેસ ફોનથી સુવિધાએ ટેલીકોમના ઉપયોગને વ્યાપક બનાવ્યો છે. સરકારની મુક્ત અર્થવ્યવસ્થાની નીતિએ ખાનગીક્ષેત્રની ભાગીદારી વધારી દીધી છે અને ખાનગીક્ષેત્રના વિકાસમાં ૧૯૯૯માં ૫ ટકા થી વધારો થઈને નવેમ્બર, ૨૦૦૭માં ૭૧.૮૫ ટકા થયો છે.

ગ્રામીણ વિસ્તારમાં ટેલીફોન જોડાણ અને અંતરિયાળ વિસ્તારોમાં જોડાણ પૂરાં પાડવાને સરકારે અગ્રતા આપી છે. આ માટે યુનિવર્સિલ સર્વિસ ઓબ્લીગેશન ફંડ એક અદ્વિતિય ભંડોળ છે. તે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં જાહેર તેમજ વ્યક્તિગત ટેલીફોન જોડાણો પૂરાં પાડે છે, જેની પડતર કિંમત ઘણી ઉંચી રહે છે. આ યોજના હેઠળનું ભંડોળ સરકારે ઉભું કર્યું અને તે હેઠળ ૨૭ રાજ્યોના ૫૦૦ જિલ્લાઓમાં ૭૮૭૧ સ્થળોએ માળખાં ઉબાં કરવામાં આવ્યાં અને તે રીતે દૂરસુદૂરના વિસ્તારોમાં મોબાઈલ સેવાઓ સ્થાપિત કરવામાં આવી. તેમાં ત્રણ સર્વિસ પ્રોવાઈડરોની ભાગીદારી બને છે અને ડબલ્યુએલએલનો પણ સમાવેશ થાય છે,જ્યાં મોબાઈલ કવરેજ કે ફીક્સ ફોનની સુવિધા નથી ત્યાં ડબલ્યુએલએલને આવરી લેવામાંઆવે છે. આ સેવા મે-૨૦૦૮થી શરૂ થાય તેવી

(દૂરસંદેશા વ્યવહાર વિભાગની માહિતીના આધારે)

સંભાવના છે અને તે દ્વારા વધુ ૨.૪૦ કરોડ ટેલીફોન જોડાણ આપી શકાશે. આંદામાન અને નિકોબાર ટાપુ પ્રદેશ, લક્ષદ્વીપ અને મિનિકોય ટાપુઓ, લેહ અને લદાખમાં મોબાઈલ સેવાઓ માટેની અલગ યોજના પણ સૂચવવામાં આવી છે.

દેશના કુલ સ્વદેશી ઉત્પાદનની વૃદ્ધિમાં બ્રોડબેન્ડ સેવાઓ દ્વારા જ્ઞાન આધારીત સમાજ વિક્સાવવા સરકારે બ્રોડબેન્ડ નીતિ, ૨૦૦૪ જાહેર કરી. દેશમાં ત્યારબાદ બ્રોડબેન્ડને ઉત્તેજન આપવા ઘણાં પગલાં લેવામાં આવ્યાં ને તેના પરિણામે ૩૧ માર્ચ, ૨૦૦૫માં ગ્રાહકો માત્ર ૧.૮૦ લાખથી વધીને સપ્ટેમ્બર, ૨૦૦૭ સુધીમાં ૨૬.૧૦ લાખ થયા છે.

ટેલીકોમ નેટવર્કના વિસ્તરણ માટે જરૂરી વિપુલ નાણાં ભંડોળ મેળવવા સીધું વિદેશી મૂડીરોકાણ - એફડીઆઈ એ મહત્વનો સ્ત્રોત છે. ટેલીકોમ ક્ષેત્રમાં સીધું વિદેશી રોકાણ મેળવવા મૂડીરોકાણલક્ષી નીતિ રહી છે. ઓગષ્ટ, ૧૯૯૧થી જુલાઈ, ૨૦૦૭ સુધીમાં ટેલીકોમ ક્ષેત્રમાં રૂા. ૨૦,૭૧૮ કરોડનું સીધું વિદેશી મૂડીરોકાણ મળ્યું છે, જે ભારતમાં આવેલા મૂડીરોકાણના ૮.૧ ટકા જેટલું થાય છે.

ભારતીય ટેલીકોમ ઉદ્યોગ દ્વારા આધુનિક ટેકનોલોજીની મદદથી તમામ પ્રકારનાં ટેલીકોમ ઉપકરણોનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમાં ટેકરીયાળ વિસ્તારોથી માંડીને અલગઅલગ આબોહવામાં કામ કરી શકે તેવાં યંત્રોનો સમાવેશ થાય છે. ટેલીકોમ ક્ષેત્રે યંત્રોનું ઉત્પાદન ૨૦૦૬-૦૭માં રૂા. ૧૭૮૩૩ કરોડ હતું, જે ૨૦૦૬-૦૭માં રૂા. ૨૩,૬૫૬ કરોડ સુધી પહોંચ્યું છે. આ પ્રકારનાં અદ્યતન સાધનોની વધતી જતી માંગને પહોંચી વળવા,ખાસ કરીને મોબાઈલ ટેલીકોમ ક્ષેત્રે ઉત્પાદન ક્ષેત્રમાં સ્વદેશી અને વિદેશી મૂડીરોકાણકારોને વ્યાપક તક ઉભી થઈ છે.

નવી ટેકનોલોજીનો વધી રહેલો વપરાશ, કોર્પોરેટ ઉદ્યોગ તરફની દિશા, સ્પર્ધા ને કામગીરીલક્ષી સેવાઓને નિયમન કાર્યથી અલગ રાખવા જેવી બાબતોમાં નીતિ વિષયક, નિયમનકારી, વ્યવસ્થાપનલક્ષી અને ટેકનોલોજીલક્ષી નિપુણતા જરૂરી બને છે. આ નિપુર્ણતા સર્જવાની ક્ષમતા વિક્સાવવા જાહેર - ખાનગી ભાગીદારીની રીતે તમામ સહભાગી જૂથોને સાંકળીને ટેલીકોમ ઉત્કૃષ્ટતા કેન્દ્રોનો વિચાર અમલી બન્યો છે. ઉપયોગિતાલક્ષી સંશોધન ઉપરાંત આ કેન્દ્રો ટેલીકોમ ક્ષેત્રના નિર્ણાયક વર્ગને ઉચ્ચકક્ષાની તાલીમ અને મદદ આપી શકે છે તથા નેટવર્ક અને સેવાઓમાં વ્યવસ્થાપન માટેના મેનેજરોને પણ તૈયાર કરે છે. આ માટે દેશની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાં આઠ ઉત્કૃષ્ટતા કેન્દ્રો ઉભાં કરાશે અને તેમાંના સાત કેન્દ્રોને અગ્રણી ટેલીકોમ કંપનીઓ ટેકો આપશે. તેમાં સ્પેક્ટ્રમ મેનેજમેન્ટ સેન્ટર, એક સ્વાયત્ત મોડલ તરીકે ઉદ્યોગોના ટેકાથી વિક્સાવવામાં આવશે.

ઉત્પાદકતા, સંશોધન અને વિકાસના પ્રયત્નોને વેગ આપવા માટે અને ટેલીકોમ સલામતિ, સંશોધન અને દેખરેખ માટે ટેલીકોમ ટેસ્ટીંગ એન્ડ સીક્યોરીટી સર્ટિફિકેશન સેન્ટર સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અલ્કાટેલ,સિસ્કો જેવી ઘણી કંપનીઓએ ભારતમાં સંશોધન અને વિકાસ કેન્દ્રોની સ્થાપના કરી છે.

ટેલીકોમ ક્ષેત્રના વિકાસથી સંતોષ માનવાની જરૂર નથી, કારણ કે ગ્રામીણ વિસ્તારો, જે દેશની ૭૦ ટકા ગ્રામીણ વસતિ ધરાવે છે, તેના વિકાસનું પણ ધ્યાન રાખવું પડશે. અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૦ કરોડ જોડાણો ગ્રામીણ વિસ્તારમાં પૂરા પાડીને ગ્રામીણ ટેલીફોન ઘનતા ૨૫ ટકા કરવી પડે તેમ છે.

સરકાર, હાલના તેના ઉપયોગના વધારાના ટેલીકોમ સ્પેક્ટ્રમને મુક્ત કરીને તેનો વાણિજ્ય ધોરણે ઉપયોગ કરવા વિચારી રહી છે. તે દ્વારા ગતિશીલ ટેલીકોમ તંત્રની પ્રગતિ અટકે નહિં તેવા પ્રયાસો કરાશે. સરકાર વ્યાપક અને દૂરંદેશીયપૂર્ણ વલણ ધરાવવાની જરૂર સમજે છે. બદલાઈ રહેલી ટેકનોલોજીને મળેલા પ્રતિભાવ અને આ ક્ષેત્રની માળકાંકીય બદલાવને અન્ય દેશોની પ્રગતિ સાથે સાંકળવા અને તે દ્વારા ટેલીકોમ સેવાઓની જરૂરિયાત માત્ર વિક્સી રહેલા અર્થતંત્રમાં સાતત્યપૂર્ણ બનવા માટે જ નહીં, પરંતુ આધુનિક અર્થતંત્રની જરૂરિયાતોને પહોંચી વળવા જેટલી સેવાઓની કિંમત અને ગુણવત્તા જાળવવા માટે પણ જરૂરી છે.

વિકાસની પ્રક્રિયામાં બ્રોડબેન્ડ સેવાઓની શક્તિને સમજીને, અગિયારમી યોજનામાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ પૂરાં પાડવાની દરખાસ્ત છે. તમામ તાલુકા મથકોને નજીકના એક્ષચેન્જ સાથે સ્ટેટ વાઈડ એરીયા નેટવર્કથી જોડવાની જરૂર છે. ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડના ગ્રાહકોમાં ૨૦૧૦ સુધીમાં વધારો થશે અને ૪ કરોડ ઈન્ટરનેટ વપરાશકારો તથા ૨ કરોડ બ્રોડબેન્ડ વપરાશકારો હશે તેવી ધારણા છે.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

# વિશ્વમાં ડાયાબીટિઝથી પીડાતા ૧૫ કરોડ લોકો

વિનસ રતનાની

**ખો**રાક જીવનની પાયાની જરૂરિયાત છે. વિશ્વ-સમક્ષ એક તરફ કૂપોષણની સમસ્યા છે, તો બીજી તરફ ખોરાક સાથે સંબંધિત કાયમી એવા બિન-ચેપી રોગોની સમસ્યા પણ છે. જે અગાઉ માત્ર શ્રીમંત વર્ગોમાં -શ્રીમંત રાષ્ટ્રોમાં દેખાતી હતી એ હવે વિકસતા દેશોમાં પણ ઉભી થઈ છે. આપણા દેશમાં આવા જે રોગોનું પ્રમાણ વધતું જાય છે એમાં શ્વસનતંત્રના રોગો, હાઈપર ટેન્શન, મેદ-જાડા પણું અને ડાયાબીટિઝ મધુપ્રમેહ મુખ્ય છે. આમ પડકારો ઘણા મોટા છે. બેઠાડું જીવન શૈલી અને ખોરાકની ખોટી આદતોને કારણે માત્ર શ્રીમંત લોકો જ નહીં પરંતુ ગરીબોમાં પણ આ રોગો વધુને વધુ ફેલાતા જાય છે. કિશોર વયના લોકોમાં પણ ડાયાબીટિઝનું પ્રમાણ વધતું જાય છે. ડાયાબીટિઝ શબ્દ ગ્રીક અને લેટિન ભાષાનો બનેલો છે. વારંવાર થતો પેશાબ અને પેશાબમાં ગ્લુકોઝ આ રોગનાં બે લાક્ષણિક ચિહ્નો છે.

ડાયાબીટિઝનો રોગ રાતોરાત નથી થતો અને એને થતાં સામાન્ય રીતે વર્ષો જાય છે. આ રોગ થવાનું એક મુખ્ય કારણ વારસાગત છે. પરંતુ આ ઉપરાંત જીવનશૈલી, ખોરાક, વ્યાયામ તેમજ મેદસ્વી પણું પણ આ રોગને નિમંત્રે છે. એક સામાન્ય કહેવાત અનુસાર માનવી ઉપર કામના બોજ કરતાં ચિંતાનો બોજ વધુ ખરાબ અસર કરે છે. શોક, ચિંતા અને ઉપાધીથી આ રોગનું જોખમ વધે છે, રોગની તિવ્રતા વધે છે. ખોરાક અને ડાયાબિટીઝનો રોગ હંમેશા ગાઢ રીતે સંકળાયેલા રહ્યા છે. બ્લડ શુગર અને ઈન્સ્યુલિન ઉપર માનવીના ખોરાકનો ભારે પ્રભાવ પડે છે અને આમ ખોરાક ડાયાબીટિઝના રોગને લાગુ પાડવામાં, એને વધારવામાં અને એનું નિયંત્રણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આજે વિશ્વમાં અંદાજે ૧૫ કરોડ લોકો આ રોગથી પીડાતા હોવાનો અંદાજ છે. આ રોગીઓની સંખ્યા ૨૦૨૫ સુધીમાં બેવડાવાની ધારણા છે અને એમાં વધુમાં વધુ કેસ ભારત અને ચીનમાં નોંધાવાનો ડર છે. વિશ્વભરમાં ટાઈપ-ટુ પ્રકારના ડાયાબીટિઝનું પ્રમાણ વધ્યું છે. પરંતુ એમાં પણ ઔદ્યોગિક સંક્રાંતિકાળમાંથી પસાર થતા સમાજોમાં,ખાસ કરીને ઔદ્યોગિક વિશ્વ અને વિકસતા દેશોમાં એના પ્રમાણમાં વિશેષ વધારો નોંધાયો છે. ટાઈપ-ટુ પ્રકારના ડાયાબીટિઝનાં મૂળમાં જીનેટિક તથા પર્યાવરણીય પરિબળો વચ્ચેનું આદાનપ્રદાન રહેલું છે.

હકીકતમાં પર્યાવરણીય પરિબળો આ રોગના પ્રમાણમાં થઈ રહેલા વૈશ્વિક વધારાને નિયંત્રીત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. જે સમાજમાં ખોરાકના પ્રકારમાં મોટા ફેરફાર થયા છે, શારીરિક પ્રવૃત્તિ ઘટી છે, માનવીનાં વજન અને મેદમાં વધારો થયો છે એમાં ડાયાબીટિઝ રોગનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં વધ્યું છે. રોજીંદા ખોરાકમાં માખણ, ઘી વનસ્પતિ ઘી જેવાં ચરબીજન્ય પદાર્થોનું પ્રમાણ તથા જન્કફૂડ નો વપરાશ વધવાથી તથા શાકભાજી અને ફળોનું પ્રમાણ ઘટવાથી આ રોગને છૂટો દોર મળે છે.

**ખોરાકની મહત્વની ભૂમિકા**

આ રોગની સમસ્યાના ઉકેલમાં તંદુરસ્ત જીવનશૈલીમાં ખોરાકની ભૂમિકા ઘણી મહત્વની છે. હવે તો વિકસીત દેશોમાં પણ વધુ ને વધુ લોકો એ સમજતા થયા છે કે આરોગ્યની તમામ સમસ્યાઓ, ખાસ કરીને જીવનશૈલી સાથે સંકળાયેલા ડાયાબીટિઝ જેવા રોગના પ્રશ્નો માત્ર આધુનિક ઉપચાર પદ્ધતિ-દવાદારૂ થી ઉકેલી શકાય એમ નથી. આ સંદર્ભમાં વર્તમાન સમયની આ સમસ્યાઓ હલ કરવામાં પરંપરાગત આરોગ્ય સંભાળમાં રહેતા વૈજ્ઞાનિક બોધપાઠનો ઉપયોગ કરી શકાય એમ છે. છેક ઈસ્વીસન પૂર્વ ૧૫૫૦ વિખ્યાત એબર્સ પેપીરસે રેસાનું ઉંચું પ્રમાણ ધરાવતા ઘઉંના દાણાથી ડાયાબીટિઝની સારવાર કરવાની સલાહ આપી હતી, આ રોગના ઉપચાર માટે

*(અનુસંધાન પાનાનં ૪૬ ઉપર)*

# તાર્કિક પ્રશ્નોત્તરી

વૈભવી શાહ

(૧) એક ટ્રેન ૧૨૦ કિ.મી/કલાકની સરેરાશ ઝડપથી મુસાફરી કરી રહેલ છે. તે દર ૮૦ કિ.મી પછી ૪ મિનિટનો વિરામ લે છે તો આ ટ્રેન શરૂઆતના સ્ટેશનથી ૯૬૦ કિ.મી. દૂર પહોંચતા કેટલો સમય લેશે ?

(એ) ૮ કલાક

(બી) ૯ કલાક ૩૦ મિનિટ

(સી) ૭ કલાક ૩૫ મિનિટ

(ડી) ૭ કલાક

(૨) એક માણસ એક પોઈન્ટથી ચાલવાનું શરૂ કરે છે તે ૩ કિ.મી. ઉત્તરમાં આગળ જાય છે પછી તે પશ્ચિમ ઉત્તર દિશા તરફ વળી ૧ કિ.મી. આગળ જઈ પૂર્વ દિશા તરફ વળી ૫ કિ.મી આગળ જાય છે, તો તે શરૂઆતના પોઈન્ટથી કેટલા કિ.મી. દૂર હશે ?

(એ) ૧૧ કિ.મી.

(બી) ૫ કિ.મી.

(સી) ૧૦ કિ.મી.

(ડી) ૮ કિ.મી

(૩) જો ટાંકીનો ૩/૧૬ ભાગ ૧૫ મિનિટમાં ભરાતો હોય તો બાકીનો ભાગ કેટલી મિનિટમાં ભરાશે

(એ) ૫૫ મિનિટ

(બી) ૬૦ મિનિટ

(સી) ૬૫ મિનિટ

(ડી) ૭૦ મિનિટ

(૪) ૬ કામદારોની માસિક આવક ૫૦૦૦ રૂા. છે ૨ કામદારોની માસિક આવક ૪,૦૦૦ રૂા. અને ૪૨૦૦ રૂા. હતી તેઓની બદલી થયેલ છે તો બાકીના ૪ કામદારોની સરેરાશ આવક કેટલી થશે ?

(એ) ૫૧૦૦ રૂા.

(બી) ૫૩૦૦ રૂા.

(સી) ૫૪૦૦રૂા.

(ડી) ૫૫૦૦ રૂા.

(૫) એક પરીક્ષામાં કુલ વિદ્યાર્થીઓના ૩૫ % વિદ્યાર્થીઓ હિન્દીમાં, ૪૫% વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં અને ૨૦ % બંને વિષયમાં નાપાસ છે તો કેટલા ટકા વિદ્યાર્થીઓ બંને વિષય હિન્દી અને અંગ્રેજીમાં પાસ હશે ?

(એ) ૨૦

(બી) ૧૦

(સી) ૩૦

(ડી) ૪૦

(૬) એક કલાસમાં ૧૦ વિદ્યાર્થીઓની સરેરાશ ઊંચાઇ ૧૦૫ સે.મી. છે જો ૨૦ વિદ્યાર્થીઓને આ કલાસમાં ૧૨૦ સે.મીની સરેરાશ ઊંચાઇ સાથે જોડવામાં આવે તો કુલ વિદ્યાર્થીઓની સરેરાશ ઊંચાઇ કેટલી થશે ?

(એ) ૧૦૫ સે.મી

(બી) ૧૧૦ સે.મી

(સી) ૧૧૨ સે.મી.

(ડી) ૧૧૫ સે.મી.

(૭) એક બિઝનેસમેન ૧૯૬૦, ૧૯૬૫ અને ૧૯૭૦ ના વર્ષના અંતમાં દરેક વખતે ૫,૦૦૦ રૂા. નું રોકાણ કરે છે. તેની કુલ રકમ દર પાંચ વર્ષે બમણી થતી હતી જો તેને પોતાનો બિઝનેસ ૧૯૬૦ ના વર્ષમં ૫,૦૦૦ રૂા. સાથે શરૂ કર્યો હોય તો ૧૯૮૦ ના વર્ષમાં તેની રકમ કેટલી થશે

(એ) ૭૦,૦૦૦

(બી) ૧,૪૦૦૦૦

(સી) ૨,૪૦૦૦૦

(ડી) ૨,૮૦,૦૦૦

(૮) નીચેનામાંથી કયું લીપ વર્ષ નથી.

(એ) ૨૦૦૦

(બી) ૧૨૦૦

(સી) ૧૬૦૦

(ડી) ૭૦૦

(લેખિકા સંતકબીર સ્કૂલ, અમદાવાદમાં લાયબ્રેરીયન છે.)

## જવાબો

(૧) કુલ મુસાફરી = 960 કિ.મી અને દર 80 કિ.મી પછી 4 મિનિટનો વિરામ

તેથી.. 11 સ્ટેશને તે વિરામ લેશે 4 મિનિટનો. શરૂઆતના સ્ટેશનથી છેલ્લા સ્ટેશન સુધી.

તેથી.. કુલ સમય = મુસાફરીનો સમય + વિરામનો સમય

= 960/ 120 કલાક + (11 X 4) મિનિટ

= 8 કલાક + 44 મિનિટ

જવાબ : 8 કલાક 44 મિનિટ

(૨)




અહીં OAD જોવામાં આવે તો ત્રિકોણ બને છે અને આપણે અંતર OD શોધવાનું છે.

તેથી.. પાયથાગોરસના નિયમ પ્રમાણે

$(OD)2 = (OA)^2 + (AD)^2$

$= (3+1)^2 + (5-2)^2$

$= (4)^2 + (3)^2$

$= 16 + 9$

$(OD)^2 = 25$

OD = 5 કિ.મી દૂર હશે.

(૩) ટાંકીનો 3/16 ભાગ પાણીથી ભરેલો છે. તો બાકીનો ભાગ

= 1 - 3/16

= 16-3/16 = 13/16

હવે ટાંકીનો ૩/૧૬ ભાગ ૧૫ મિનિટમાં ભરાય છે તો ટાંકીનો ૧૩/૧૬ ભાગ (?) મિનિટમાં ભરાશે

$\frac{13 \times 15}{16 \times 3/16}$ તેથી $\frac{13x15x16}{16x3}$

જવાબ : 65 મિનિટ

(૪) 6 કામદારોની કુલ આવક=6x5000= 30,000રૂા.,

2 કામદારોની આવક = 4000+4,200 = 8,200રૂા. જેમની બદલી થયેલ છે.

તેથી.. 4 કામદારોની કુલ આવક થશે= 30000+8,200 રૂા.

= 21,800 રૂા.

તેથી.. 4 કામદારોની સરેરાશ આવક = $\frac{21800}{4}$

જવાબ : 5,450 રૂા.

(૫) ધારો કે કુલ 100 વિદ્યાર્થીઓ પરીક્ષામાં છે.

તેથી.. હિન્દીમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા =35

અંગ્રેજીમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા=45

અને બંને વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા=20

હવે, ફક્ત હિન્દીમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા = 35 - 20 =15

ફક્ત અંગ્રેજીમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા = 45 - 20 = 25

કુલ નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા = 15 + 25 +20 =60

કુલ પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા = 100-60= 40

પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી = 40 %

(૬) ૧૦ વિદ્યાર્થીઓની કુલ ઊંચાઇ =

10 x 105 = 1050 સેમી

હવે, ૨૦ વિદ્યાર્થીઓની કુલ ઊંચાઇ = 20 x 120 = 2400સેમી

૩૦ વિદ્યાર્થીઓની કુલ ઉંચાઇ = 1050 x 2400 = 3450સેમી

કુલ વિદ્યાર્થીઓની સરેરાશ ઊંચાઇ = $\frac{3450}{30}$ સે.મી

જવાબ : 115 સે.મી

*(અનુસંધાન પાનાનં ૨૪ ઉપર)*

## અમારા આગામી આકર્ષણો.....

વાંચક મિત્રો, આપ સહુ જાણો છો તેમ 'યોજના' દર મહિને ખાસ વિષય પસંદ કરીને એ વિષય સંબંધિક વિશ્લેષણાત્મક, માહિતીપ્રદ અને સંશોધનાત્મક લેખો પ્રકાશિત કરે છે. આગામી મહિનાઓમાં પણ એ જ રીતે વિવિધ વિષયોને આવરી લેવાનો પ્રયાસ કરીશું.

| | | |
|---|---|---|
| **મે** | ૨૦૦૮ | **બાળ મજૂરી** |
| **જૂન** | ૨૦૦૮ | **અન્નઅધિકાર** |
| **જૂલાઈ** | ૨૦૦૮ | **જઠરાગ્નિ** |
| **ઓગસ્ટ** | ૨૦૦૮ | **રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અમલીકરણ** |
| **સપ્ટેમ્બર** | ૨૦૦૮ | **હવામાન બદલાવ** |

## લેખકોને નિવેદન

- લેખની સાથે લેખકે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર અવશ્ય લખવો.
- ટાઈપ કરેલાં લેખો આવકાર્ય છે, જો એમ ન હોય તો લેખ સુવાચ્ય, મોટાં અક્ષરોમાં પાનાની એક બાજુ લખીને મોકલવા. લેખની સીડી અને ઇ-મેઈલ દ્વારા પણ મોકલી શકાશે. લેખ વિન્ડોઝ-૯૮, ભાષા ભારતી દ્વારા કંપોઝ કરેલ હોય તો આવકાર્ય છે. તસ્વીરો, આલેખો, નકશા વગેરે પણ મોકલી શકાશે.
- સંશોધનાત્મક, માહિતીસભર અને વિશ્લેષણાત્મક લેખો આવકાર્ય છે.
- લેખના પ્રકાશન અંગે લેખકોએ કાર્યાલયનો સંપર્ક ન કરવા વિનંતી. લેખની મૂળ નકલ સાચવી રાખવી. ન છાપાયેલ લેખને પરત મોકલવામાં આવતો નથી.
- બે લેખકોએ મળીને લેખ તૈયાર કર્યો હોય તો પણ કોઈ એક લેખકનું જ નામ લખવું.